# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 67 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 March 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૧ માર્ચ ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૧૧ ૧૨ ૧૩ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# પ્રીમિયમ પેટ્રોલ, ઈન્ડસ્ટ્રિયલ ડીઝલમાં ભાવવધારો


SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


નવી દિલ્હી: અખાતના દેશોમાં પ્રવર્તી રહેલી પરિસ્થિતિને કારણે વૈશ્વિક સ્તરે નિર્માણ પામેલી તણાવપૂર્ણ સ્થિતિને પગલે દેશની તેલ કંપનીઓ દ્વારા ૨૦મી માર્ચથી અમલી બને તે રીતે પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં પ્રતિલિટર રૂ. ૨.૦૦થી રૂ. ૨.૩૦ સુધીનો તો ઈન્ડસ્ટ્રિયલ ડીઝલના ભાવમાં પ્રતિલિટર બાવીસ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

પ્રીમિયમ ૯૫ ઓક્ટેન પેટ્રોલના ભાવ દિલ્હીમાં અગાઉના રૂ. ૯૯.૮૯ પ્રતિલિટરથી વધીને રૂ. ૧૦૧.૮૯ તો ઈન્ડસ્ટ્રિયલ ડીઝલના ભાવ અગાઉના રૂ. ૮૭.૬૭ પ્રતિલિટરથી વધીને રૂ. ૧૦૯.૫૯ થઈ ગયા છે. ડીલરોના (જુઓ પાનું ૨) ▶▶


ખાડીનો માર્ગ ખુલ્લો કરવા માટે
ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ
આજે જ રાત્રે લો, સવારે OK!
ડૉ. અભિજીત 9422011723


# ડૉલર સામે રૂપિયો ૬૪ પૈસા ગબડીને ઐતિહાસિક તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડતેલના ભાવમાં વધારો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના બંધ સામે ૬૪ પૈસા ગબડીને ૯૩.૫૩ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ભાવમાં એકતરફી તેજી રહેવાથી ફુગાવામાં થનારા અપેક્ષિત વધારાને ધ્યાનમાં લેતા રૂપિયો ભારે દબાણ હેઠળ આવી રહ્યો છે. ગઈકાલે ગુડી પડવા (જુઓ પાનું ૨) ▶▶

# વર્સોવા-ભાયંદર રોડને સુપ્રીમ કોર્ટની મંજૂરી

નવી દિલ્હી: ઉત્તર મુંબઈના વર્સોવા-ભાયંદર રોડ પ્રોજેક્ટ માટે ૪૫,૦૦૦ મેનગ્રુવ્સ દૂર કરવાની બૃહદ મુંબઈ કોર્પોરેશન (બીએમસી)ની પરવાનગી સંબંધિત બૉમ્બે હાઈ કોર્ટે આપેલા આદેશમાં દખલગીરી કરવાનું સુપ્રીમ કોર્ટે શુક્રવારે નકારી કાઢ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી ત્રણ ન્યાયાધીશની ખંડપીઠે કહ્યું હતું કે પ્રસ્તાવિત રોડ પ્રોજેક્ટ સામાન્ય જનતા માટે મહત્ત્વનો અને લાભકારી પુરવાર થશે તેમ જ આ રોડને કારણે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરનો ટ્રાફિક ઘટશે. પ્રોજેક્ટને કારણે મેનગ્રુવ્સના થનારા (જુઓ પાનું ૨) ▶▶


સોઢા પરિવાર દ્વારા સંચાલિત અંજળ અને અવસર®
સોઢા પરિવાર દ્વારા સંચાલિત
અંજળ અને અવસર
નિઃશુલ્ક લગ્ન વિષયક માહિતી કેન્દ્ર
સમગ્ર ભારતના ૧૯૮૫ Onwards હાઈલી પ્રોફેશનલી ક્વોલિફાઈડ ગુજરાતી કુંવારા યુવક-યુવતીઓ માટે
અખિલ ભારત લગ્નોત્સુક યુવા પરિચય મિલન
તા. ૧૯-૪-૨૦૨૬ રવિવારના રોજ
સમય સવારે ૮.૩૦થી સાંજે ૬.૦૦
સ્થળ: જલારામ હોલ, જુહુ સ્કીમ, વિલે પાર્લે વેસ્ટ, મુંબઈ
નોંધણીની અંતિમ તારીખ:૧૩-૪-૨૦૨૬

આપ સૌના માનીતા અને જાણીતા લોકપ્રિય ડૉ. નિમિત ઓઝા, યુરોલોજીસ્ટ, લેખક અને પ્રખર વક્તા લગ્નોત્સુક યુવક યુવતીઓને માર્ગદર્શન આપશે.



સંસ્થાને આર્થિક યોગદાન માટે આભાર
- શ્રી યોગેશભાઈ ચંદારાણા (Utsav caterares)
- શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા (Choice Group-vashi)
- શ્રી જયેશભાઈ પારેખ (Vamas Fashion)
- શ્રી મનોજભાઈ લાખાણી (Alka Publiations)

સંસ્થાને સાથ માટે આભાર:
- શ્રી સતીશભાઈ વીઠલાણી: માનનીય પ્રમુખ શ્રી લોહાણા મહાપરીષદ લગ્ન વિષયક બાબતોને અગ્રતાક્રમ આપવા બદ્દલ
- શ્રી સુરેશભાઈ મુછાળા (Mob : 93242 50850) સમદર્શન સેવા પરિવાર સાંતાક્રુઝ, પરિચય મિલનોમાં સાથ આપવા બદ્દલ

સંસ્થા સંપર્ક: ઓફીસ : ૧૦૭-પ્રભાત રેસીડેન્સી, સાઉથ બ્લોક ૧૧મો રોડ, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ ૪૦૦૦૫૫.
સંપર્ક સમય: સોમ થી શુક્ર, સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન જ (ટેલિફોનીક)

સંપર્ક : રજીસ્ટ્રેશન સમય સવારે ૧૦ થી ૫
- શ્રી જયેન્દ્ર સોઢા 91373 95298
- શ્રી અશોકભાઈ ઠક્કર 98690 33993 (અશોક બુક સેન્ટર)
- શ્રીમતી આશાબેન પંચમતીયા 99207 03327

સંચાલિકા: શ્રીમતી ગ્રીષ્મા રેલિયા ઠક્કર

યુવા પરિચય મિલન આયોજન
સંસ્થાના પ્રણેતા
પિતાશ્રી સ્વ. રતિલાલ સોઢા
માતુશ્રી સ્વ. કાંતાબેન સોઢા
સંસ્થા સંચાલક
C.A. શ્રી અંબરીશ રતિલાલ સોઢા
શ્રી જયેન્દ્ર રતિલાલ સોઢા
સંસ્થા પ્રેરણા સ્ત્રોત :
સ્વ. શ્રી વિનોદભાઈ ભીમજીયાણીના અંતરિક્ષ આશીશ સાથે

યુવા પરિચય મિલનની વિશેષ જરૂરી વિગતો
- આ "પરિચય મિલન" અમારા "અંજળ અને અવસર" સંસ્થામાં નોંધાયેલા કુંવારા સભ્યો તથા અન્ય લગ્નોત્સુક કુંવારા યુવક-યુવતીઓ પણ ભાગ લઈ શકે છે પરંતુ તેમણે પહેલાં સંસ્થામાં નિઃશુલ્ક સભ્યપદ અમારી વેબસાઈટ ઉપર www.anjalavsar.com નોંધાવવું ફરજિયાત છે. મીઠી જીભ તૂટેલ તેમજ સગાઈ મૂકેલ યુવક-યુવતીઓ પણ ભાગ લઈ શકે છે
- નોંધણી "વહેલો-તે-પહેલો" (૧૦૦ યુવકો અને ૧૦૦ યુવતીઓ)ના ધોરણે ઓનલાઈન જ કરવામાં આવશે. જેનો આખરી નિર્ણય "અંજળ અને અવસર" સંસ્થાનો રહેશે જે સૌને માટે બંધનકર્તા રહેશે.
- "પરિચય મિલન"માં ભાગ લેવા નોંધાયેલ ઉમેદવારોની પ્રત્યક્ષ ઉપસ્થિતિ અનિવાર્ય છે. તેમના માતા-પિતા કે વડીલોને બપોરના ૪.૩૦ વાગ્યા પછી જ પ્રવેશની પરવાનગી છે.
- દરેક ઉમેદવારે નોંધણી માટે રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા-નોન રિફંડેબલ) ઓનલાઈન બૅંક દ્વારા ભરવાના રહેશે.
- Saraswat Co.op. Bank
  Saving A/c. No. 410203100003202
  IFSC Code: SRCB0000410
  Beneficiary: Jayendra Sodha
- નોંધણી કરેલ ઉમેદવારોએ 9137395298 પર નામ અને profile id no સાથે payment સ્ક્રિનશોટ મોકલવાનો રહેશે, તથા વેબસાઈટમા Event માટે રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી છે.
- પરિચય મિલનમાં ઉમેદવારો માટે નાસ્તા-જમવાનું તથા હાઈ-ટી તથા માતા-પિતા અને વડીલો માટે હાઈ-ટીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- વેલેટ પાર્કિંગની સગવડતા ઉપલબ્ધ છે.



SIILC Transforming Human Capital | सस्नेह निमंत्रण | APGLOBALE

'शक्तीविना भक्ती निष्क्रिय, भक्तीविना शक्ती विनाशक' ही विचारधारा जनमानसात रुजवूया !

भक्ती शक्ती व्यासपीठ | श्रीगुरु पादुका दर्शन उत्सव

सादर करीत आहे

भक्तीचा महाकुंभ... चला जाऊया दर्शनाला... वरळी, मुंबईला!

संत पादुका



संत ज्ञानेश्वर (नेवासा, अहिल्यानगर) | संत मुक्ताई (मुक्ताईनगर, जळगाव) | संत नामदेव (घुमान, पंजाब) | संत जनाबाई (गंगाखेड, परभणी) | संत नरहरी सोनार (पंढरपूर)
संत सेना महाराज (पंढरपूर) | संत सावता माळी (अरण, सोलापूर) | संत एकनाथ (पैठण) | संत तुकाराम (भंडारा डोंगर, पुणे) | संत निळोबाराय (पिंपळनेर, अहिल्यानगर)

सद्गुरूंच्या मूळ पादुका




महाअवतार बाबाजी (सौजन्य-श्री एम) | श्री स्वामी समर्थ (अक्कलकोट) | श्री साईबाबा (शिर्डी) (निमोण, अहिल्यानगर) | गजानन महाराज (शेगांव) (जयपूर, बुलढाणा) | समर्थ रामदास स्वामी (सज्जनगड, सातारा)
संत जलाराम बाप्पा (चौटीला, गुजरात) | टेंब्ये स्वामी महाराज (वासुदेव निवास, पुणे) | गोंदवलेकर महाराज (बँगलोर, कर्नाटक) | शंकर महाराज (अंतापूर, नाशिक) | गजानन महाराज (शिवपुरी, सोलापूर) | श्रीगुरु डॉ. बालाजी तांबे (कार्ला, पुणे)

शनिवार २१ व रविवार २२ मार्च २०२६
NSCI DOME,
नेहरू तारांगण जवळ, वरळी, मुंबई
सकाळी १० ते रात्रौ ९ वाजेपर्यंत


नोंदणीसाठी QR कोड स्कॅन करा.
विनामूल्य प्रवेश

उद्घाटन सोहळा आणि व्याख्यान - शनिवार २१ मार्च २०२६ । स. १० वा.

व्याख्यान
स्वामी स्वरूपानंद
आंतरराष्ट्रीय प्रमुख
चिन्मय मिशन



विशेष उपस्थिती आणि प्रबोधन
श्री एम
अध्यात्मिक गुरु
पद्मभूषण पुरस्काराने सन्मानित समाजसुधारक



મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈરાન મરો, આરબો મરો પણ અમેરિકાનું તરભાણું ભરો

**ગુજરાતીમાં** કહેવત છે કે, વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો. દુનિયામાં અત્યારે એવી જ સ્થિતિ છે. ઈરાન અને ઈઝરાયલ સામસામે ભિડાઈ ગયાં છે તેમાં ઈરાનનાં લોકો મરી રહ્યાં છે. ઈરાન અમેરિકા સામેનો ખાર સાઉદી અરેબિયા, કતાર, યુએઈ વગેરે આરબ દેશો પર કાઢી રહ્યું છે તેથી આરબોનો પણ કચ્ચરઘાણ નીકળી રહ્યો છે ત્યારે અમેરિકા મસ્ત મજાનો ધંધો કરીને રોકડી કરી રહ્યું છે.

અમેરિકાએ ગયા અઠવાડિયે જ ઈરાનના હુમલાના ખતરાનો સામનો કરી રહેલા યુએઈ, કુવૈત અને જોર્ડનને ૧૬.૫ અબજ ડૉલરનાં શસ્ત્રો વેચ્યાં હતાં. હવે ડોનલ્ડ ટ્રમ્પે યુએઈને બીજાં ૭ અબજ ડૉલરનાં શસ્ત્રો ધાબડી દેવાનું નક્કી કરતાં અઠવાડિયામાં જ અમેરિકાને ૨૩.૫ અબજ ડૉલરની કમાણી થઈ ગઈ છે. આ વેપલા મારફતે અમેરિકા યુએઈને એર-ડીફેન્સ સિસ્ટમ આપશે.

અમેરિકા રડાર ગીયર અને બીજી અત્યાધુનિક સિસ્ટમ્સ પણ આપશે કે જેથી ઈરાનના મિસાઈલ હુમલા સામે પોતાના ક્રુડ ઓઈલના ભંડારોનું રક્ષણ કરી શકાય. અમેરિકા યુએઈને ૫.૬ અબજ ડૉલરનાં પેટ્રિયટ પીએસી-૩ મિસાઈલ તથા સીએચ-૪૭ ચિનુક હેલિકૉપ્ટર્સ પણ આપવાનું છે. તેનો મતલબ એ થયો કે, અમેરિકા યુએઈને પણ આ યુદ્ધમાં જોડાઈને ઈરાન પર હુમલા કરવા માટે તૈયાર કરી રહ્યું છે. અમેરિકા દુનિયાના દેશોને કેટલાં શસ્ત્રો વેચે છે તેની વિગતો જાહેર કરતું નથી તેથી આ સોદાની વિગતો પણ જાહેર નહોતી કરી પણ મીડિયામાં પેપર ફૂટી ગયું તેમાં વિગતો બહાર આવી ગઈ.

આ શસ્ત્ર સોદો અમેરિકાનો અસલી ચહેરો છતો કરે છે. અમેરિકાએ ઈરાન પરમાણુ સત્તા બની જાય તો દુનિયા પર ખતરો વધશે એવો ડર બતાવીને ઈરાન પર હુમલો કર્યો છે પણ તેનો અસલી ઈરાદો યુદ્ધ કરાવીને શસ્ત્રો વેચવાનો છે એ સ્પષ્ટ થઈ ગયું છે. પોતે ઈરાન પર હુમલો કરશે એટલે ઈરાન પોતાના સાથી દેશો પર હુમલા કરશે તેની અમેરિકાને ખબર હતી જ. ઈરાનના હુમલાના કારણે સાથી દેશો ફફડીને પગ પકડતા પોતાની પાસે આવશે ને અમેરિકાનો માલ વેચાશે તેની પણ ડોનલ્ડ ટ્રમ્પને ખબર હતી જ. અત્યારે એવું જ થઈ રહ્યું છે ને ડોનલ્ડ ટ્રમ્પની સ્ક્રિપ્ટ પ્રમાણે બધું ચાલી રહ્યું છે તેથી અમેરિકાના બેઉ હાથમાં લાડુ છે.

અક્કલના ઓથમીર આરબ દેશોને આ યુદ્ધના કારણે તેમને લાંબા ગાળે કેવું નુકસાન થશે તેનો તો અંદાજ જ નથી. આરબ દેશોની ગણના કટ્ટરવાદી મુસ્લિમ દેશોમાં થતી પણ છેલ્લાં કેટલાંક વરસોથી આરબ દેશો આ છાપ બદલવામાં સફળ થયા છે. તેની શરૂઆત યુએઈએ કરી ને હવે સાઉદી સહિતના બધા દેશો એ રસ્તે ચાલી રહ્યા છે. વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ને લક્ઝુરીયસ સવલતો દ્વારા યુએઈ સહિતના દેશો મોટા પ્રમાણમાં વિદેશી રોકાણકારોને આકર્ષી રહ્યા છે.

આરબ દેશોમાં સમૃદ્ધિ ભારે છે ને કાયદા આકરા છે તેથી ગુનાખોરી પણ સાવ ઓછી છે. આ કારણે પહેલાં દુનિયાભરના ધનિકો દુબઈમાં પ્રોપર્ટી ખરીદીને રહેવા લાગ્યા ને પછી અપર મિડલ ક્લાસ પણ મોટા પ્રમાણમાં પ્રોપર્ટી ખરીદી રહ્યો હતો. આ ખરીદીના કારણે દુબઈ વિશ્વમાં હોટેસ્ટ પ્રોપર્ટી હબ બની ગયું છે. દુબઈની વધતી સમૃદ્ધિ જોઈને સાઉદી સહિતના દેશો પણ એ જ રસ્તે વળ્યા છે અને ધનિકોને પસંદ પડે એ પ્રકારનું વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યું છે. સાઉદી તો પોતે એક આખું નવું શહેર જ વિકસાવી રહ્યું છે કે જ્યાં દુનિયાભરના ફાયનાન્સિયલ નિષ્ણાતો આવીને રહી શકે. સાઉદીના પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન તો સાઉદીને વર્લ્ડમાં સૌથી જોરદાર સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું ડેસ્ટિનેશન પણ બનાવવા માગે છે.

આ સપનું સાકાર કરવામાં હવે પંક્ચર પડી ગયું છે કેમ કે ઈરાનના હુમલાને કારણે સાઉદી અરેબિયા અને દુબઈ સહિતના આરબ દેશો સલામત નથી એવી છાપ પડી ગઈ છે તેથી લોકો ત્યાંથી ભાગી રહ્યા છે. જાન હૈ તો જહાંન હૈ એમ સમજીને લોકો બધું મૂકીને પોતપોતાનાં દેશોમાં પાછા ફરી રહ્યા છે. દુબઈ સહિતના સ્થળોએથી વિમાની સેવા પણ અનિયમિત થઈ રહી છે તેથી ફફડાટ વધી રહ્યો છે.

યુદ્ધ કેટલું લાંબું ચાલશે એ ખબર નથી પણ તેના કારણે આરબ દેશોની ઈમેજ સાવ બગડી ગઈ. તેના કારણે ભવિષ્યમાં નવા રોકાણકારો આવતાં ગભરાશે. જે રોકાણકારો રોકાણ કરીને બેસી ગયા છે એ ભેરવાઈ ગયા છે એવું અનુભવશે તેથી બહાર નીકળવા માટે જે ભાવ મળે એ ભાવે પ્રોપર્ટીઓ કાઢશે તેમાં પ્રોપર્ટી માર્કેટ પણ બેસી જશે.

યુએઈ અને સાઉદી બંને પોતાના અર્થતંત્રને ક્રૂડ ઓઈલ આધારિત રહેવા દેવા નથી માગતા તેથી આ બધી મણાતમણ કરતા હતા પણ અમેરિકાએ ઈરાન પર આક્રમણ કરીને આ બધી મથામણ પર પાણી ફેરવી દીધું છે.

અમેરિકા કશું સ્વાર્થ વિના કરતું નથી તેથી આરબ દેશોની ઈમેજના ધોવાણ પાછળ પણ અમેરિકાની ગણતરી છે જ. દુબઈ સહિતના આરબ દેશોમાં રોકાણ કરનારા મોટા ભાગના એવા દેશ છે કે જ્યાં આર્થિક રીતે લોકોને ભાવિ ઉજજવળ નથી લાગતું ને આર્થિક સલામતી ફીલ નથી થતી. ભારત અને ચીન પણ આ કેટેગરીના દેશો છે તેથી આ બંને દેશનાં લોકો પણ મોટા પ્રમાણમાં દુબઈ, સાઉદીમાં રોકાણ કરીને બેઠા છે. હવે આ બધા કઈ તરફ વળવાના ? અમેરિકા તરફ વળવાના. યુરોપના દેશો પણ વિકલ્પ છે પણ યુરોપમાં બીજા દેશોનાં લોકો માટેની એન્ટ્રી માટેના નિયમ બહુ આકરા છે ને કમાણીના ચાન્સ પણ અમેરિકા જેવા નથી તેથી બધા અમેરિકા તરફ જ વળે.

સુન્ની આરબ દેશો શિયાઓ તરફની નફરતમાં એટલા આંધળા છે કે તેમને આ વાત સમજાતી નથી. એ લોકો અમેરિકા અને ઈઝરાયલને ઈરાન પર હુમલા કરવા માટે ઉશ્કેરીને પોતાના જ પગ પર કુહાડો મારી રહ્યા છે. તેમને એમ છે કે, અમેરિકા ઈરાનને મસળી નાખીને ત્યાં પણ સુન્નીઓને સત્તા સોંપી દેશે પછી આખી દુનિયાના શિયાઓએ પોતાના પગ પકડીને જીવવું પડશે પણ અમેરિકાને ઈરાનને સંપૂર્ણ મસળી નાખવા કરતાં વધારે રસ પોતાનાં હિતો સાચવવામાં છે તેથી આ યુદ્ધ પતવાનું નથી ને ઈરાનમાં કદી સુન્નીઓની સત્તા આવવાની નથી.

આરબ નેતાઓમાં સમજદારીનો છાંટો પણ હોય તો તેમણે અમેરિકાની ચાલ સમજીને યુદ્ધથી પોતાને અલિપ્ત કરી દેવાની જરૂર છે. ટ્રમ્પ યુરોપના દેશોને યુદ્ધમાં સામેલ કરીને યુદ્ધને ઉગ્ર બનાવવા માગતા હતા કે જેથી અમેરિકાનાં શસ્ત્રોનો ધંધો ધિકતો થાય પણ નાટોના અમેરિકાના સાથી દેશો શાણપણ બતાવીને ઘસીને ના પાડી દીધી. આરબ દેશોએ પણ આ શાણપણ બતાવીને અમેરિકાથી દૂર થવાની જરૂર છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૨૧-૩-૨૦૨૬, જમશેદ નવરોઝ, મત્સ્ય જયંતી

- ભારતીય દિનાંક 30, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ -૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩જો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રે ક. ૨૪-૩૭ સુધી, પછી ભરણી.
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૩૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૩ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૦૭-૦૮, રાત્રે ક. ૧૯-૩૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – તૃતીયા. મત્સ્ય જયંતી, મુસ્લિમ ૧૦મો શવ્વાલ માસારંભ, મન્વાદિ, જમશેદ નવરોઝ, ગૌરી તૃતીયા, ગણગૌર (રાજસ્થાન), આંદોલન તૃતીયા, મનોરથ તૃતીયા, સારહુલ (બિહાર), અરુંધતી વ્રત.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, તર્પણ શ્રાદ્ધ, કેતુપૂજન, નિત્ય થતાં દુકાન-વેપારના કામકાજ, માલ લેવો, સર્વશાંતિ પૂજા.
- આચમનઃ મંગળ-ગુરુ ત્રિકોણ ઉત્સાહી, ઉદાર
- ખગોળ જ્યોતિષઃ મંગળ-ગુરુ ત્રિકોણ (તા. ૨૨)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપીશું: અફઘાનિસ્તાન

કાબુલઃ તાલિબાનના સર્વોચ્ચ નેતા હિબતુલ્લાહ અખુંદઝાદાએ કંદહારની ઈદગાહ મસ્જિદમાં ઈદ-અલ-ફિત્રની નમાઝ દરમિયાન વિશ્વ અને ખાસ કરીને તેના પડોશી દેશ પાકિસ્તાનને ચેતવણી આપી હતી. અખુંદઝાદાએ કહ્યું કે તેઓ હવાઇ હુમલા અને તોપખાનાના ગોળીબારથી ડરશે નહીં.

અખુંદઝાદાએ જણાવ્યું કે જે આંદોલને નાટો જેવી મહાશક્તિને પાછળ રાખી દીધી, તેને લશ્કરી તાકાતથી ઝુકાવી શકાય નહીં. હિબતુલ્લાહ અખુંદઝાદાએ પાકિસ્તાન સાથેના તણાવ અંગે કહ્યું કે તેઓ તોપખાનાના ગોળીબારથી ડરે તેમ નથી. આ પ્રકારના દબાણથી તેમના વલણમાં કોઇ ફેરફાર આવશે નહીં. તેમણે વધુમાં કહ્યું કે જો તેઓ સૈન્ય બળથી ભયભીત થયા હોત તો પશ્ચિમી શક્તિઓ સાથે યુદ્ધ દરમિયાન હારી ગયા હોત. અખુંદઝાદાએ સરકારની કામગીરીને લઇને લોકોની ચિંતાઓનો સ્વીકાર કરતાં કહ્યું કે લોકોને નેતૃત્વના નિર્ણયો પર સવાલ ઉઠાવવાનો સંપૂર્ણ અધિકાર છે. ઉપરાંત તેમણે માલનો સંગ્રહ કરનારા વેપારીઓની પણ આકરી ટીકા કરી હતી. તેમણે આ કામને અપરાધ ગણાવ્યું હતું. આ માટે જવાબદાર લોકોને સજા થવી જોઇએ એમ તેમણે કહ્યું હતું.

અત્રે નોંધનીય છે કે આ પહેલી વાર છે જ્યારે કોઇ તાલિબાન નેતાએ પાકિસ્તાન સાથેના વર્તમાન તણાવનો આ રીતે જાહેરમાં ઉલ્લેખ કર્યો છે. ભાગ્યે જ જાહેરમાં જોવા મળતા અખુંદઝાદાએ કંદહારની મસ્જિદની મિનાર પર ચઢી ઉપદેશ આપ્યો હતો.

તાજેતરમાં પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ફેબ્રુઆરીમાં પાકિસ્તાને આને ખુલ્લું યુદ્ધ જાહેર કરતાં હુમલાઓ તેજ કર્યા હતા. જ્યારે ૧૬ માર્ચના રોજ કાબુલમાં એક કથિત પાકિસ્તાની હવાઇ હુમલામાં સેંકડો લોકો માર્યા ત્યારે આ સંઘર્ષ વધુ વકર્યો હતો.

# જુગાર, સટ્ટાબાજીની 300 વેબસાઈટ્સ, એપ્લિકેશન્સ બ્લોક કરાઈ

નવી દિલ્હી : ગેરકાયદેસર જુગાર અને સટ્ટાબાજીની વેબસાઇટ્સ સામે મોટા પાયે કાર્યવાહીમાં સરકારે આવી ૩૦૦ વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સ બ્લોક કરી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે બ્લોક કરેલી સાઇટ્સ અને એપ્લિકેશન્સ ઓનલાઈન સ્પોર્ટ્સ સટ્ટાબાજી પ્લેટફોર્મ્સ સાથે સંબંધિત સ્લોટ, રૂલેટ, લાઈવ ડીલર ટેબલ ઓફર કરતા ઓનલાઈન કેસિનો; પી-ટુ-પી સટ્ટાબાજી બજારોની જેમ કાર્યરત સટ્ટાબાજી એક્સચેન્જ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સટ્ટા/મટકા જુગાર નેટવર્ક્સ અને રિયલ-મની કાર્ડ અને કેસિનો ગેમ એપ્લિકેશન્સ પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી.અત્યાર સુધીમાં આવી લગભગ ૮૪૦૦ વેબસાઇટ્સ બ્લોક કરવામાં આવી છે અને ઓનલાઈન ગેમિંગ એક્ટ પસાર થયા પછી મોટાભાગની (લગભગ ૪૯૦૦) વેબસાઇટ્સ બ્લોક કરવામાં આવી છે, તેવું સૂત્રોએ ઉમેર્યું હતું.

# સઉદીમાં હુમલામાં ભારતીયનું મોત

નવી દિલ્હીઃ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં ઈરાની હુમલામાં એક ભારતીય નાગરિકનું મૃત્યુ થયું છે. રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે આ દુઃખદ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. શુક્રવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં દૂતાવાસે જણાવ્યું હતું કે ૧૮ માર્ચે બનેલી ઘટનામાં એક ભારતીય નાગરિકના દુઃખદ મૃત્યુ પર ભારત સરકાર અને દૂતાવાસે ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

ભારતીય દૂતાવાસે તેના સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે તે આ બાબતે મૃતકના પરિવાર અને સ્થાનિક વહીવટીતંત્ર સાથે સંપર્કમાં છે. દૂતાવાસે ખાતરી આપી હતી કે શોકગ્રસ્ત પરિવારને તમામ શક્ય સહાય પૂરી પાડવામાં આવશે અને જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે. દૂતાવાસે એમ પણ કહ્યું હતું કે આ દુઃખદ ઘટના સંબંધિત તમામ જરૂરી પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.જેનાથી પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષમાં ભારતીયોના મૃત્યુની કુલ સંખ્યા છ થઈ ગઈ છે.

ભારતીય દૂતાવાસે 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું કે આ મામલે શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા માટે દૂતાવાસે મૃતકના પરિવાર અને સ્થાનિક અધિકારીઓ સાથે સંપર્કમાં છે. ઘટનાની જાણકારી ધરાવતા લોકોએ કહ્યું કે બુધવારે રિયાધ પર મિસાઇલ હુમલામાં ભારતીય નાગરિકનું મોત થયું હતું. તે સ્પષ્ટ નથી કે તે વ્યક્તિ સીધો હુમલાનો ભોગ બન્યો હતો કે પછી કાટમાળથી નીચે દબાઈ જવાથી તેનું મોત થયું હતું. રિયાધમાં ભારતીય દૂતાવાસે વધુ વિગતો આપ્યા વિના ભારતીયના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો.

નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન-અમેરિકા સંઘર્ષ ફાટી નીકળ્યા પછી જમીન પર આ ત્રીજા ભારતીયનું મૃત્યુ છે. ૧૩ માર્ચે ઓમાનના સોહર શહેરમાં ડ્રોન હુમલામાં બે ભારતીય નાગરિકો માર્યા ગયાં હતાં અને ૧૦ અન્ય ઘાયલ થયા હતા. અગાઉ વેપારી જહાજો પર થયેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા. છેલ્લા બે અઠવાડિયામાં ભારતે પશ્ચિમ એશિયામાં રહેતા ૧૦ મિલિયન ભારતીય નાગરિકોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેના રાજદ્વારી પ્રયાસો ઝડપી બનાવ્યા છે.

# નિરોગી નાગરિકોથી જ આત્મનિર્ભર ભારત શક્ય છેઃ રાષ્ટ્રપતિ મુર્મૂ

મથુરાઃ આત્મનિર્ભર ભારત ત્યારે જ શક્ય છે જ્યારે તેના નાગરિકો નિરોગી હોય. આ વાત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શુક્રવારે કહી હતી. મુર્મૂ ઉત્તર પ્રદેશમાં રામકૃષ્ણ મિશન સેવાશ્રમના નંદ કિશોર સોમાણી ઓન્કોલોજી બ્લોકના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા.

મુર્મૂએ જણાવ્યું કે એક મજબૂત અને આત્મનિર્ભર ભારત ત્યારે જ શક્ય છે જ્યારે નાગરિકો નિરોગી હોય. તેમણે વધુમાં કહ્યું કે આજે કેન્સર સૌથી ગંભીર સ્વાસ્થ્ય પડકારો પૈકીનો એક છે. સમયસર નિદાન અને ઉચ્ચ ગુણવત્તાવાળી સારવાર દર્દીના જીવનને બચાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. પરંતુ કેટલાક પરિવારો માટે તેમની નાણાકીય પરિસ્થિતિને કારણે આ રોગની સારવાર અશક્ય હોય એવું લાગે છે.

ઉત્તર પ્રદેશના ત્રણ દિવસના પ્રવાસે રહેલા મુર્મૂએ જણાવ્યું કે જાગૃતિ અભિયાન અને સમયસર તપાસ સુવિધાઓ દ્વારા કેન્સરની રોકથામ અને સારવાર પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. ભારત તેના આરોગ્યસંભાળ માળખાને મજબૂત બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. તેમજ કેન્દ્ર સરકાર આયુષ્યમાન ભારત જેવી ઐતિહાસિક યોજનાઓ સાથે તેને વધુ મજબૂત બનાવવા માટે પગલાં લઇ રહી છે.

મુર્મૂએ જણાવ્યું કે કેન્સરની સારવાર પણ આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવે છે. જેનો લાભ ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને મળે છે. તેમણે કહ્યું કે દેશભરમાં નવી એઇમ્સ અને મેડિકલ કૉલેજોની સ્થાપના થઇ રહી હોવાથી ગ્રામીણ અને દૂરવર્તી વિસ્તારોમાં રહેતા લોકો માટે આરોગ્યસંભાળ વધુ સુલભ બની રહી છે. તેમણે ટેલિમેડિસિન અને ઈ-હેલ્થ સેવાઓની પણ પ્રશંસા કરી હતી, જે ઘરે બેઠા નિષ્ણાત ડોક્ટરો સાથે પરામર્શ કરવાની સુવિધા આપે છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ જણાવ્યું કે રામકૃષ્ણ મિશને એ સાબિત કર્યું છે કે આધુનિક વિજ્ઞાન અને માનવીય કરુણાનું મિશ્રણ માનવતાના કલ્યાણ માટે અસાધારણ કાર્ય કરી શકે છે.

# ફિનલૅન્ડ સતત નવમા વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશઃ ભારત ૧૧૬મા ક્રમે

નવી દિલ્હીઃ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ ૨૦૨૬માં ફિનલૅન્ડ સતત ૯મી વખત વિશ્વનો સૌથી ખુશ દેશ બન્યો છે. આ નોર્ડિક દેશને વિશ્વનો સૌથી ખુશ દેશ જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે ભારતના રેન્કિંગમાં સામાન્ય સુધારો જોવા મળ્યો છે.

ફિનલૅન્ડએ આ વર્ષે ૧૦માંથી ૭.૭૬૪નું શાનદાર રેટિંગ હાંસલ કર્યું છે. જે ગત વર્ષની સરખામણી કરતાં સારું છે. નિષ્ણાંતોના મતાનુસાર ત્યાંની ઉત્તમ સામાજિક સુરક્ષા, ભ્રષ્ટાચાર મુક્ત શાસન અને વ્યક્તિગત સ્વતંત્રતા લોકોની સંતુષ્ટિનું મુખ્ય કારણ છે.

ફિનલૅન્ડ પછી આ યાદીમાં આઇસલેન્ડ બીજા અને ડેનમાર્ક ત્રીજા ક્રમે છે. ટોપ ૧૦ની યાદીમાં સ્વીડન, નોર્વે અને નેધરલેન્ડસ જેવા યુરોપીયન દેશોનો દબદબો યથાવત્ છે. આ વર્ષે કોસ્ટા રિકાએ ચોથો ક્રમ મેળવીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે.

ભારત માટે આ રિપોર્ટ મિશ્ર પ્રતિસાદ લઇને આવ્યો છે. ગ્લોબલ હેપ્પીનેસ ઇન્ડેક્સમાં ભારત ૧૧૬મા ક્રમે છે. જો કે આ રેન્કિંગ ઘણું નીચું છે, પરંતુ રાહતની વાત એ છે કે ભારતની સ્થિતિમાં ધીમે-ધીમે સુધારો આવી રહ્યો છે. ભારત વર્ષ ૨૦૨૪માં ૧૨૬મા અને ૨૦૨૫માં ૧૧૮મા ક્રમ પર રહ્યું હતું.

રિપોર્ટ અનુસાર ભારતમાં વૃદ્ધોમાં જીવન સંતોષના સ્તરમાં વધારો જોવા મળ્યો છે. જે રેન્કિંગમાં સુધારાનું એક મુખ્ય કારણ બન્યું છે. તેમ છતાં વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા હોવા છતાં ભારત હજુ પણ ખુશહાલી મામલે ઘણું પાછળ છે.

આ રિપોર્ટનું સૌથી આશ્ચર્યજનક પાસું એ છે કે આર્થિક તંગી અને રાજકીય અસ્થિરતા સામે ઝઝૂમી રહેલું પાકિસ્તાન ખુશહાલી મામલે ભારત કરતાં આગળ છે. આ યાદીમાં પાકિસ્તાન ૧૦૪મા ક્રમે છે. દરમિયાન યુદ્ધનો સામનો કરી રહેલા ઇઝરાયલે ટોપ ૧૦માં પોતાની જગ્યા બનાવી છે અને ૮મો ક્રમ મેળવ્યો છે. ઈરાન પણ ૯૭મા ક્રમ સાથે ભારત કરતાં વધુ સારી સ્થિતિમાં છે. આ આંકડાઓ સૂચવે છે કે સામાજિક સહયોગ અને વ્યક્તિગત સ્વતંત્રતા જેવા સુખાકારીના માપદંડો માત્ર જીડીપીના આંકડાઓ પર આધાર રાખતા નથી.

આ વર્ષે એક મોટો ફેરફાર એ જોવા મળ્યો છે કે કોઇપણ મુખ્ય અંગ્રેજી ભાષી દેશ ટોપ ૧૦માં સ્થાન મેળવી શક્યો નથી. અમેરિકા આ વર્ષે સરકીને ૨૩મા ક્રમે પહોંચ્યું છે. જ્યારે યુકે ૨૯મા અને કેનેડા ૨૫મા ક્રમે છે. ઓસ્ટ્રેલિયા ૧૫મા સ્થાને રહ્યું છે.

વળી બીજી તરફ વિશ્વના સૌથી નાખુશ દેશોની વાત કરીએ તો ગરીબી અને ગૃહયુદ્ધનો સામનો કરી રહેલા અફઘાનિસ્તાન અને સિએરા લિયોન સૌથી તળિયે છે. આ અહેવાલ સ્પષ્ટ કરે છે કે વધતા ભૂ-રાજકીય તણાવ છતાં વિશ્વના ઘણા ભાગોમાં લોકોએ તેમના જીવનની ગુણવત્તામાં સુધારો નોંધાવ્યો છે.

# મોદીએ યુદ્ધ અંગે અનેક દેશના નેતા સાથે ચર્ચા કરી

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાઈ ગેસ હબ પરના નવા હુમલાઓથી વૈશ્વિક ચિંતાઓ ઊભી થઈ છે, ત્યારે ભારતે ગુરુવારે કહ્યું કે આ હુમલાઓ ''અસ્વીકાર્ય છે અને તેને બંધ કરવાની જરૂર છે''. આ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓમાન, જોર્ડન, ફ્રાન્સ અને મલેશિયાના ટોચના નેતાઓનો સંપર્ક કરીને અસ્થિર ક્ષેત્રમાં શાંતિ પુનઃસ્થાપિત કરવાની તાકીદ પર ભાર મૂક્યો હતો.

જોર્ડનના રાજા અબ્દુલ્લા બીજા સાથેની તેમની ફોન પર વાતચીત બાદ, મોદીએ કહ્યું કે પશ્ચિમ એશિયામાં ઉર્જા માળખા પરના હુમલાઓ ''નિંદનીય છે અને ટાળી શકાય તેવી પરિસ્થિતિ તરફ દોરી શકે છે''.

નવી દિલ્હીએ ગેસ માળખા પરના હુમલાઓને ''ખૂબ જ ચિંતાજનક'' ગણાવ્યા અને કહ્યું કે આ હુમલાઓ ફક્ત વૈશ્વિક સ્તરે પહેલાથી જ અનિશ્ચિત ઊર્જા બજારને વધુ અસ્થિર બનાવશે.

પશ્ચિમ એશિયામાં વધતી જતી પરિસ્થિતિ અંગે ચિંતા વધતાં, પીએમ મોદીએ ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક, જોર્ડન કિંગ, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન અને મલેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહિમ સાથે વાત કરી હતી.

ઓમાનીના સુલતાન સાથેની વાતચીતમાં, મોદીએ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા મુક્ત માર્ગની જરૂરિયાત વિશે પણ વાત કરી, જે એક વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ શિપિંગ લેન છે.

''અમે તણાવ ઓછો કરવા અને ત્યારબાદ શાંતિ અને સ્થિરતાની પુનઃસ્થાપના માટે વાતચીત અને રાજદ્વારીને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર સંમત થયા,'' તેવું વડા પ્રધાને સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું.

જોર્ડનના રાજા સાથેની તેમની વાતચીતમાં, મોદીએ કહ્યું કે ભારત અને જોર્ડન ''માલ અને ઊર્જાના અવરોધ વિનાના પરિવહન'' ના સમર્થનમાં ઊભા છે.

''આ ક્ષેત્રમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત રીતે પરત લાવવામાં જોર્ડનના પ્રયાસોની હું ખૂબ પ્રશંસા કરું છું,'' એવું તેમણે ઉમેર્યું હતું.

બુધવારે દક્ષિણ પાર્સના ઈરાનના વ્યૂહાત્મક ગેસ ક્ષેત્રો પર ઈઝરાયલી હુમલાના પરિણામે કતારના એલએનજી (લિક્વિફાઇડ નેચરલ ગેસ) હબ રાસ લાફાન સહિત અનેક ખાડી દેશોમાં મુખ્ય ઊર્જા માળખા પર ઈરાન દ્વારા તીવ્ર હુમલા કરવામાં આવ્યા હતા. કતાર ભારતની એલએનજી જરૂરિયાતનો લગભગ ૪૦ ટકા હિસ્સો પૂરો પાડે છે.

## પહેલા પાનાનું ચાલુ

### પ્રીમિયમ પેટ્રોલ

જણાવ્યા અનુસાર એચપીસીએલના પાવર પેટ્રોલ અને આઈઓસીએલના એક્સપી-૯૫ના ભાવવધારો થયેલો જોવા મળી રહ્યો છે.

પ્રીમિયમ પેટ્રોલનો ઉપયોગ સામાન્ય રીતે એન્જિનની વધુ સારી કામગીરી અને વધુ માઈલેજ મેળવવા માટે થાય છે. જોકે, નિયમીત પેટ્રોલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો.

વિશ્વભરમાં તેલ પુરવઠાને વેગ આપવા અમેરિકા દ્વારા લેવામાં આવી રહેલા પગલાંઓ અને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજો સુરક્ષિત રીતે પસાર થઈ શકે તે માટેના સંયુક્ત પ્રયાસને યુરોપના દેશો અને જાપાને ટેકો જાહેર કર્યો હોવા વચ્ચે શુક્રવારે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થયેલો જોવા મળ્યો હોવા છતાં ક્રૂડતેલના ભાવ પ્રતિબેરલ ૧૦૦ ડૉલર કરતાં વધુ રહ્યા હતા.

અખાતના દેશોમાં તેલ અને ગૅસના વિવિધ સંસ્થાનો પર ઈરાને કરેલા હુમલાને પગલે વધુ એક અઠવાડિયું બ્રેન્ટ બેન્ચમાર્કમાં પાંચ ટકાનો વધારો જોવા મળે એવી શક્યતા છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવ પર સરકારનો કોઈ અંકુશ નથી અને તેલ કંપનીઓ દ્વારા જ ભાવમાં ફેરફાર અંગેનો નિર્ણય લેવામાં આવે છે.

ભારત તેની ક્રૂડતેલની કુલ જરૂરિયાતના ૮૮ ટકા અને કુદરતી ગેસના અંદાજે પચાસ ટકાની આયાત કરે છે. (એજન્સી)

### ડૉલર સામે

નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહ્યા બાદ આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના ૯૨.૮૯ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૯૨.૯૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૩.૭૫ અને ઉપરમાં ૯૨.૮૮ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૬૪ પૈસાના ઘટાડા સાથે ૯૩.૫૩ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત બુધવારે ડૉલર સામે રૂપિયો ૪૯ પૈસા ગબડ્યો હતો. પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીને કારણે આજે રૂપિયાએ ઐતિહાસિક નવી નીચી સપાટી નોંધાવી હોવાનું મિરે એસેટ્ શૅરખાના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ભાવમાં વધારાને કારણે સંભવિતપણે ફુગાવામાં થનારી વૃદ્ધિને ધ્યાનમાં લેતાં અમેરિકી ફેડરલ રિઝર્વ, યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક, બૅન્ક ઑફ ઈંગ્લેન્ડ અને બૅન્ક ઑફ જાપાન જેવી અગ્રણી કેન્દ્રવર્તી બૅન્કોએ તેની નીતિવિષયક બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખ્યા છે. આમ એકંદરે હાલની સ્થિતિને ધ્યાનમાં લેતાં અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૨.૨૦થી ૯૩.૮૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૫ ટકા વધીને ૯૯.૫૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૮૪ ટકા વધીને બેરલદીઠ ૧૧૦.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૫૫૮.૧૯ની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૨૫.૭૨ પૉઈન્ટનો અને ૧૧૨.૩૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### વર્સોવા-ભાયંદર

નુકસાનના બદલામાં વૃક્ષારોપણ અને મેનગ્રુવ્સના રિસ્ટોરેશન અંગેનો વિગતવાર અહેવાલ સુપરત કરવાનો સુપ્રીમ કોર્ટે બીએમસીને આદેશ આપ્યો હતો.

એનજીઓ વનશક્તિ વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ ચંદર ઉદય સિંહે દલીલ કરી હતી કે અગાઉથી વૃક્ષારોપણ કરી બીએમસીએ પહેલા જ હાઈ કોર્ટની પરવાનગી લઈ લીધી હતી. તેમણે દાવો કર્યો હતો કે હાઈ કોર્ટના આદેશના બે મહિના અગાઉ ઑક્ટોબર ૨૦૨૫માં લેવામાં આવેલી સેટેલાઈટ તસવીરો આ હકીકતને પુરવાર કરે છે.

બીએમસી વતી ઉપસ્થિત રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ આક્ષેપોને નકારી કાઢ્યા હતા અને જણાવ્યું હતું કે નવા રોડનું નિર્માણ ટ્રાફિક અને પ્રવાસનો સમય ઘટાડશે. (એજન્સી)

# રોહિત પવારે અજિત પવારના ઘર નજીક કાળા જાદુના કથિત કૃત્યોની તપાસની માગ કરી

મુંબઈ : એનસીપી (એસપી)ના નેતા રોહિત પવારે શુક્રવારે મહારાષ્ટ્રના સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નિવાસસ્થાન નજીક કથિત રીતે કરવામાં આવેલા કાળા જાદુની ઘટનાઓની સંપૂર્ણ તપાસની અને આ કૃત્યો કરનારા વ્યક્તિઓની ઓળખ કરવાની માગ કરી હતી. ૨૮ જાન્યુઆરીના રોજ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં અજિત પવારનું ચાર અન્ય લોકો સાથે મૃત્યુ થયું હતું. પાર્ટીના સાથી અમોલ મિટકરી દ્વારા એક્સ પર આપેલા નિવેદનોને ટાંકીને, પવારે કહ્યું કે પુણે જિલ્લાના ભીગવાન રોડ પર સહયોગ સોસાયટીમાં અજિત પવારના નિવાસસ્થાનની બહાર અને મુંબઈમાં દેવગિરી બંગલા પાસે જાદુટોણાંના અહેવાલો, જેમાં કથિત રીતે નાસિકના એક જ્યોતિષીનો સમાવેશ થાય છે, તે ''ખૂબ જ ચિંતાજનક'' છે. ''મહારાષ્ટ્ર જેવા પ્રગતિશીલ રાજ્યમાં, અંધશ્રદ્ધા કે આવી કુપ્રથાઓ માટે કોઈ સ્થાન નથી. છતાં, પ્રકાશમાં આવતી માહિતી ખૂબ ગંભીર બાબત છે,'' તેમણે કહ્યું. કર્જત-જામખેડના ધારાસભ્ય, અજિત પવારના ભત્રીજાએ અધિકારીઓને ઘટનાક્રમની તપાસ કરવા અને આ કૃત્યો કરનારાઓને રાજકીય હેતુ સાથે ઓળખવા વિનંતી કરી. (પીટીઆઈ)■

# એસટી પાસે આગામી બે મહિના સુધીનો ઇંધણ પુરવઠો

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં સંઘર્ષ હોવા છતાં, રાજ્ય માર્ગ પરિવહન સંસ્થાને બસો ચલાવવા માટે ડીઝલની ઉપલબ્ધતાના સંદર્ભમાં હાલમાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો નથી, એમ મહારાષ્ટ્રના પ્રધાન પ્રતાપ સરનાઈકે શુક્રવારે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે આગામી બે મહિના સુધી તેનો ઇંધણ પુરવઠો સ્થિર રહેશે. જોકે, તેમણે નોંધ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી) પાસે બળતણ પુરવઠો બંધ થાય તો પરિસ્થિતિનો સામનો કરવા માટે કોઈ પ્લાન બી તૈયાર નથી. રાજ્યભરમાં લગભગ ૧૫,૮૦૦ બસો ચલાવતી એમએસઆરટીસીમાં ઇંધણ પુરવઠાની સ્થિતિ વિશે વાત કરતાં સરનાઇકે કહ્યું, ''અત્યાર સુધી, અમને તેલ અને ડીઝલ મળી રહ્યું છે. હાલમાં અમને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો નથી.'' વધુમાં સરનાઈકે ઉમેર્યું કે, એમએસઆરટીસીના મેનેજિંગ ડિરેક્ટરે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે વાત કરી હતી, જેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર તરફથી ઈંધણની ફાળવણી અગ્રતાના ધોરણે કરવામાં આવે છે. ■

# કેફે ન્યૂ યોર્ક

મુંબઈઃ કેફે ન્યૂ યોર્ક સૌથી જૂની ઈરાની રેસ્ટોરંટમાંની એક હ્યુજીસ રોડ ખાતે વિલસન કોલેજ નજીક મુંબઈમાં સ્થિત છે. જ્યાં ઈરાની ચા, બ્રન મસ્કા, બન મસ્કા, ખારી બિસ્કિટ મળે છે. ત્યાં કોન્ટી. ભારતીય, ચાઈનીઝ, તંદુર લેબનીઝ પણ સર્વ થાય છે. મેઝનાઈન ફ્લોર પર તમે NY બાર n ગ્રીલનો આનંદ માણી શકો છો. ■


# બોરવેલ ખોદતા સમયે મેટ્રો-૩ની ટનલને નુકસાન

## કૉન્ટ્રેક્ટર સામે ગુનો

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ નજીક મેટ્રો થિયેટરને લાગીને બોરવેલનું ખોદકામ કરતા સમયે મેટ્રો-૩ની અંડર ગ્રાઉન્ડ ટનલને નુકસાન થયું હોવાનું ચોંકાવનારી વિગત બહાર આવી છે. આ પ્રકરણમાં ચંદ્રમા વોટર સપ્લાય પ્રાઈવેટ લિમિટેડના માલિક રામબાબુ રાયના વિરોધમાં આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. જોકે હજી સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

પોલીસે આપેલી માહિતી મુજબ આ ઘટના પાંચ માર્ચના બની હતી અને ૧૩ માર્ચના ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મેટ્રો-૩ના રૂટની બંને બાજુએ ૫૦ મીટર પરિસરમાં કોઈ પણ ખોદકામ અથવા બાંધકામ કરવા પહેલા મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશનની અગાઉથી મંજૂરી લેવી ફરજિયાત છે. છતાં સંબંધિત કંપનીએ મંજૂરી લીધા વગર ખોદકામ કર્યું હતું. તેમ જ તેણે મુંબઈ મહાનગરપાલિકાની પણ મંજૂરી લીધી ન હોવાનું તપાસમાં જણાઈ આવ્યું હતું.મળેલ માહિતી મુજબ મેટ્રો થિયેટર પરિસરમાં મેટ્રોને લાગીને બોરવેલનું ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. ડ્રીલિંગ કરતા સમયે જમીનની નીચે મેટ્રો-૩ની ટનલમાં ડાબી બાજુએ એક નાનું છિદ્ર પડ્યું હતું.■















# સંસ્થા સમાચાર

## રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ભારતના વિવિધ ક્ષેત્રોમાં ઉજવાશે આયંબિલ ઓળી પર્વ

મુંબઈઃ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંત-સતીજીઓના સાંનિધ્યે મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ભારતનાં ક્ષેત્રોમાં તપ-ત્યાગ સાધના, આરાધના અને ભક્તિ ભાવના અનેરા આયોજન સાથે આગામી આયંબિલ ઓળી પર્વની આરાધના કરાવવામાં આવશે.

'મિની પર્યુષણ' તરીકે ઓળખાતા નવ દિવસના આયંબિલ ઓળી પર્વમાં શ્રદ્ધાવંત ભાવિકો દિવસમાં માત્ર એકવાર રસ-કસ વિનાના લૂખા-સૂકા બાફેલા અનાજ સાથેનું રૂક્ષ ભોજન કરવાની આરાધના કરીને આત્મશુદ્ધિ કરતાં હોય છે.

પર્વના નવ દિવસ દરમ્યાન વહેલી સવારની ધ્યાન સાધના, બોધ પ્રવચન, આત્મહિતની પ્રેરણા આપતાં પ્રયોગો, સંધ્યા ભક્તિ, રસપ્રદ ક્વિઝ અને બાળકો માટેની વિશિષ્ટ આયંબિલ આરાધનાની સાથે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવના અનેરા આયોજન કરવામાં આવ્યાં છે. જેના અંતર્ગત મુંબઈના પાવનધામ- કાંદિવલીમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ તેમજ પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજી આદિ સતિવૃંદના સાંનિધ્યે પર્વની આરાધનાનું આયોજન કરવામાં આવ્યું છે.

એ સાથે જ, શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, કામાગલીના આંગણે વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી આદિ ઠાણા-૫, શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, દહાણુકર વાડીના આંગણે પૂજ્ય શ્રી ડોલરબાઈ મહાસતીજી આદિ ઠાણા-૨, પાવનધામ - બરોડાના આંગણે પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી આદિ ઠાણા ૪, દક્ષિણ ભારતના ચેન્નઈ ક્ષેત્રમાં શ્રી ગુજરાતી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન અસોસિયેશન સી. યુ. શાહ ભવનમાં પૂજ્ય શ્રી પરમ સમાધિજી મહાસતીજી આદિ ઠાણા-૫, સૌરાષ્ટ્રના ગાદીના ગામ ગોંડલમાં શ્રી ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘના આંગણે પૂજ્ય શ્રી પરમ દિવ્યતાજી મહાસતીજી આદિ ઠાણા - ૪, શ્રી જેતપુર સ્થાનકવાસી જૈન સંઘના આંગણે પૂજ્ય શ્રી પરમ અનન્યાજી મહાસતીજી આદિ ઠાણા - ૪, શ્રી મહાવીર સ્થાનકવાસી જૈન સંઘ - ડોંબિવલીના આંગણે પૂજ્ય શ્રી પરમ ઋષિતાજી મહાસતીજી આદિ ઠાણા - ૪, તેમજ પારસધામ - ઘાટકોપરના આંગણે પૂજ્ય શ્રી પરમ સમ્યક્તાજી મહાસતીજી આદિ ઠાણા-૫ના સાંનિધ્યે પર્વ આરાધનાના કલ્યાણકારી આયોજન કરવામાં આવ્યાં છે.

# કુંભારવાડાની મહિલાઓએ ઈલેક્ટ્રિક માટીના ચાકડાને આવકાર્યા

## ધારાવી સોશ્યલ મિશન દ્વારા 30 મહિલાઓને નવી ટેક્નોલોજીમાં તાલીમ

મુંબઈઃ ધારાવીના કુંભારવાડાની ૩૦ મહિલાઓને શુક્રવારે ધારાવી સોશિયલ મિશન (ડીએસએમ) દ્વારા આયોજિત માટીકામ તાલીમ વર્કશોપ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ ઇલેક્ટ્રિક માટીના ચાકડા આપી સન્માનિત કરવામાં આવી.

આ પહેલ ડીએસએમના સમુદાય આધારિત કુશળતા વિકાસને પ્રોત્સાહન આપવા અને ધારાવીમાં આવકના અવસર સુધારવા માટેના સતત પ્રયત્નોનો ભાગ છે, જેમાં પરંપરાગત કારીગરીને આધુનિક ટેક્નોલોજી સાથે જોડવામાં આવે છે.

ધારાવીનો કુંભારવાડો તેના માટીકામ માટે લાંબા સમયથી જાણીતો છે, જ્યાં પેઢીથી પેઢી સુધી પરિવારો આ કળામાં જોડાયેલા રહ્યા છે. પરંતુ મહિલાઓની ભાગીદારી મોટાભાગે સહાયક ભૂમિકાઓ સુધી મર્યાદિત રહી છે. ઇલેક્ટ્રિક ચકડાની રજૂઆતથી પ્રક્રિયા ઓછી શારીરિક મહેનતવાળી અને વધુ કાર્યક્ષમ બનશે, જેથી મહિલાઓની વધુ ભાગીદારીને પ્રોત્સાહન મળશે, ડીએસએમના પ્રવક્તાએ જણાવ્યું.

ભાગ લેનારાઓએ જણાવ્યું કે આ તાલીમથી તેમને કળાની સૂક્ષ્મતાઓ સમજવામાં મદદ મળી. કુંભારવાડાની રહેવાસી જિગ્નિશા જેઠવા (૨૧)એ કહ્યું કે વર્કશોપ દ્વારા તેમને માટીકામની પ્રાયોગિક સમજ મળી. મારા પિતા કુંભાર છે, પરંતુ મને માટીકામ વિશે બહુ ખબર નહોતી. આ વર્કશોપ દ્વારા મેં માટીને યોગ્ય આકાર આપવો, આંગળીઓનો યોગ્ય ઉપયોગ અને દરેક તબક્કે કેટલું દબાણ આપવું તે શીખ્યું. મેં વિવિધ પ્રકારના દિવાઓ બનાવવાનું પણ શીખ્યું, તેમણે કહ્યું. કુંભારવાડો દેશભરના ગ્રાહકોને માટીના ઉત્પાદનો પૂરાં પાડે છે. દિવાળી દરમિયાન રંગબેરંગી દીવાઓ માટે માંગ ખૂબ વધી જાય છે. મારું પરિવાર દિવાળી માટે દિવા બનાવે છે, પરંતુ હું પહેલાં મદદ કરી શકતી નહોતી. આ વર્કશોપ પછી મને લાગે છે કે હવે હું પરિવારના વ્યવસાયમાં યોગદાન આપી શકીશ. ઇલેક્ટ્રિક ચાકડા મેન્યુઅલ ચકડા કરતાં ઝડપી છે અને ઉત્પાદન વધારવામાં મદદ કરે છે, જેઠવાએ ઉમેર્યું.આ તાલીમ નરસી રામજી વાળા (૫૫), કુંભારવાડાના માસ્ટર કુંભાર દ્વારા આપવામાં આવી, જેમને ૧૫ વર્ષથી વધુનો શિક્ષણનો અનુભવ છે. માટીકામ માટે ધીરજ, અભ્યાસ અને તકનીક જરૂરી છે અને ઇલેક્ટ્રિક ચક્રોના ઉપયોગથી કલાકારો ગુણવત્તા અને સર્જનાત્મકતા પર વધુ ધ્યાન આપી શકે છે.

## હિન્દુ મરણ

મુંબઇ પોરેચા મોઢ હાલ મુંબઇ રમેશ પારેખ (ઉં. વ. ૮૭) તા. ૧૮-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે શીલાબેનના પતિ. રમાલક્ષ્મી દ્વારકાદાસ પારેખના પુત્ર. તથા સ્વ. નલિનીબેન, સ્વ. સરલાબેન, ગં. સ્વ. ભારતીબેન, સ્વ. વિરેનભાઇ, સ્વ. કિશોરભાઇના ભાઇ. દિપાલી, તે શૈલેન શાહ, મોનાલી નૈનેશ દલાલ, સચીન પારેખના પિતા. સિદ્ધાર્થ પારેખના દાદાજી. સ્વ. તારાવંતિ દ્વારકાદાસ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૨-૩-૨૬ના ૧૦.૩૦થી ૧૨.૩૦. ઠે. શેલેષ્ટીયા સ્પેસીસ, એસ. ફ્લોર,. ટી.જે. રોડ, શીવરી-મુંબઇ-૧૫.

ગણદેવી નિવાસી હાલ અંધેરી, સ્વ. નાનુભાઈ મિસ્રીનાં પત્ની હંસાબેન (ઉં. વ. ૮૮) તા. ૧૯-૩-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે નિલેશભાઈ, અજયભાઈ, ભાવનાબેનના માતાજી. ભક્તિ, સુરેખા તથા સમીરના સાસુજી. સિદ્ધાંત, દિવ્યાંશના નાનીજી. ધ્રુવના દાદીજી. પ્રાર્થનાસભા ૨૧/૩/૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળઃ જાનકીબાઈ હોલ, દાદાભાઈ રોડ, ભવન્સ કોલેજ પાસે, રિક્રિએશન કલબની સામે, અંધેરી વેસ્ટ.

**ઔદિચ્ય અગિયારસી બ્રાહ્મણ**

સ્વ. દયાશંકર મહાશંકર મહેતાના પુત્ર ભરતભાઇ દયાશંકર મહેતા (ઉં. વ. ૭૩) ઘાટકોપર તેમના નિવાસસ્થાને તા. ૧૯-૩-૨૬ના કૈલાસવાસી થયા છે. તે શોભનાબેનના પતિ. ચિ. ગૌરાંગ-ખ્યાતિના પિતા. રાજન-પૂનમના સસરા. સ્વ. નવનીતભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. અનુબેન, સ્વ. દુર્ગાબેન તથા દત્તાબેનના ભાઇ. સ્વ. પાર્વતીબેન ગોકળદાસ ભાનજી ગણાત્રાના જમાઇ. સ્વ. જયોતિબેન, ઇન્દુભાઇ, દીપકભાઇ તથા કામિનીબેનના બનેવી. સ્વ. મુકુંદરાય કામેશ્વર ભટ્ટ તથા ભાઇઓના ભાણેજ. સાદડી પ્રથા તથા લૌકિક પ્રથા બંધ છે.

**ગામડિયા દરજી**

મૂળ ગામ આમધરા હાલ મલાડ, રંજનબેન (ઉં. વ. ૭૩) તા. ૧૫-૩-૨૬ના રવિવારે સ્વર્ગવાસ પામ્યાં છે. તે રમણલાલ જીવણજી ટેલરનાં પત્ની. મનીષ, અમિષા, પ્રતિભાનાં માતા. પ્રીતિ, રાજેશ, સંદીપનાં સાસુ. રમણલાલ વિઠ્ઠલદાસ બલસારાના પુત્રી. ક્રિશા, દ્વીતી,

## જૈન મરણ

જામનગર નિવાસી (હાલ મુંબઇ) ડો. ચંદ્રપ્રભા છબીલદાસ શાહ (ચંદનબેન) (ઉં. વ. ૯૦) તે સ્વ. નગીનભાઇ, સ્વ. વિનયચંદ્ર તથા સ્વ. હરકિશનભાઇના બહેન. સ્વ. અચરતબેન છબીલદાસ શાહના પુત્રી. સ્વ. નિર્મળાબેન તથા ગં. સ્વ. વંદનાબેનના નણંદ. બીનીતા, અમોલી, ડો. નેહલ અને ડો. સપનાના ફૈબા. ડો. મીતા અને ડો. રાજેન્દ્ર દોશીના ફૈજી મુંબઇ મુકામે તા. ૧૫-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

તણસા ગામ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ભાનુમતીબેન રમણીકભાઇ માવજીભાઇ કનાડીયાના સુપુત્ર સુનિલભાઇ (ઉં. વ. ૬૩) તા. ૨૦-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. દિશા-સોહમના પિતાશ્રી. વિશાંતકુમાર અને પલકના સસરાજી. કીર્તિભાઇ-ચેતનાભાભી હંસાબેન-સ્વ. ભૂપેન્દ્રભાઇ, નિશાબેન-જયેશભાઇના ભાઇ. સસુરપક્ષે જામનગર નિવાસી સ્વ. દિનેશચંદ્ર કેશવલાલ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૧-૩-૨૬ના શનિવારના ૪થી ૫.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ૧૩-બી, ગારોડિયા નગર ઘાટકોપર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. તારામતીબેન તથા ગૌતમલાલ ત્રીકમજી મહેતાના

હેતાંશ, ફોરમના દાદી-નાની. પ્રાર્થનાસભા-બેસણું તા. ૨૩-૩-૨૬ના સોમવારે બપોરે ૨ થી ૫. ઠેઃ એ/૧૦૧, અલકનંદા એપાર્ટમેન્ટ, સ્ટેટ બેંન્કની સામે, પારડી, જિ. વલસાડ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ વરયાળા (દ્વારકા) હાલ બીલીમોરા સ્વ. મંગળાબેન બાબુભાઇ જટણીઆ (ઉં. વ. ૮૫) તે સ્વ. બાબુભાઇ જમનાદાસ જટણીઆના ધર્મપત્ની. કરાંચીવાળા સ્વ. લીલીબેન પ્રાગજી ગણાત્રાની દીકરી. પ્રકૃતિ, પન્નાબેન પ્રફુલકુમાર રાંચ ભારતીબેન સતીષકુમાર ઠક્કર, વર્ષાબેન વિજયકુમાર કટારીયાના માતુશ્રી. દક્ષાબેનના સાસુ. સાગરના દાદી. તે સ્વ.પુષ્પાબેન દયાળજી પોપટનાં ભાભી તા. ૧૮-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની સંયુક્ત પ્રાર્થનાસભા તા. ૨૧-૩-૨૬ના શનિવારના સાંજે ૪થી ૫. ઠે. રામીબેન આમલીયન હોલ, (સોમનાથ મંદિર), બીલીમોરા.

**દેસાઇ સઇ સુતાર જ્ઞાતિ**

ભાવનગર નિવાસી હાલ ગોરેગાંવ સ્વ. સવિતાબેન વાઘેલા (ઉં. વ. ૯૦) તા. ૧૮-૩-૨૬ બુધવારના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મુક્તાબેન, રતીલાલ ગોહિલના સુપુત્રી. સ્વ. ગિરધરલાલ વાઘેલાના ધર્મપત્ની. અરુણભાઇ, દીપકભાઇ, નીપાબેનના માતુશ્રી. ગીતાબેન, વર્ષાબેન અને નિતીનકુમારના સાસુ. શ્વેતા, આયુષી, પ્રણવના દાદીમા. સાદડી તા. ૨૨-૩-૨૬ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. ઇવેન્ટ બેન્કવેટ હોલ, ફિલ્મીસ્તાન સ્ટુડિયોની સામે, એસ. વી. રોડ, ગોરેગામ (વેસ્ટ).

**સુરતી દશા મોઢ માંડલીયા વણિક**

ગં. સ્વ. દમયંતિબેન કિશોરચંદ્ર શાહ (ઉં. વ. ૯૨) તે સ્વ. કિશોરચંદ્ર ચીમનલાલ શાહના પત્ની. તે સ્વ. ભોગીલાલ ચુનીલાલ મહેતાની સુપુત્રી. તે રાજેશ, સુકેશ, યોગેશ, શૈલિની અને નરેશના માતુશ્રી. વનિતા, વંદના, હિના, સ્વ. શ્રીનાથભાઇ અને હેમાના સાસુ. તે સ્વ. ઘનશ્યામભાઇ, સ્વ. માલતિબેન અને સ્વ. બાલકૃષ્ણભાઇના બેન. તા. ૧૮-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ભાથાણા હાલ કાંદિવલી, સ્વ. શારદાબેન ધરમશી નથવાણીના પુત્ર હરીશભાઈ (રામુભાઈ) (ઉં. વ. ૭૦) તે સ્વ. નીતાબેનના પતિ. સ્વ. જતીન (રાજુ) - કવિતા તથા નિધિ બ્રિજેશકુમાર હમીરાનીના પિતા. સ્વ. લીલાવંતીબેન બાબુલાલ સીરોદરિયાના જમાઈ. ભીખુભાઇ, સ્વ. અરવિંદભાઈ, અનિલભાઈ, સ્વ. હસુબેન, સ્વ. ભારતીબેન, અરુણાબેન, જયશ્રીબેનના ભાઈ. ૧૮/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

વાસાવડ નિવાસી હાલ મલાડ, સ્વ. મનસુખલાલ નરસીદાસ કાચાના સુપુત્ર, ભૈરવ ગુરૂવાર તા. ૧૨-૩-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે ગીતાબેનના પુત્ર. શૈલજાના પતિ. અયાંશના પિતા. પુષ્પદંતના ભાઈ. હિરલના દિયર, જ્યોતી વિરલ મણિયાર તથા નીતા ગૌરાંગ મઘલાણીના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૬ને શુક્રવાર સાંજે ૫ થી ૭. સ્થળઃ શ્રી શ્યામ સત્સંગ ભવન, મહાવીરનગર સામે, એકતાનગર, શ્યામજી બાપુ માર્ગ, લિન્ક રોડ, કાંદિવલી વેસ્ટ.

**આરાષ્ટ્ર ત્રિવેદી મેવાડ બ્રાહ્મણ**

કિકરિયા નિવાસી હાલ રાજકોટ, પ્રતાપરાય નર્મદાશંકર પંડ્યા (ઉં.વ.૮૦) તા. ૧૮-૩-૨૬ના કૈલાસવાસપામ્યા છે. તે રસીલાબેનના પતિ. હિતેશ, બીના રાજેશ ત્રિવેદીના પિતાશ્રી. સ્વ. ઉમાકાંત ગંગારામ ત્રિવેદીના જમાઈ. વિનોદ, જ્યોતિન્દ્ર, કિરીટ, વિપુલ, સ્મીતા વિજય મહેતાનાં બનેવી. સાદડી પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ધોરાજીવાલા હાલ કાંદીવલી સ્વ. પદ્માબેન અને સ્વ. ચૂનીલાલ જાદવજી પડીયાના પુત્ર નરેશભાઇ (ઉં. વ. ૭૦ બુધવાર, તા. ૧૮-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. તે નિધિ જયકુમાર અંબાલીયા અને જહાનવી સુનિલકુમાર પરીયાનીના પિતાશ્રી. હરેશભાઇ દિનેશભાઇ અને રેખાબેન કિશોરકુમાર જગડના ભાઇ. સ્વ. ઘનશ્યામભાઇ મણિયારના ભાણેજ અને સ્વ. રસિકલાલ મણિલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૧-૩-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. કનકશ્રી હોલ, અશોકનગર, કાંદિવલી (ઇસ્ટ).

**કપોળ**

રાજુલા નિવાસી હાલ મુલુંડ શૈલેષભાઇ સંઘવીના ધર્મપત્ની અ. સૌ. સોનલબેન (ઉં. વ. ૫૨) તા. ૧૭-૩-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે યશના માતુશ્રી. સ્વ. મૃદુલાબેન કાન્તિલાલ સંઘવીના પુત્રવધુ. નીતિનભાઇ, રાજેશભાઇ, કિશોરભાઇના ભાભી. જ્યોત્સનાબેન, સ્વ. રમીલાબેન, પ્રીતિબેનના દેરાણી. ગાંગડા નિવાસી ગં. સ્વ. કાન્તાબેન ચંપકલાલ શાહના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૨-૩-૨૬ને રવિવારે સાંજે ૫થી ૬.૩૦. ઠે. ગૌપુરમ હોલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (પશ્ચિમ).

**નવગામ વિસાનગર વણિક**

સ્વ. ઉર્વશીબેન તે મુકેશ જયંતીલાલ શાહ (માણસા)ના પત્ની. સ્વ. મોહનલાલ કેશવલાલ શાહ (માણસા)ની પુત્રી તા. ૧૯-૩-૨૬ના. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૧-૩-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. ભવન્સ ઓડિટોરિયમ ચોપાટી, મુંબઇ લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

બમન નવરોજી કુપર તે મરહુમ એમીના ધની. તે મરહુમો સારાહ નવરોજી કુપરના દીકરા. તે ઝીનયા ને ઝુબીનના પપા. તે ઝુબીન ને રયોમંદના સસરા. તે મરહુમો અદીલ, સોલી, બમન, આલુ, માનેક, મીનુ ને ફલીના ભાઇ. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૬૨૧, ખુશ વીલા, ખરેઘાટ રોડ, દાદર પારસી કોલોની, મુંબઇ-૪૦૦૦૧૪.

પૌત્ર. ઉષાબેન તથા સૂર્યકાંત ગૌતમલાલ મહેતાના પુત્ર. મીહીર સૂર્યકાંત (ઉં. વ.૪૦) તા. ૧૭-૩-૨૬ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે ભૂમિકા મીહીર મહેતાના પતિ. હૃીદયના પિતાશ્રી. ઇન્દોર નિવાસી નીતાબેન તથા મિલનભાઇ તુરખીયા તેમ જ પ્રમોદભાઇ સંજયભાઇના જમાઇ. તે સોનાલી સમીરભાઇ સંઘવી તથા અસ્મી અપૂર્વભાઇ વખારીયાના ભાઇ. પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૨-૩-૨૬, ૧૦થી ૧૨. ઠે. લવન્ડર બાગ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, ૯૦ ફીટ રોડ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**વિશા શ્રીમાળી ૧૦૮ ગોળનું જૈન**

ચાણસ્મા નિવાસી હાલ બોરીવલી, કોકિલાબેન (ઉં. વ. ૭૨) તે હર્ષદભાઈ મફતલાલ શાહના ધર્મપત્ની, સ્વ. જસુમતીબેન મફતલાલ કિલાચંદ શાહના પુત્રવધૂ. પૂનમ, જીગર, ખુશ્બુના માતુશ્રી. રીતેષકુમાર, નેહા (ટીના) તથા અતીતકુમારના સાસુ. ભારતીબેન અરવિંદકુમાર શાહ તથા મહેશભાઈના ભાભી. પિયરપક્ષે મણિલાલ દિપચંદ શાહના દીકરી. ૧૯/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની માતૃવંદના ૨૧/૩/૨૬ના સવારે ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થા જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ વિ રોડ કાંદિવલી વેસ્ટ.

**સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

ગોવિંદપુર નિવાસી હાલ કાંદિવલી, મનોહર જગજીવનદાસ ઘાટલીયા (ઉં. વ. ૮૨) ૨૦/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શાંતિભાઈ, જશવંતરાય, સ્વ. પ્રદીપભાઈ, અરવિંદભાઈ, સ્વ. નિર્મળાબેન કાંતિલાલ ગોહિલ, સ્વ. મધુબેન ગુણવંતરાય ભાયાણી, રસીલાબેન ભુપેન્દ્રભાઈ ગોસલિયા, કલ્પનાબેન રાજેનભાઈ અજમેરાના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. શાંતાબેન નાથાલાલ પારેખના સુપુત્ર, ધીરજલાલ (ધીરૂભાઇ) (ઉં. વ. ૯૩) તે ભારતીબેનના પતિ. વિરેન, ચેતના તથા પિયુષના પિતા. નિતા - રૂપા, તથા કેતનભાઈ વિરાણીના સસરા. સ્વ. વિનયકાંતભાઈ, સ્વ. સવિતાબેન બદાણી, સ્વ. ભાનુબેન ભાયાણી તથા રજુબેન શેઠના ભાઈ. રાજકોટ નિવાસી સ્વ. બાલાચંદ વખતચંદ મહેતાના જમાઈ. તા. ૧૯/૦૩/૨૬ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના હેમલતા ભેદા (ઉં. વ. ૭૯) તા. ૧૯/૩/૨૬ના ગુણપુરી (બૌતેર જીનાલય) કચ્છમાં અરિહંત શરણ પામ્યા છે. ખુશાલ જીવરાજના ધર્મપત્ની. મુકુલ, વિરતિના માતુશ્રી. નાનબાઇ જીવરાજ કુરપારના પુત્રવધુ. નાગલપુરના રતનબેન તેજશી હીરજીના પુત્રી. હિમત, મહેન્દ્ર, મેરાઉના મધુબેન મણીલાલ દેવજી શાહના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ખુશાલ ભેદા, મુ. ગુણપુરી (બોતેર જીનાલય) કચ્છ, પીન : ૩૭૦૪૬૦.

રામાણીયાના ઠાકરશી રાંભિયા (ઉં.વ. ૮૫) તા.૨૦/૩/૨૬ના અવસાન પામેલ છે. સ્વ લાછબાઈ (દેવકા) લાલજીના સુપુત્ર. રંજનના પતિ. સ્વ પિયુષ, હિતેશ પિતા. મનફરાના સ્વ દમયંતી કેશવજી સત્રાના જમાઈ, સ્વ રામજી, ગં.સ્વ ચંચળ પ્રેમજી, સ્વ ચંચળ લાલજી શાહના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : સ્વ. ઠાકરશી લા. રાંભિયા. ૧૦૨, મુનિસુવ્રત એપાર્ટમેન્ટ, દીવેકર હોસ્પિટની બાજુમા, વિરાર (પશ્ચિમ).

**રાધનપુરી જૈન**

નીતીનભાઇ કાંતિલાલ ચોકસી (ઉં.વ. ૮૦) ગામ રાધનપુર હાલ ચોપાટી મુંબઇ તે સ્વ. સુલોચનાબેન કાંતિલાલ ચોકસીના સુપુત્ર. સુનીતાબેનના પતિ. શ્વેતા-કાર્તિકભાઇ, શીતલ-નિરલભાઇ, સેજલ-જય-(બોબી), હર્ષ-સ્નેહાના પિતાશ્રી. ઇશાન, શયાન, નાયેશાના નાના. તરલિકાબેન-નવીનભાઇ, મહેશભાઇ-રેખાબેન, રીટાબેન-દિનેશભાઇના ભાઇ. પાટણ નિવાસી સ્વ. નિર્મળાબેન રસિકભાઇ ઝવેરીના જમાઇ ગુરૂવાર, તા. ૧૯-૩-૨૬ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨-૩-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. વાય.બી. ચવ્હાણ સેન્ટર, ૭/૮, જનરલ જગન્નાથ ભોંસલે માર્ગ, નરીમાન પોઇન્ટ, મુંબઇ-૨૧ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

હણોલ નિવાસી હાલ મુંબઇ સ્વ. કમળાબેન વાડીલાલ જગજીવનદાસ પારેખના સુપુત્ર અશોકભાઇ પારેખ (ઉં.વ. ૭૮) તા. ૧૮-૩-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. સ્વ. રેખાબેન પારેખના પતિ. અ. સૌ. હીના હેમલ પારેખ, અ. સૌ. ભૈરવી અનીષ જશવંતરાય શાહ, અ. સૌ. નેહલ (નીકી) હેમલ ભરતભાઇ શાહના પિતાશ્રી. નીલ, નિલોય, આરીનીના દાદા. સ્વ. જયશ્રીબેન (જાગૃતિ) સુરેશ સરવૈયા, અ. સૌ. નયનાબેન ભૂપેન્દ્ર શાહ, અ. સૌ. કામિનીબેન સંજય જસાણી, અ. સૌ. કેતનાબેન વિકાસ શાહના ભાઇ. સ્વ. મણીબેન રામજીભાઇ મોતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૧-૩-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. એફ.પી.એચ. બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઇ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી સ્વ. મનહરલાલ ધરમશી સંઘવીના ધર્મપત્ની રમાબેન (ઉં. વ.૮૯) ગુરુવાર, તા. ૧૯-૩-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે દિનેશ, કિરીટ, ભાવેશ, ભારતીના માતુશ્રી. મિનેશ ભાયાણી, પારુલ, વૈશાલીના સાસુ. ચંદ્રકાંતભાઇ, હિંમતભાઇ, ચંદ્રાબેન, કુસુમબેન, રસીલાબેન અને માયાબેનના ભાભી. મધુબેન અને ભદ્રાબેનના જેઠાણી. ખુશ્બુ અને હીરના દાદી. પિયર પક્ષે પાનાચંદ મેઘજી વોરા (તણસા) હાલ બોરીવલી રણછોડભાઇ, ધીરુભાઇ, ચીમનભાઇ, પરમાણંદભાઇના બેન. સાદડી તા. ૨૧-૩-૨૬ના સાંજે ૪થી ૭. ઠે. ભાવેશ મનહરલાલ સંઘવી. સી-૨૯૦૩, તિરુમાલા હેબિટેટ, બાલ રાજેશ્વર રોડ, મુલુંડ વેસ્ટ. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**પાટણ જૈન**

મણિયાતી પાડાના પાટણ નિવાસી હાલ બેંગલોર સ્થિત ગં. સ્વ. લતાબેન પ્રમોદભાઇ શાહ (ઉં. વ. ૭૭) તે તા. ૧૭-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રમોદભાઇ મણિલાલ શાહના ધર્મપત્ની. મૌલીક અને માનશીના માતુશ્રી. પૂર્વી અને નિકેશનાં સાસુ. સોહમ, નાયરાના દાદી. રોનવનાં નાની. મણિલાલ ગભરૂચંદ શાહના પુત્રવધુ. ભદ્રેશભાઇ (લાલુભાઇ), દિપકભાઇ, સ્વ. ભારતીબેન, રીટાબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# મહારાષ્ટ્રમાં 'ઓપરેશન ટાઇગર'ની ચર્ચા

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૯ જૂને તેમના ત્રીજા કાર્યકાળના બે વર્ષ પૂર્ણ કરશે. એવી ચર્ચા છે કે ભાજપ સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ થયા પછી, વડા પ્રધાન પાંચ રાજ્યોમાં ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને તેમના પ્રધાનમંડળમાં ફેરબદલ કરી શકે છે. રાજકીય વર્તુળોમાં એવી અટકળો ચાલી રહી છે કે મહારાષ્ટ્રના અજિત પવારની એનસીપીના કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર ડૉ. શ્રીકાંત શિંદેને પ્રધાન બનવાની તક મળી શકે છે. હાલમાં, એનડીએના સાથી એનસીપી તરફથી કોઈ પ્રધાન નથી. એવી અટકળો ચાલી રહી છે કે વડા પ્રધાન મોદી ચોમાસા સત્ર પહેલા કેન્દ્રીય પ્રધાનમંડળમાં ફેરબદલ કરી શકે છે. મહારાષ્ટ્રમાં બધી ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે. બારામતી અને રાહુરી વિધાનસભા બેઠકો માટે પણ આવતા મહિને ચૂંટણી યોજાશે. અજિત પવારના અવસાન બાદ, તેમના પત્ની સુનેત્રા પવારે એનસીપી પ્રમુખ સાથે નાયબ મુખ્ય પ્રધાનનું પદ સંભાળ્યું છે. એવી ચર્ચા છે કે મુશ્કેલ સમયમાં પાર્ટીના આધારસ્તંભ રહેલા પ્રફુલ્લ પટેલની રાહ પૂરી થઈ શકે છે. દરમિયાન, શિવસેનાના ક્વોટામાંથી, શ્રીકાંત શિંદેના નામની ચર્ચા થઈ રહી છે. જો શિંદે તેમના પુત્રને પ્રધાન તરીકે નિયુક્ત નહીં કરે, તો બીજો ઉમેદવાર માવળના સાંસદ શ્રીરંગ બાર્ને હોઈ શકે છે. તાજેતરમાં, એકનાથ શિંદેએ દિલ્હીની મુલાકાત દરમિયાન મોદી સાથે ખાસ મુલાકાત કરી હતી. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે કેન્દ્રીય પ્રધાનમંડળમાં ફેરબદલ પહેલાં મહારાષ્ટ્રનું રાજકારણ ફરી ખોરવાઈ શકે છે.

શિંદે જૂથ પોતાનું વર્ચસ્વ વધારવા માટે ઉદ્ધવ ઠાકરેના સાંસદોને તોડીને પોતાના પક્ષમાં લાવવાની તૈયારી કરી રહ્યા છે. આના કારણે રાજ્યમાં ''ઓપરેશન ટાઇગર''ની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. શિંદે શક્ય તેટલા વધુ સાંસદોને સામેલ કરીને કેન્દ્રમાં પોતાનો પ્રભાવ વધારવાનો પ્રયાસ કરી શકે છે. બુલઢાણાના રહેવાસી પ્રતાપરાવજાધવને પ્રમોશન મળી શકે છે અને શિંદેની પાર્ટીને વધુ એક પ્રધાનપદ મળવાની શક્યતા છે.

# જીનની મદદથી સમસ્યાનું સમાધાનઃ યુવતીએ ૧૫.૯૩ લાખ રૂપિયા ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અલૌકિક શક્તિ અને જીનના માલિક હોવાની ડંફાસ હાંકીને સમસ્યાનું સમાધાન કરી આપવાને બહાને સાયનમાં રહેતી યુવતી પાસેથી ૧૫.૯૩ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. વળી, આ રકમ એકસાથે નહીં, પણ આરોપીએ ટુકડે ટુકડે લગભગ અઢી વર્ષ દરમિયાન પડાવી હતી.

સાયનના પ્રતીક્ષા નગર વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષની યુવતીએ નોંધાવેલી ફરિયાદને આધારે સેન્ટ્રલ રિજન સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર ૨૦૨૩માં ઈન્સ્ટાગ્રામ પર યુવતીએ એક પોસ્ટ જોઈ હતી, જેમાં કોઈ પણ સમસ્યાનું સમાધાન જીનના માધ્યમથી કરી આપવાની વાતનો ઉલ્લેખ હતો. પોસ્ટમાંના દાવાથી અંજાઈને યુવતીએ તેના પર આપેલી લિંક પર ક્લિક કર્યું હતું.

લિંક પર ક્લિક કરતાં જ વૉટ્સઍપ એકાઉન્ટ ખૂલ્યું હતું, જેના થકી યુવતી વાહિદ અને સાહિલ નામના આરોપીઓના સંપર્કમાં આવી હતી. વૉટ્સઍપ ચૅટિંગથી આરોપીએ યુવતીને તેનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ હોવાનું કહ્યું હતું. નામ, પૈસા, પ્રેમ અને સફળતા હાંસલ કરી શકે છે, પણ તે માટે એક નાનો વિધિ કરવો પડશે, એવું આરોપીએ કહ્યું હતું.આરોપીએ પોતાની પાસે અલૌકિક શક્તિ અને જીન હોવાનો દાવો કર્યો હતો.

# ધર્મગુરુ સાથેના સંબંધો બદલ મહારાષ્ટ્ર મહિલા આયોગનાં અધ્યક્ષાની ટીકા

મુંબઈઃ વિરોધ પક્ષોએ શુક્રવારે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગનાં અધ્યક્ષ રૂપાલી ચાકણકર પર નિશાન સાધ્યું હતું. તેમના પર એક સ્વયંભૂ અંકશાસ્ત્રી સાથે કથિત સંબંધો હોવાનો આક્ષેપ છે, જેની નાસિક ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક મહિલા પર બળાત્કાર ગુજારવા અને ધાર્મિક વિધિઓના બહાને અનેક મહિલાઓનું શોષણ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સુષ્મા અંધારે અને સામાજિક કાર્યકર્તા અંજલી દમણિયાએ જણાવ્યું હતું કે ચાકણકરે 'ગોડમેન' અશોક ખરાત, સાથેના સંબંધો બદલ પદ પરથી રાજીનામું આપવું જોઈએ.

પ્રદેશ કૉંગ્રેસના પ્રવક્તા અતુલ લોંઢેએ જણાવ્યું હતું કે ખરાત કેસમાં એસઆઇટી તપાસનું નેતૃત્વ એડીજી રેન્કની મહિલા પોલીસ અધિકારીએ કરવું જોઈએ. અંધારેએ કહ્યું કે કેસમાં સત્ય બહાર આવે તે માટે ચાકણકરનો નાર્કો ટેસ્ટ કરાવવો જોઈએ. અંધારેએ એવા ફોટા પણ પ્રદર્શિત કર્યા હતા, જેમાં ચાકણકર તેની અનામિક આંગળી પર પાટો બાંધેલી જોવા મળે છે.

દમણિયાએ દાવો કર્યો હતો કે ખરાત આધ્યાત્મિક પ્રથાઓની આડમાં નાણાકીય છેતરપિંડી, જમીન હડપ કરવા અને મહિલાઓના જાતીય શોષણમાં સંડોવાયેલા હતા. આરોપીએ ઘણી મહિલાઓનું શોષણ કર્યું હતું, ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓનું અને કહેવાતા ઉપાયો અને સલાહ દ્વારા શ્રીમંત ભક્તો પાસેથી પૈસા પડાવ્યા હતા.

છેલ્લા પાનાનું ચાલુ

## મુંબઈગરાને

મૂકવાની નોબત આવશે નહીં એવું માનવામાં આવે છે. સાતેય જળાશયોમાં શુક્રવારે સવારના ૪૪.૦૯ ટકા જેટલો પાણીનો જથ્થો હતો. આટલું પાણી મુંબઈને જૂન મહિના સુધી ચાલી રહેશે એવું પાણીપુરવઠા વિભાગનું માનવું છે.

મુંબઈને પાણીપુરવઠો કરનારાં જળાશયોમાં શુક્રવાર સવારના ૪૪.૦૯ ટકા જેટલો પાણીનો સ્ટોક હતો.

છેલ્લાં ત્રણ વર્ષમાં સૌથી વધુ ગણાય છે. ૨૦૨૫ની સાલમાં સાતેય જળાશયોમાં આ જ સમયે ૩૯.૯૬ ટકા પાણીનો સ્ટોક હતો. તો ૨૦૨૪ની સાલમાં જળાશયોમાં ૩૪.૫૪ ટકા પાણીનો સ્ટોક હતો. ગયા વર્ષે ચોમાસાએ મોડી વિદાય લીધી હતી અને નવેમ્બરના પહેલા અઠવાડિયામાં પણ સારો એવો વરસાદ પડી ગયો હતો, તેને પગલે જળાશયોમાં પાણીનું સ્તર જળવાઈ રહ્યું હતું. તેથી આ વર્ષે માર્ચ મહિનાનું પખવાડિયું વીતી ગયું છે, છતાં જળાશયોમાં ૪૪ ટકાથી પણ વધુ પાણીનો સ્ટોક બચ્યો છે.

મુંબઈ બહાર આવેલા અપર વૈતરણા, મોડક સાગર, તાનસા, મિડલ વૈતરણા, ભાતસા તેમ જ મુંબઈની અંદર આવેલા વિહાર અને તુલસી આ સાત જળાશયોમાંથી પ્રતિદિન પાણીપુરવઠો કરવામાં આવે છે. વીતેલાં બે વર્ષની સરખાણીમાં સાતેય જળાશયોમાં પાણીનું સ્તર ઊંચું હોવાથી જૂન મહિના સુધી પાણી ચાલશે એવો પાલિકાના પાણીપુરવઠા વિભાગનો અંદાજો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે ઉનાળામાં મુંબઈમાં પાણીકાપ મુકાવાની શક્યતા લગભગ નહીંવત છે. સામાન્ય રીતે એક ટકા પાણી ત્રણ દિવસ ચાલે છે એ હિસાબે જળાશયોમાં હાલ ૧૩૦ દિવસથી પણ વધુ ચાલે એટલો પાણીનો સ્ટોક છે. જે લગભગ જૂન મહિનામાં ચોમાસાના આગમન સુધી ચાલી રહેશે એવો અમારો અંદાજો છે.

સામાન્ય રીતે ઉનાળામાં આકરી ગરમી રહેતી હોય છે અને તેને કારણે પાણીનું બાષ્પીભવન પણ થતું હોય છે. માર્ચ મહિનામાં જ હમણાં મુંબઈ સહિત થાણે જિલ્લામાં ત્રણ વખત હીટ વેવ આવી ગઈ છે. તેથી પાણીનું બાષ્પીભવન થવાનું પ્રમાણ વધી જતું હોય છે. સદ્‌નસીબે અત્યાર સુધી જળાશયમાં પાણીનું સ્તર જળવાઈ રહ્યું છે અને આગામી દિવસોમાં પણ વાંધો નહીં એવો અમારો અંદાજો છે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે જળાશયોમાં પૂરતું પાણી છે, જે જૂન મહિના સુધી ચાલશે. તેમ જ ચોમાસું પણ આ વર્ષે સામાન્ય રીતે તેના નિર્ધારીત સમયે બેસી જશે એવી શકયતા છે. તેથી પાણીકાપ મૂકવાની હાલ તો કોઈ આવશ્યતા જણાતી નથી. છતાં જો ચોમાસું આગળ-પાછળ થાય અથવા ગરમીનું પ્રમાણ વધીને પાણીનું બાષ્પીભવન પણ વધુ થાય છે તો પણ આપણી પાસે રિઝર્વ પાણીનો સ્ટોક રહેશે. અગમચેતીના પગલારૂપે અમે પહેલાથી જ સરકાર પાસેથી રિઝર્વ પાણીનો સ્ટોક વાપરવાની મંજૂરી મેળવી લેવાની યોજના બેક-અપમાં રાખશું, જેમાં ભાતસામાંથી ૧.૪ લાખ મિલ્યન લિટર અને અપર વૈતરણામાંથી ૯૩.૫૦૦ મિલ્યન લિટર રિઝર્વ પાણી મેળવી શકાય છે

## ચોમાસું

પાલિકાના સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ દ્વારા પંપ બેસાડવામાં આવતા હોય છે. શુક્રવારે તે માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જોકે ગયા વર્ષ કરતા આ વર્ષે પંપની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ગયા વર્ષે જ આ સંખ્યા ૪૨૨ની હતી. આ વર્ષે ૫૪૭ પંપ બેસાડવામાં આવવાના છે. પાલિકાએ ૨૪ વોર્ડ માટે બે વર્ષ માટે પંપની સેવા કૉન્ટ્રેક્ટ પર લેવાની છે, તે માટે ટેન્ડર બહાર પાડ્યા હતા. ગયા વર્ષે પાલિકાએ ૪૨૨ ઠેકાણે પંપ બેસાડયા હતા. ગયા વર્ષે જોકે ૨૬ મે, ૨૦૨૫ના પડેલા કમોસમી વરસાદ દરમ્યાન અનેક જગ્યાએ પાણી ભરાઈ જતા વોર્ડ દ્વારા વધારાના પંપની પણ માગણી કરવામાં આવી છે.

ચોમાસામાં વરસાદની પાણીનો નિકાલ કરવા તાત્પૂરતા સમય માટે પંપ બેસાડવામાં આવતા હોય છે. જોકે મુંબઈમાં નીચાણવાળા વિસ્તાર કે જયાં થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ જતા હોય છે તેવા ક્રોનિક પોઈન્ટની સંખ્યામાં ઘટાડો કરવા માટે અનેક પ્રયાસ બાદ પણ છેલ્લા એક વર્ષમાં પાણી ભરાવવાના (ક્રોનિક ફ્લડિંગ પોઈન્ટ) સ્થળોમાં ૧૦ ટકાનો વધારો થયો હોવાનું પાલિકાના આંકડા પરથી જણાઈ આવ્યું છે. હાલ મુંબઈમાં ૪૯૮ ફ્લડિંગ પોઈન્ટ છે, જયારે ગયા વર્ષે આ સંખ્યા ૪૫૩ હતી.

ચોમાસામાં પાણી ભરાવવાના સ્થળોની સંખ્યામાં કાયમી ઘટાડો કરવા બ્રિમસ્ટોર્વડ પ્રોજેક્ટ અમલમાં મૂકવા સહિત અનેક ઉપાયયોજના અમલમાં મૂકી હતી, તેને કારણે ક્રોનિક પોઈન્ટની સંખ્યામાં ઘટાડો થવો જોઈતો હતો પણ તેને બદલે ગયા વર્ષ કરતા આ વર્ષે પાણી ભરાવવાના સ્થળોની સંખ્યામાં ૧૦ ટકાથી વધારો થયો હોવાનું જણાઈ આવ્યું હતું.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ૪૯૮ ફ્લડ પોઈન્ટમાંથી ૩૯૧ જગ્યાએ ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી છે. બાવન જગ્યાએ આગામી દિવસોમાં ઉપાયયોજના અમલમાં મૂકાશે. પંચાવન જગ્યાએ પાણી ન ભરાય તે માટેની યોજના પાઈપલાઈનમાં છે. તો બાકીની ૨૬ જગ્યા માટે રેલવે, મેટ્રો, ટ્રાફિક અને એમએમઆરડીએ સાથે સકંલન કરીને ઉકેલવામાં આવશે.

**જુદી જુદી ઓથોરિટી સાથે સંકલન કરાશે**

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ હાલ મુંબઈમાં આવા ક્રોનિક પોઈન્ટની સંખ્યા ૪૯૮ થઈ ગઈ છે. ગયા વર્ષે ૪૫૩ એવા ક્રોનિક પોઈન્ટ હતા જયાં મધ્યમ વરસાદમાં પણ પાણી ભરાઈ ગયા હતા. પાલિકાએ આ વિસ્તારોમાં પાણી ભરાય નહીં તે માટે રેલવે, મેટ્રો, ટ્રાફિક પોલીસ સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ સાથે સંકલન કરીને તેના પર ઉપાયયોજના અમલમાં મૂકવાની હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

**નવા ક્રોનિક પોઈન્ટ**

આ વર્ષે જે નવા ક્રોનિક પોઈન્ટ એટલે કે જયાં પાણી ભરાવાની શક્યતા છે તે શોધી કાઢવામાં આવ્યા છે, તેમાં વિક્રોલી, પરેલ, અંધેરી, વિલેપાર્લે, સાંતાક્રુઝ અને દહિસરના વિસ્તારમાં આવેલા છે. આમાંથી ઘણા વિસ્તાર રેલવે ટ્રેક અને મીઠી નદીના કિનારે નીચાણવાળા વિસ્તાર અને વાલભટ તેમ જ દહિસર નદી પાસે આવેલા છે.

## મુંબઈ પ્રેસ કલબમાં

શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. પોલીસના જણાવ્યા મુજબ પ્રેસ કલબને આવેલા ઈ-મેઈલ પર શુક્રવારની સવારે કમિટી મેમ્બરની નજર પડી હતી. પ્રેસ કલબમાં ગૅસ બૉમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો હોવાથી બપોરે એક વાગ્યે ધડાકો થવાની ધમકી મેઈલમાં અપાઈ હતી. મેઈલ મોકલનારાની ઓળખ નીરજા અજમલ ખાન તરીકે થઈ હતી. મેસેજમાં તેણે રાજકીય દાવાઓ પણ કર્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ધમકીભર્યા મેઈલની માહિતી તાત્કાલિક પોલીસને આપવામાં આવી હતી. માહિતી મળતાં જ આઝાદ મેદાન પોલીસ, બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ) તેમ જ અન્ય સુરક્ષા એજન્સીના અધિકારીઓ દક્ષિણ મુંબઈમાં આવેલી ક્લબની ઈમારતમાં પહોંચી ગયા હતા. બીડીડીએસ, ડૉગ સ્ક્વૉડ અને પોલીસે આખા પરિસરમાં તપાસ કરી હતી. જોકે શંકાસ્પદ એવી કોઈ વસ્તુ ન મળતાં બૉમ્બની વાત અફવા સાબિત થઈ હતી, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે આઝાદ મેદાન પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. જે ઈ-મેઈલ આઈડી પરથી ધમકીભર્યો મેસેજ આવ્યો હતો તેની વધુ વિગતો સાયબર પોલીસ પ્રાપ્ત કરી રહી છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

INCOME TAX DEPARTMENT
આવકવેરા અધિનિયમ, ૨૦૨૫
૧લી એપ્રિલ ૨૦૨૬
થી લાગુ
વધુ સ્પષ્ટ અને સમજવા માટે સરળ
CBC 15401/13/0017/2526
આવકવેરા અધિનિયમ 2025
વિકસિત ભારતનો આધાર
સરળ કાયદો, સશક્ત ભારત
ટેક્સ કાયદો
બનાવ્યો સરળ
વિકસિત ભારતની ઓળખ
“આજે દેશનું લક્ષ્ય છે વિકસિત ભારત સશક્ત ભારત! જ્યાં સુધી વિકસિત ભારતનું આ સ્વપ્ન પૂર્ણ ન થાય ત્યાં સુધી અમે રોકાવાના નથી.”
- શ્રી નરેન્દ્ર મોદી, પ્રધાન મંત્રી


# યુવાનની હત્યા બાદ મૃતદેહ રેલવે ટ્રેક પર ફેંકવાના કેસમાં પાંચ આરોપી નિર્દોષ

થાણેઃ પ્રેમપ્રકરણમાં યુવાનનું અપહરણ કરીને હત્યા કર્યા બાદ તેના મૃતદેહને રેલવે ટ્રેક પર ફેંકી દેવાના ૨૦૧૮ના કેસમાં કોર્ટે પાંચ આરોપીને નિર્દોષ છોડી મૂક્યા હતા. સાંયોગિક પુરાવાની કડીઓ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયો હોવાની નોંધ કોર્ટે કરી હતી. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજ એસ. બી. અગરવાલે બુધવારે આપેલા ચુકાદામાં રવિ અશોક ચૌધરી (૩૭), રાજેન્દ્રપ્રસાદ શિવયજ્ઞ તિવારી (૪૭), સંજિવકુમાર ઉપાધ્યાય (૩૮), અશોકકુમાર શુક્લા (૪૦) અને રામશંકર તિવારી (૨૮)ને હત્યા અને ગુનાહિત કાવતરા સહિત બધા આરોપમાંથી મુક્ત કર્યા હતા.

ફરિયાદ પક્ષે આક્ષેપ કર્યો હતો કે આરોપી રાજેન્દ્રપ્રસાદ તિવારીની દીકરી સાથે અફેર હોવાને કારણે સુરેન્દ્ર મિશ્રાની હત્યા કરવામાં આવી હતી. મિશ્રાને મુલુંડના એક ગૅરેજમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં લાકડું ફટકારી તેની હત્યા કરવામાં આવી હતી. પછી રિક્ષામાં મુલુંડ સ્ટેશને પહોંચી મૃતદેહને ટ્રેનમાં લઈ જવાયો હતો. ચાલતી ટ્રેનમાંથી મૃતદેહને ખડવલી અને વાશિંદ સ્ટેશન વચ્ચે પાટા પર ફેંકવામાં આવ્યો હતો.

જોકે આરોપીઓને ગુના સાથે જોડતા પૂરતા પુરાવા ન હોવાનું કોર્ટે નોંધ્યું હતું. આ આખો કેસ સાંયોગિક પુરાવાને આધારે છે. ફરિયાદ પક્ષે કોઈ સાક્ષી તપાસ્યા નહોતા. કોઈ પણ સ્થળે સાક્ષી ન હોવાનું જણાયું હતું, એમ કોર્ટનું કહેવું હતું. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્ર સરકાર સમાન નાગરિક સંહિતા અંગે પરામર્શ કરી રહી છે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે જણાવ્યું હતું કે તેઓ સમાન નાગરિક સંહિતા (યુસીસી) અંગે હિતધારકો સાથે પરામર્શ કરી રહ્યા છે.

ભાજપના એક વિધાનસભાના સભ્ય દ્વારા રાજ્ય વિધાન પરિષદમાં ઉત્તરાખંડ જેવો જ કાયદો લાવવાની માગ કરવામાં આવ્યા બાદ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જે તમામ ધર્મના નાગરિકો માટે સમાન કાયદાઓને પ્રોત્સાહન આપે છે. ભાજપના પરિણય ફુકેએ બુધવારે વિધાન પરિષદમાં ‘ધ્યાન દોરવાની દરખાસ્ત’ દ્વારા આ મુદ્દો ઉઠાવ્યો હતો. સંજોગોવશાત્, એ જ દિવસે ગુજરાતની ભાજપ સરકારે પણ રાજ્યમાં યુસીસી લાવવા માટેનું બિલ રજૂ કર્યું હતું.

જોકે, કાઉન્સિલને જણાવવામાં આવ્યું હતું કે સરકારને ફુકેના પ્રસ્તાવનો જવાબ આપવા માટે વધુ સમયની જરૂર પડશે, કારણ કે તે વિવિધ હિસ્સેદારો સાથે પરામર્શ કરી રહી છે.

પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હેએ જણાવ્યું હતું કે, ‘‘આ મુદ્દો મહત્વનો હોવાથી, તમામ વિભાગોએ એક મહિનાની અંદર લેખિતમાં જવાબ આપવો જોઈએ. આ મુદ્દા માટે કાયદા અને ન્યાયતંત્ર, મહિલા અને બાળ વિકાસ અને સામાન્ય વહીવટ વિભાગો સાથે પરામર્શ જરૂરી છે, અને વ્યાપક જવાબની જરૂર છે.’’ ‘‘આ એક મહત્ત્વપૂર્ણ કાયદો છે. સરકાર આ ’ધ્યાન દોરવાની દરખાસ્ત’નો જવાબ આપવા માગે છે, તેથી જ તેને વિવિધ વિભાગોમાં મોકલવામાં આવી છે,’’ ગોર્હેએ ઉમેર્યું હતું. ફુકેએ નોંધ્યું હતું કે બંધારણમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સમાન નાગરિક સંહિતા માટે પ્રયત્નો કરવા જોઈએ. ■

# મલાડમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર પાણી ભરેલા ખાડામાં પડીને બાળકનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડ (પૂર્વ)માં એક કન્સ્ટ્રક્શન સાઈટ પર પાણી ભરેલા ખાડામાં પડી જવાથી આઠ વર્ષના બાળકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. પોલીસે આ બાબતે કેસ નોંધીને તપાસ હાથ ધરી હતી.

કુરાર પોલીસના જણાવ્યા મુજબ મલાડ પૂર્વમાં કુરાર વિલેજમાં આંબેવાડી વિસ્તારમાં આવેલી છગન પટેલ ચાલમાં આ બનાવ બન્યો હતો, જેમાં ગુરુવારે મોડી સાંજે આઠ વર્ષનો બાળક તેના મિત્રો સાથે બોલ રમી રહ્યો હતો ત્યારે ત્યાં નજીક એક કન્સ્ટ્રક્શન સાઈટ પર તેનો બોલ જતો રહ્યો હતો. સાઈટ પર મોલી કન્સ્ટ્રક્શન કંપની દ્વારા બાંધકામ ચાલી રહ્યું હતું અને અહીં ખાડામાં પાણી ભરેલું હતું. બાળકનો બોલ અહીં આવતા તે ખાડામાંથી બોલ બહાર કાઢવાનો પ્રયાસ કરવા ગયો હતો અને તે અંદર પડી ગયો હતો.

ઘટનાની જાણ થતા સ્થાનિકો દોડી આવ્યા હતા અને એ સમયે પોલીસને પણ જાણ કરવા આવી હતી. ઘટનાસ્થળે પોલીસે પહોંચીને પોણો કલાકની જહેમત બાદ બાળકને બહાર કાઢીને તેને કાંદિવલીમાં આવેલી ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો પણ સારવાર મળે તે અગાઉ જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. મૃતકનું નામ દિવ્યાંશ રાજેશ મોર્ય હતું. ■

વન વિભાગ ગુજરાત રાજ્ય | સત્યમેવ જયતે ગુજરાત સરકાર | LiFE Lifestyle for Environment

આંતરરાષ્ટ્રીય વન દિવસ
૨૧ માર્ચ, ૨૦૨૬

International Day of Forests
Forests and Economies

- રાજ્યમાં વન બહારના વૃક્ષોની સંખ્યા વર્ષ ૨૦૨૧માં ૩૯.૭૫ કરોડથી વધીને વર્ષ ૨૦૨૫માં ૪૪.૩૫ કરોડ નોંધાઇ
- ગુજરાતને વધુ હરિયાળું બનાવવા તથા સમૃદ્ધ ભવિષ્ય માટે વન અને પર્યાવરણ વિભાગનું વર્ષ ૨૦૨૬-૨૭ કુલ બજેટ ₹૩૫૬૦ કરોડ થયું
- ‘એક પેડ મા કે નામ ૨.૦’ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૧૦.૯૬ કરોડ રોપાનું વાવેતર/વિતરણ કરવામાં આવ્યું
- વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યમાં દરિયા કિનારે કુલ ૧૪,૦૩૦ હેક્ટરમાં ચેરનાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું
- કચ્છ જિલ્લામાં આવેલ છારીઢંઢ વેટલેન્ડ વિસ્તારને રાજ્યની પાંચમી રામસર સાઇટ (વેટલેન્ડ ઑફ ઇન્ટરનેશનલ ઇમ્પોર્ટન્સ) જાહેર કરવામાં આવી
- રાજ્યના વનવિસ્તારમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ક્ષેત્રીય વનીકરણ હેઠળની યોજનાઓમાં ૩૪,૩૦૦ હેક્ટર વિસ્તારમાં કુલ ૨.૭૬ કરોડ રોપા વાવેતર
- રાજ્યમાં વર્ષ ૨૦૨૫-૨૬માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત ખાતાકીય તેમજ ખેડૂતલક્ષી મૉડેલમાં કુલ ૩૯,૨૯૫ હેક્ટર વિસ્તારમાં વાવેતર
- ચાલો, હરિત અભિયાનમાં જોડાઇએ, વધુમાં વધુ વૃક્ષો વાવીએ અને આપણા અર્થતંત્રને વધુ મજબૂત બનાવીએ

‘‘આપણાં વન એ મજબૂત અર્થતંત્ર અને ટકાઉ ભવિષ્યનો પાયો છે. આવો, વધુ વૃક્ષો વાવીને આવનારી પેઢીઓ માટે એક હરિયાળા અને સમૃદ્ધ ગુજરાતનું નિર્માણ કરીએ’’
– શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વન વિભાગના હેલ્પલાઇન નં.૧૯૨૬ ઉપર કૉલ કરો અથવા ૮૩૨૦૦૦૨૦૦૦ પર મેસેજ/વૉટ્સએપ/મિસ્ડ કૉલ કરો
વધુ જાણકારી માટે QR કોડ સ્કેન કરો
વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર

# આઈવીએફ (IVF): નિસંતાનતા માટે આધુનિક ઉપચાર






આજના સમયમાં નિસંતાનતા (Infertility) એક વધતી જતી સમસ્યા બની રહી છે. બદલાતી જીવનશૈલી, મોડા લગ્ન અને વધતા તણાવને કારણે ઘણા દંપતીઓને સંતાન પ્રાપ્તિ માટે તબીબી મદદ લેવી પડી રહી છે. ઉપલબ્ધ વિવિધ ઉપચારમાં, ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન (IVF) સૌથી અસરકારક અને વિશ્વસનીય પદ્ધતિ તરીકે ઊભરી આવ્યું છે.

IVF એ એવી પ્રક્રિયા છે જેમાં સ્ત્રીના અંડાણુ (egg) અને પુરુષના શુક્રાણુ (sperm) શરીરની બહાર, નિયંત્રિત લેબોરેટરીમાં ભેગા કરવામાં આવે છે. બનેલું ભ્રૂણ (embryo) પછી ગર્ભાશયમાં સ્થાનાંતરિત કરવામાં આવે છે, જ્યાં તે વિકાસ પામી શકે છે. વર્ષોથી IVF ટેકનોલોજીમાં ઘણો વિકાસ થયો છે, જેના કારણે ઘણા દંપતીઓ માટે માતા-પિતા બનવાનું સપનું હવે સાકાર થઈ રહ્યું છે.

### ★ કોણ માટે IVF યોગ્ય છે?

IVF નીચેની પરિસ્થિતિઓમાં ખાસ ઉપયોગી છે:

★ બંધ અથવા નુકસાનગ્રસ્ત ફેલોપિયન ટ્યુબ
★ ગંભીર પુરુષ સંબંધિત સમસ્યાઓ
★ એન્ડોમેટ્રિઓસિસ
★ ઓવ્યુલેશન સંબંધિત સમસ્યાઓ
★ અનિર્દિષ્ટ નિસંતાનતા
★ વધતી ઉંમર (Advanced maternal age)

તે દંપતીઓ માટે પણ ઉપયોગી છે જેઓએ IUI જેવી સરળ સારવારથી સફળતા મેળવી નથી.

### ★ IVF પ્રક્રિયા કેવી રીતે થાય છે?

IVF પ્રક્રિયામાં ઘણા તબક્કાઓ હોય છે. શરૂઆતમાં, સ્ત્રીને દવાઓ દ્વારા એકથી વધુ અંડાણુ બનાવવામાં પ્રોત્સાહિત કરવામાં આવે છે. પછી નાની પ્રક્રિયા દ્વારા અંડાણુ બહાર લેવામાં આવે છે. આ દરમિયાન, પુરુષના શુક્રાણુ એકત્રિત કરીને તૈયાર કરવામાં આવે છે.

પછી લેબોરેટરીમાં ફર્ટિલાઇઝેશન થાય છે અને ભ્રૂણનું વિકાસ ધ્યાનથી નિરીક્ષણ કરવામાં આવે છે. થોડા દિવસ પછી, સ્વસ્થ ભ્રૂણ ગર્ભાશયમાં સ્થાનાંતરિત કરવામાં આવે છે. બાકીના સારા ભ્રૂણને ભવિષ્ય માટે ફ્રીઝ કરી શકાય છે.

### ★ IVFમાં નવી પ્રગતિઓ

આધુનિક IVF હવે માત્ર ફર્ટિલાઇઝેશન પૂરતું નથી, પરંતુ તે વધુ ચોકસાઈ અને વ્યક્તિગત ઉપચાર પર આધારિત છે.

એમ્બ્રિયો ફ્રીઝિંગ, જનેટિક ટેસ્ટિંગ (PGT) અને સુધારેલી લેબ ટેકનોલોજી જેવી પદ્ધતિઓએ સફળતાના દરમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

પરંતુ, IVFની સફળતા ઘણા પરિબળો પર આધારિત છે - ખાસ કરીને સ્ત્રીની ઉંમર અને અંડાણુની ગુણવત્તા. IVF ઉત્તમ વિકલ્પ છે, પરંતુ ૧૦૦% ગેરંટી નથી.

### ★ માનસિક અને તબીબી સહાય

IVFનો સફર શારીરિક તેમજ માનસિક રીતે પડકારજનક હોઈ શકે છે. દર્દીઓને યોગ્ય માર્ગદર્શન, પારદર્શક સંવાદ અને વ્યક્તિગત કાળજી આપવી ખૂબ જ જરૂરી છે.

### ★ યોગ્ય કેન્દ્રની પસંદગી

IVFની સફળતા માટે તબીબી નિષ્ણાતની સાથે સાથે આધુનિક ટેકનોલોજી અને સુવિધાઓ પણ મહત્ત્વપૂર્ણ છે.

Sunshine Fertility & IVF Centre ખાતે દર્દીઓને વિશ્વસ્તરીય (state-of-the-art) સુવિધાઓ અને આધુનિક પ્રજનન ટેકનોલોજી ઉપલબ્ધ છે. અહીં પુરાવા આધારિત સારવાર, વ્યક્તિગત પ્રોટોકોલ અને નૈતિક તબીબી પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવે છે.

**આશાનો સંદેશ** *નિસંતાનતા મુશ્કેલ લાગી શકે છે, પરંતુ યોગ્ય સમય પર યોગ્ય સારવાર અને માર્ગદર્શનથી માતા-પિતા બનવું શક્ય છે.*

*IVF માત્ર ઉપચાર નથી - તે આશા, હિંમત અને નવા જીવનની શક્યતાઓનો સફર છે.*

**સંપર્કઃ www.sunshineivf.com**

સનશાઈન ફર્ટિલિટી & IVF સેન્ટર | બીજો માળ, સૂર્યોદય એપાર્ટમેન્ટ, ૨૦૧, ૭, જૂહૂ તારા રોડ, પી.એચ. મેડિકલ સેન્ટરની પાછળ, મુંબઈ-૪૦૦૦૫૪. Phone - 9820133883 | ગ્રુપ ૭, એ યુનિટ ઑફ અતુલ-લોક હૉસ્પિટલ, ૧૩૯/૨૪૪૭, આંબેડકર હૉસ્પિટલની સામે, ટાગોર નગર, વિક્રોલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૮૩. Phone - 7298666555

# સગીર પાસેથી મળ્યો ૧૨.૬૬ લાખનો ગાંજો

થાણેઃ નવી મુંબઈ પોલીસે એક કાર આંતરી સગીર પાસેથી અંદાજે ૧૨.૬૬ લાખ રૂપિયાનો ગાંજો જપ્ત કર્યો હતો. વાશી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મળેલી માહિતીને આધારે ગુરુવારે વાશીમાં શંકાસ્પદ કારને રોકવામાં આવી હતી. કારમાં હાજર અંદાજે બાવીસ વર્ષનો યુવક ફરાર થઈ રહ્યો હતો, જ્યારે તેનો ૧૭ વર્ષનો સાથી પકડાઈ ગયો હતો. પકડાયેલા સગીર પાસેથી અંદાજે ૧૨.૬૬ લાખ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે કારને પણ તાબામાં લીધી હતી. આ પ્રકરણે એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી સગીરને રિમાન્ડ હોમમાં મોકલી દેવાયો હતો, જ્યારે તેના ફરાર સાથીની શોધ હાથ ધરવામાં આવી છે. ■



Deepak Somaiya



Deepak Somaiya



KAAJAL ADS



KAAJAL ADS



Deepak Somaiya



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સુરતના પાંડેસરામાંથી ૩૫ ભરેલાં અને ૨૦૫ ખાલી સિલિન્ડર જપ્ત, ગેસ એજન્સી સામે તપાસ શરૂ

અમદાવાદઃ સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલી વડોદની એક જાણીતી ગેસ એજન્સીમાં પુરવઠા વિભાગ દ્વારા અચાનક દરોડા પાડવામાં આવ્યા હતાં. ટીમે સ્થળ પરથી કુલ ૩૫ ગેસથી ભરેલા સિલિન્ડર અને ૨૦૫ ખાલી સિલિન્ડર શોધી કાઢ્યાં હતાં. આટલી મોટી સંખ્યામાં સિલિન્ડરનો જથ્થો મળી આવતા વિસ્તારમાં અને ગેસ વિતરણ વર્તુળોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. પુરવઠા વિભાગની ટીમ જેવી એજન્સી પર પહોંચી, ગભરાયેલો મેનેજર તરત જ સ્થળ છોડીને ભાગી છૂટ્યો હતો. મેનેજરના અચાનક ગાયબ થવાથી અધિકારીઓની શંકા વધુ મજબૂત બની હતી કે અહીં કોઈ મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા સત્તાવાળાઓએ તાત્કાલિક અસરથી ગેસ એજન્સીનું ગોડાઉન, ઓફિસ અને અન્ય સંબંધિત કામકાજના સ્થળોને સીલ કરી દીધા છે. એજન્સીનો તમામ વહીવટ સ્થગિત કરી દેવામાં આવ્યો છે અને જવાબદારો સામે પગલાં લેવાશે. આ એજન્સી દ્વારા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના વેચાણમાં મંજૂરી વગરના વ્યવહારો કરવામાં આવતા હોવાનું પણ પુરવઠા અને મામલતદારની ટીમે પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. અધિકારીઓ તે બાબત પણ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે આ ૩૫ ભરેલા સિલિન્ડરો ક્યાંથી આવ્યાં અને ૨૦૫ ખાલી બોટલોનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવતો હતો?

## ગુજરાત ૨030 સુધીમાં ૧ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી બનવા સજ્જઃ ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે આયોજિત કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી ગુજરાતના વાર્ષિક અધિવેશન અને 'ગુજરાત ૧ ટ્રિલિયન ડૉલર ઇકોનોમી' વિષયક પરિષદમાં સંબોધન કર્યું હતું.

આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે ગુજરાત ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનવા સજ્જ છે. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે રાજ્ય સરકાર ઉદ્યોગકારોની સાથે રહીને તમામ જરૂરી સપોર્ટ પૂરો પાડવા માટે વચનબદ્ધ છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, એક સમયે ગુજરાતમાં વિકાસ માત્ર વાપી-વડોદરા બેલ્ટ પૂરતો સીમિત હતો. પરંતુ વડા પ્રધાને સમગ્ર ગુજરાતના સર્વગ્રાહી વિકાસનો વિચાર કરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પાણી અને વીજળી જેવી માળખાકીય જરૂરિયાતો મજબૂત કરી છે. ૨૦૦૩થી શરૂ થયેલી વાઇબ્રન્ટ ગુજરાત સમિટના પરિણામે આજે ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટેનું સર્વોત્તમ ડેસ્ટિનેશન બન્યું હોવાનું જણાવ્યું હતું.

આગળ વાત કરતાં તેમણે કહ્યું હતું કે આજે ભારત અને ખાસ કરીને ગુજરાતમાં સેમીકન્ડક્ટર જેવી અત્યાધુનિક ઇન્ડસ્ટ્રીઝ આવી છે. જે કામ દાયકાઓ સુધી અશક્ય લાગતું હતું, તે આજે ગુજરાતની ધરતી પર સાકાર થઈ રહ્યું છે.

ગુજરાતની આર્થિક ક્ષમતા દર્શાવતા ગર્વ સાથે તેમણે જણાવ્યું હતું કે, દેશની માત્ર ૫ ટકા વસ્તી હોવા છતાં જીડીપીમાં ગુજરાતનો હિસ્સો ૮ ટકા છે, જેને આપણે ૧૦ ટકાથી ઉપર લઈ જવો છે. મેન્યુફેક્ચરિંગમાં ક્ષેત્રમાં દેશના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૭ ટકા અને નિકાસમાં ૩૩ ટકા હિસ્સો છે. આગળ તેમણે જણાવ્યું હતું કે દેશના કુલ કાર્ગો હેન્ડલિંગનો ૪૦ ટકા હિસ્સો એકલું ગુજરાત સંભાળે છે. કેમિકલ ઉદ્યોગમાં ૩૩ ટકા, ફાર્મા એક્સપોર્ટમાં ૧૯.૨ ટકા અને ડાયમંડ એક્સપોર્ટમાં ૮૦ ટકા હિસ્સો ગુજરાતનો હોવાનું જણાવ્યું હતું.

## જિલ્લા-તાલુકા પંચાયત ચૂંટણીની તૈયારી તેજ, ૨૩ માર્ચે પ્રાથમિક મતદારયાદી જાહેર

અમદાવાદઃ રાજ્ય ચૂંટણી પંચે આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીની તૈયારી તેજ કરી દીધી છે. ચૂંટણી પ્રક્રિયાના પ્રથમ મહત્ત્વપૂર્ણ તબક્કા રૂપે આગામી ૨૩ માર્ચે પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ચૂંટણી પંચે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યની ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોના મતવિસ્તારોનું સીમાંકન પૂર્ણ કર્યું છે. આ નવા સીમાંકનને આધારે વિધાનસભાની તાજી ફોટોવાળી મતદારયાદી પરથી પંચાયતવાર નવી યાદીઓ તૈયાર કરવામાં આવી રહી છે. જાહેર કાર્યક્રમ મુજબ ૨૩ માર્ચે યાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકો પોતાના નામોની ચકાસણી કરી શકશે. જો કોઈ ભૂલ કે નામ ન હોય તો ૨૭ માર્ચ સુધી દાવા-આક્ષેપો રજૂ કરી શકાશે. ત્યારબાદ આક્ષેપોની તપાસ પૂર્ણ કરીને ૩૦ માર્ચ સુધીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે અને પછી આખરી મતદારયાદી જાહેર થશે. ચૂંટણી પંચ દ્વારા તમામ જિલ્લાઓમાં ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી દેવામાં આવી છે. આ સાથે જ મતદાર નોંધણી અધિકારીઓ અને મામલતદારોને નમૂના-૨ મુજબ ચોક્કસ અને અપડેટેડ યાદીઓ તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. આમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે ઉમેદવારી પત્રોની છેલ્લી તારીખ સુધી પૂરવણી મતદારયાદી દ્વારા નામ ઉમેરવા, સુધારવા અથવા કાઢવાની પ્રક્રિયા ચાલુ રહેશે.

## અમદાવાદમાં ભદ્ર ખાતે ફેરિયાને ફરી પુનઃસ્થાપિત કરવાના હાઇ કોર્ટના હુકમ પર સુપ્રીમનો સ્ટે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ભદ્ર પ્લાઝા અને ત્રણ દરવાજા વિસ્તારમાં ફેરિયાઓ અને પાથરણાંવાળાઓને પુનઃસ્થાપિત કરવાના ગુજરાત હાઈ કોર્ટના ૧૩ માર્ચ, ૨૦૨૬ના ચુકાદા પર સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ભદ્ર પરિસરમાં 'સ્ટેટસ ક્વો' જાળવી રાખવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે સ્પષ્ટપણે આદેશ આપ્યો હતો કે, આ વિસ્તારના જાહેર માર્ગો કે ફૂટપાથ પર કોઈપણ પ્રકારની સ્ટ્રીટ વેન્ડિંગ પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં. સુપ્રીમના આ નિર્ણયથી પાથરણાવાળાના અરમાનો પર પાણી ફરી ગયું છે. જો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે આ મોટી રાહતના સમાચાર છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી હાથ ધરતા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચે આ હુકમ પસાર કર્યો હતો. હાઈ કોર્ટના અગાઉના ચુકાદામાં ભદ્ર પ્લાઝામાં વેન્ડિંગ સ્પેસ પુનઃસ્થાપિત કરવા માટે સમયબદ્ધ નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા અને તેનું પાલન ન કરવા બદલ મ્યુનિસિપલ અધિકારીઓ સામે તિરસ્કારની કાર્યવાહીની પણ ચેતવણી આપી હતી. આ નિર્દેશો શનિવાર, ૨૧ માર્ચથી અમલમાં આવવાના હતા.

અમદાવાદ મનપા વતી સુપ્રીમ કોર્ટમાં હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. તેમણે અમદાવાદના સૌથી ગીચ અને ઐતિહાસિક રીતે સંવેદનશીલ એવા આ વિસ્તારમાં વેન્ડિંગની મંજૂરી આપવાથી જાહેર સુરક્ષા, ટ્રાફિક અને કાયદો-વ્યવસ્થા પર પડનારી ગંભીર અસરો વિશે પ્રકાશ પાડ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને સ્વીકારીને, સુપ્રીમ કોર્ટે ગ્રાઉન્ડ પર હાલની સ્થિતિ જાળવી રાખવાનો નિર્દેશ આપ્યો હતો.

અમદાવાદ મનપાને રજૂઆત કરી હતી કે તેમની અમલીકરણ ઝુંબેશ પહેલા ૧,૫૦૦થી વધુ ફેરિયાઓએ જાહેર માર્ગો અને ફૂટપાથ પર કબજો જમાવ્યો હતો, જેના પરિણામે રસ્તાઓ સંપૂર્ણપણે બ્લોક થઈ ગયા હતા. આના કારણે રાહદારીઓને રસ્તા પર ચાલવાની ફરજ પડતી હતી અને એમ્બ્યુલન્સ તેમ જ ફાયર સર્વિસ જેવા ઈમર્જન્સી વાહનો માટે પણ આ વિસ્તારમાં પહોંચવું અશક્ય બની જતું હતું. જો કે ગુજરાત હાઈ કોર્ટે કોર્પોરેશનની આ બાબત સ્વીકારી ન હતી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૨૧ માર્ચ સુધી સર્ટિફાઇડ ૫૮૬ સ્ટ્રીટ વેન્ડર્સની ભદ્ર ખાતે જગ્યા ફાળવવી પુનઃસ્થાપિત કરવા અને જે બાકી રહેલા વેન્ડર્સ છે એનું વેરિફિકેશન કરવા તથા ૫૮૬ સિવાયના અન્ય ૨૫૮ વેન્ડર્સનું આઇડેન્ટિફીકેશન અને સર્ટિફિકેશન પણ પંદર દિવસમાં કરવા હુકમ કર્યો હતો.

## અમદાવાદમાં બે કરોડથી વધુની નકલી નોટ મામલે સાત આરોપી દસ દિવસના રિમાન્ડ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨ કરોડથી વધુની નકલી નોટો ઝડપવાને મામલે સુરતના આરોપી પ્રદીપ જોટાંગીયા સહિત કુલ ૭ આરોપીઓને ૧૪ દિવસના રિમાન્ડ અર્થે અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપીઓના ૩૦ માર્ચ બપોર સુધીના એટલે કે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રૂ. ૨ કરોડથી વધુની નકલી નોટોનો સોદો કરવા માટે આ આરોપીઓ સુરતથી અમદાવાદ આવ્યા હતા. પરંતુ, ડીલ થાય તે પહેલાં જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના ક્રાઈમ બ્રાન્ચે તેમની પાસેથી રૂ.૨ કરોડથી વધુની નકલી નોટો જપ્ત કરી તેમની ધરપકડ કરી હતી. આરોપીના રિમાન્ડ માગતા સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, આરોપીઓ પાસેથી રૂપિયા ૫૦૦ના દરની ૫૬૦૦ નોટ રિકવર કરવામાં આવી છે. સહ આરોપીઓની સાથે રાખીને સત્યમ ફાઉન્ડેશનમાં તપાસ કરવાની છે. જો આરોપીઓ પાસે અન્ય નકલી નોટ હોય તો ક્યાં સંતાડી છે, તેની તપાસ કરવાની છે. આરોપીઓએ કેવી રીતે નકલી નોટો છાપી છે, તેને ક્યાં વાપરી છે, નોટ છાપવા માટેના લેપટોપ પ્રિન્ટર વગેરે કબ્જે કરવાના છે. આરોપીઓએ કઈ ઓરિજિનલ નોટોને સ્કેન કરીને નકલી ચલણી નોટો બનાવી છે તે જાણવાનું છે. આરોપીઓ અમદાવાદમાં નોટો વેચવા આવ્યા હતા તો સુરતમાં પણ નોટો વેચી હોવાની પૂરી શક્યતા છે તે દિશામાં તપાસ કરવાની છે. નકલી નોટોના ખરીદ-વેચાણમાં કેટલા રૂપિયા કોણે આપ્યા? તેની પણ તપાસ કરવાની છે.

આરોપીઓના ઇન્કમટેક્સ રિટર્ન અંગે માહિતી મેળવવાની છે. આરોપીઓ નકલી નોટ છાપવા માટે ચાઇનાથી કાગળ મંગાવ્યા હતા તે કોણે મંગાવ્યા અને કેવી રીતે ભારતમાં આવ્યા તે જાણવાનું છે.

આરોપીઓના કોલ ડેટા રેકોર્ડ અને ભૂતકાળ અંગે તપાસ કરવાની છે. સરકારી વકીલની આ તમામ દલીલો પર ગંભીરતાથી વિચારી કોર્ટે આરોપીઓને ૧૦ દિવસના રિમાન્ડ પર મોકલી આપ્યા હતા.

## સૌરાષ્ટ્રમાં માવઠાએ કેરીના પાકને પાયમાલ કર્યો, ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચૈત્ર મહિને જામેલા કમોસમી વરસાદે ખેડૂતોને મોટાપાયે નુકસાન પહોંચાડ્યું છે. માવઠાને લીધે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેરી પકવતા ખેડૂતોની માઠી બેઠી છે. સમગ્ર રાજ્યમાં ત્રાટકેલા તોફાની પવન અને મિની વાવાઝોડા સાથેના કમોસમી વરસાદે બાગાયતી ખેતીને પાયમાલ કરી દીધી છે. ખાસ કરીને ગીરની કેસર કેરી અને વલસાડની હાફૂસ કેરીના પાકને નુકસાન પહોંચ્યું છે. જેની આગામી સમયમાં ભાવમાં અસર દેખાઈ શકે છે.

અમરેલી જિલ્લાના ધારી તાલુકા સહિતના વિસ્તારોમાં ત્રાટકેલા તોફાની પવન અને મિનિ વાવાઝોડા સાથેના કમોસમી વરસાદે બાગાયતી ખેતીને પાયમાલ કરી દીધી હતી. ખાસ કરીને કેસર કેરીના ગઢ ગણાતા ધારી તાલુકામાં કુદરતી પ્રકોપને કારણે આંબા પર લાગેલી કેરીઓ મોટા પ્રમાણમાં જમીનદોસ્ત થઈ ગઈ હતી. બગીચાઓમાં ઠેર-ઠેર કેરીના ઢગલા જોવા મળી રહ્યા છે, જેનાથી ખેડૂતોની આખી સીઝનની મહેનત પર પાણી ફરી વળ્યું હતું. જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ જિલ્લામાં કેરીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. આ વર્ષે સિઝનના આરંભે આંબા સારા પ્રમાણમાં મોર આવ્યા હતા અને ખેડૂતોએ પણ મબલખ પાકની આશા ધારી હતી. પરંતુ અમરેલી જિલ્લામાં ધારી, સાવરકુંડલા, રાજુલા, ચલાલા તેમજ ગીર સોમનાથ જિલ્લામાં ખાબકેલા કમોસમી વરસાદે કેરીના પાકને નુકસાન પહોંચાડ્યું છે.

તે ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ગુરુવારે સાંજે વાતાવરણમાં અચાનક પલટા સાથે વાવાઝોડુ ફૂંકાતા ચારેતરફ અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. દક્ષણિ ગુજરાતમાં વાવાઝોડાને પગલે તારાજી સર્જાઇ હતી. ખાસ કરીને આંબા ઉપર લાગેલી કાચી કેરી તેજ પવનને કારણે ખરી પડતા ખેડૂતોના માથે સંકટના વાદળો ઘેરાયા હતા. કેસર કેરીના ઉત્પાદન માટે જાણીતા આ વિસ્તારમાં પાક નિષ્ફળ જતાં આગામી સમયમાં બજારમાં કેરીની આવક પર માઠી અસર પડવાની શક્યતા છે.

પાક મોટા પાયે ખરી જતાં કેસર પ્રેમીઓ માટે કેરી મેળવવી મુશ્કેલ બનશે અને તેના ભાવમાં પણ તોતિંગ વધારો થઈ શકે છે. હાલમાં ખેડૂતોમાં ભારે ચિંતા અને નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## પાટણનું જીલિયા ફાર્મ હાઉસ ગેરકાયદે, બુલડોઝર ફેરવી ગૌચરની જમીન ખાલી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં મંદિરના દાનના વિવાદને લઈને થયેલી હિંસાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. થોડા દિવસ પહેલા પંદરથી ૨૦ જેટલા અસામાજિક તત્ત્વો આઠેક વાહનોમાં આવીને ફાર્મહાઉસ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોને જોઇને પોલીસ પણ નાસી છૂટી હોવાનું સીસીટીવી ફૂટેજમાં ફૂટ્યું હતું. ત્યારે જે ફાર્મ હાઉસ પર હુમલો થયો હતો તે ગેરકાયદે હોવાનું તપાસમાં ખૂલ્યું હતું. ગૌચરની જમીન પર જ બનાવી દેવામાં આવેલા ફાર્મ હાઉસ પર તંત્રએ કાર્યવાહી કરીને બુલડોઝર ચલાવ્યું હતું. ફાર્મ હાઉસના માલિક ભાવેશ દેસાઇનો ગુનાહિત ઇતિહાસ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું, ભાવેશ દેસાઇ પર ગુજસીટોક સહિતના ગુનાઓ નોંધાયેલા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

આ ઘટનાના સીસીટીવી ફૂટેજમાં હુમલાખોરો તલવારો અને લાકડીઓ સાથે મિલકતને નુકસાન પહોંચાડતા કેદ થયા હતા. આ ઘટનામાં જહુ શંકર ઠાકોર મુખ્ય કાવતરાખોર હોવાનું બહાર આવ્યું હતું, જ્યારે જીતુભા અને દલપુજી જેવા નામો પણ પ્રકાશમાં આવ્યા હતા. સમગ્ર પ્રકરણમાં ફરજમાં બેદરકારી બદલ પીઆઈ સહિત અન્ય સ્ટાફ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે કાર્યવાહી કરી ૧૮ આરોપીઓની ધરપકડ કરી હતી. આ મામલે બે અલગ-અલગ ફરિયાદ નોંધવામાં આવી હતી અને કોર્ટે આરોપીઓને ૨૩ માર્ચ સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા હતા. આ મામલે પોલીસે પકડાયેલા આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું, જ્યાં તેઓને ઉઠબેસ કરાવી લાકડીઓ વડે ફટકારવામાં આવ્યા હતા. આરોપીઓએ જાહેરમાં હાથ જોડીને માફી માગી હતી અને ત્યાર બાદ તેઓને ગુનાના સ્થળે રિકન્સ્ટ્રક્શન માટે ફાર્મહાઉસ લઈ જવામાં આવ્યા હતા.

## બનાસકાંઠાના ડીસામાં નકલી ઘીનો ૯૨૯ કિલો જથ્થો ઝડપાયો

અમદાવાદઃ ગુજરાતમાં ખાદ્ય ચીજોમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા લોકો સામે ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યાં હતા. ડીસાના હીરા બજાર વિસ્તારમાં આવેલા એક ગોડાઉન પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા ઓચિંતી રેડ પાડવામાં આવી હતી અને ૯૨૯ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન 'હાસ્ય', 'ગૌરસ' અને 'જયમુલ' જેવી જાણીતી લાગે તેવી બ્રાન્ડના બ્રાન્ડ સહિત અલગ-અલગ માર્કાના પેકિંગમાં શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું. ફૂડ વિભાગે આ તમામ ઘીના સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલ્યા છે. અંદાજે ૯૨૯ કિલો શંકાસ્પદ ઘી કિંમત રૂપિયા ૦૬,૧૪,૯૯૫નો જથ્થો સીઝ કર્યો હતો. એટલું જ નહીં લગભગ ૦૧.૪૦ લાખની કિંમતનું ઘી એક્સપાયર થઈ હોવાનું જાણવા મળતા જથ્થાને નષ્ટ કરી દેવામાં આવ્યો હતો. ડીસામાં મોટાપાયે શંકાસ્પદ ઘી ઝડપાતા અન્ય વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો.

## અંકલેશ્વરમાં કચરાના ઢગલામાંથી સુરતના લાભાર્થીઓના આયુષ્યમાન કાર્ડ મળી આવતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંકલેશ્વરના નેશનલ હાઈવે નંબર ૪૮ પર અંસાર માર્કેટ નજીક કચરાના ઢગલામાંથી આયુષ્યમાન કાર્ડનો મોટો જથ્થો મળી આવતા હોબાળો મચી ગયો હતો. ગરીબો માટે આશીર્વાદરૂપ ગણાતી આ યોજનાના કાર્ડ આ રીતે બિનવારસી હાલતમાં મળી આવતા તંત્રની કામગીરી પર અનેક સવાલો ઉભા થયા હતા. તપાસ દરમિયાન પ્રાથમિક રીતે જાણવા મળ્યું હતું કે આ તમામ કાર્ડ સુરત શહેરના લાભાર્થીઓના છે. આ કાર્ડ જે-તે સમયે લાભાર્થીઓ સુધી પહોંચાડવાને બદલે સીધા કચરામાં ફેંકી દેવાયા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેને પગલે સ્થાનિક તંત્ર અને આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. આ ગંભીર બેદરકારી મામલે અંકલેશ્વર આરોગ્ય વિભાગે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, મળી આવેલા કાર્ડનો જથ્થો જૂનો જણાય છે. એવી શક્યતા છે કે કોઈ પ્રિન્ટિંગ એજન્સી દ્વારા કાર્ડ તૈયાર કર્યા બાદ તેનું વિતરણ કર્યા વગર જ નિકાલ કરી દેવામાં આવ્યો હોય. બીજી તરફ, હાલમાં ઓનલાઈન કાર્ડ મેળવવાની સુવિધા ઉપલબ્ધ હોવાથી કદાચ લોકો ભૌતિક કાર્ડ લેવા ન આવ્યા હોય તેવું પણ અનુમાન છે. જોકે, આ મામલે સત્તાવાળાઓનો સીધો સંપર્ક સાધી શકાયો નથી.

## ગાંધીનગર મનપામાં ૧ લાખની લાંચ લેતા ઇન્ચાર્જ આસિસ્ટન્ટ કમિશનર રંગેહાથ ઝડપાયા

અમદાવાદઃ ગાંધીનગર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારનો મોટો મામલો બહાર આવ્યો હતો, જેમાં ઇન્ચાર્જ મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અને ટેક્સ કલેક્ટર ક્લાસ ૧ અધિકારી ઉપેન્દ્રકુમાર સુતરીયાને ૧,૦૦,૦૦૦ રૂપિયાની લાંચ લેતા એસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ કેસની વિગત મુજબ, વાહનોના ઓથોરાઇઝ્ડ ડીલર એવા ફરિયાદીના એક ગ્રાહકના વ્હિકલ ટેક્સ ભરવા બાબતે વિસંગતતા ઊભી થઈ હતી. આ બાબતે ફરિયાદી વિરુદ્ધ ફરિયાદ ન કરવા, તેમની એજન્સીનું લાયસન્સ રદ ન કરવા અને અન્ય કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવાના બદલામાં આરોપી અધિકારીએ ૧ લાખ રૂપિયાની લાંચની માગણી કરી હતી.

ફરિયાદી લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે ગાંધીનગર એસીબીનો સંપર્ક કર્યો હતો. જેના આધારે ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશનના પી.આઈ. અને તેમની ટીમ દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીમાં પોતાની ઓફિસમાં જ આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણાં સ્વીકાર્યા હતા. એસીબીએ તુરંત કાર્યવાહી કરી આરોપી પાસેથી લાંચની રકમ રિકવર કરી છે અને તેમની સામે ગુનાહિત ગેરવર્તણૂક બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજ્યનાં મહાનગરોમાં આજથી બે દિવસીય મિલેટ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬નો પ્રારંભ

અમદાવાદઃ રાજ્યભરના મહાનગરોમાં બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવનો આવતીકાલ તા. ૨૧ માર્ચના રોજ કૃષિ પ્રધાન જીતુ વાઘાણી શુભારંભ કરાવશે. આ ઉપરાંત વિવિધ મહાનગરોમાં પણ રાજ્ય પ્રધાન મંડળના સભ્યો ઉપસ્થિત રહીને મિલેટ મહોત્સવનો પ્રારંભ કરાવશે. રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં ૮૫ અને અન્ય શહેરોમાં ૬૨૦ મળી રાજ્યભરમાં કુલ ૭૦૦થી વધુ સ્ટોલ્સ વિવિધ ખેડૂતો, એફપીઓ અને ખેડૂત મંડળીઓને કોઈપણ ભાડા વિના એટલે કે, વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આનાથી મધ્યસ્થીઓ દૂર થશે અને ખેડૂતોને તેમના ઉત્પાદનનો સીધો અને યોગ્ય ભાવ મળશે. મહોત્સવમાં મિલેટ પ્રદર્શની, ફૂડ ફેસ્ટ, કૃષિ-ટેક ઝોન, મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ વિશેષ આકર્ષણ જમાવશે.

## અમદાવાદમાં સીટીએમ નજીક બીઆરટીએસ બસની અડફેટે સગીરનું મોત

અમદાવાદઃ શહેરમાં બીઆરટીએસ બસની અડફેટે અકસ્માત સર્જાયો હતો. અમદાવાદના સીટીએમ એક્સપ્રેસ હાઇવે નજીક બીઆરટીએસ રૂટમાં ચાલતા સગીર મોપેડ ચાલકને બસે અડફેટે લેતા ગંભીર ઇજાઓ પહોંચી હતી. આ ટક્કર એટલી ગંભીર હતી કે ટક્કર વાગતાની સાથે જ મોપેડ ચાલક પચાસ ફૂટ જેટલો ઢસડાયો હતો અને તેનું મોઢું પણ છૂંદાઈ ગયું હતું. સીટીએમ એક્સપ્રેસ હાઇવે નજીક બીઆરટીએસ રૂટમાં ચાલતા મોપેડ ચાલકને બસે અડફેટે લેતા ગંભીર ઇજાઓ પહોંચી હતી. બસની અડફેટે મોપેડ ચાલક પચાસ ફૂટ જેટલો ઢસડાયો હતો અને તેનું મોઢું પણ છૂંદાઈ ગયું હતું. ઘટનાની જાણ થતાની સાથે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાની સાથે ટ્રાફિક પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આઈ ટ્રાફિક પોલીસ દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી હતી.

## અમદાવાદના 'મયુર ડાયકેમ' ગ્રૂપના વીસ સ્થળોએ આઈટીના દરોડા, કરોડોની કરચોરી-બેનામી વ્યવહારોની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વહેલી સવારથી આયકર વિભાગ દ્વારા કેમિકલ મેન્યુફેક્ચરિંગ કંપની 'મયુર ડાયકેમ' સાથે સંકળાયેલા અંદાજે ૨૦ સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વટવા જીઆઈડીસીમાં કાર્યરત આ કંપનીના ભાગીદારો મયુર પટેલ અને સુજલ પટેલના રહેઠાણ તેમજ ઓફિસ સહિતના પરિસરો પર આ કાર્યવાહી કરવામાં આવી હતી.

કરોડો રૂપિયાની કરચોરી અને બેનામી વ્યવહારોની શંકાના આધારે આયકર વિભાગની ટીમો દ્વારા આ તપાસ હાથ ધરવામાં આવી હતી. સર્ચ દરમિયાન એક ભાગીદારના બંગલે લક્ઝરી કારોના કાફલા પણ જોવા મળ્યા હતા, જેણે ભારે ચર્ચાઓ જગાવી હતી. આયકર વિભાગની ટીમો દ્વારા વટવા સ્થિત ફેક્ટરી અને ઓફિસ ઉપરાંત સોલા વિસ્તાર સહિતના રહેણાંક સ્થળોએ પણ સમાંતર તપાસ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અધિકારીઓ દ્વારા કંપનીના નાણાકીય રેકોર્ડ્સ, બેંક ખાતા, લોકર્સ અને ડિજિટલ દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ ચલાવવામાં આવી હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. જોકે, હજુ સુધી આયકર વિભાગ તરફથી આ ઓપરેશનના સત્તાવાર પરિણામ અંગે કોઈ નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.

## ગૌરક્ષા માટે કૉંગ્રેસે વિધાનસભામાં રજૂ કરેલા બિલ મુદ્દે ભાજપના વલણ સામે કૉંગ્રેસના સવાલો

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે કૉંગ્રેસે પણ તૈયારીઓ આદરી દીધી છે, ત્યારે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાએ ગુજરાત વિધાનસભામાં ''ગુજરાત રાજમાતા (ગૌમાતા દરજ્જો, રક્ષણ અને કલ્યાણ) વિધેયક, ૨૦૨૫'' રજૂ કર્યું હતું, જે અંતર્ગત ગૌમાતાને પ્રતીકાત્મક રીતે 'રાજમાતા'નો આદરણીય દરજ્જો આપવાની માગ કરવામાં આવી છે. આ બિલ પર ચાલુ સત્રમાં મતદાન થવાનું છે, ત્યાઆરે કૉંગ્રેસ પક્ષે ભાજપ સરકારના વલણ સામે સવાલો ઉઠાવી જાગૃતિ અભિયાન આદર્યું છે.

કૉંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા બિલ મુદ્દે ડો. હેમાંગ વસાવડા અને રાજકોટ શહેર કૉંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ તેમના સંયુક્તર નિવેદનમાં જણાવ્યું હતું કે, સનાતન ધર્મના નામે સત્તા ભોગવતી ભાજપ સરકાર આ બાબતે નકારાત્મક વલણ અપનાવી રહી છે.

ॐ

**શ્રીમતી કુમુદ દિનેશ મોદીની**

પ્રેમાળ સ્મૃતિમાં



૨૪-૯-૧૯૩૨ થી ૧૯-૩-૨૦૨૬

(સ્વ.) શ્રી દિનેશ મોદીના પત્ની

(સ્વ.) અમૃતલાલ અને (સ્વ.) ચંચલ મહેતાની પુત્રી

પ્રેમાળ યાદમાં

પ્રણભ અને સેજલ મોદી
જીનાલી અને શૌન
(સ્વ.) જ્યોતિન્દ્ર અને (સ્વ.) અનસૂયા મોદી
(સ્વ.) અનિલ અને નિરંજના સંઘવી

પૂર્વી અને ઉદય આશર
શરણ અને તાહિરા
શિરીષ અને ભારતી મોદી
(સ્વ.) માધવદાસ અને (સ્વ.) માલતી આશર

પલ્લવી અને ભરત મહેતા
દીપાલી અને અદિત જસાણી
જય અને શિલ્પી મહેતા

પ્રીતિ અને રતન વર્યાણી
નીરવ અને ગઝાલા મોદી
નમ્રતા અને કુશલ દલાલ

અંકિતા અને રિતિક, સ્નેહા અને અર્જુન, રિયા, અલીશા, રિખિલ, અન્નિકા, નિશિકા, અયાન, અકીરા અને સબર, અરહાન.

પ્રાર્થના
રવિવાર, ૨૨મી માર્ચ ૨૦૨૬
સ. ૧૦.૦૦ ક. થી બ. ૧૨.૦૦ ક. સુધી

FPH ગરવારે હોલ, ૫ મો માળ, લાલા લજપતરાય માર્ગ, મુંબઈ.

# બાંગ્લાદેશી મુદ્દા પર કૉંગ્રેસના સાંસદ ગાયકવાડે મુંબઈના મેયર પર વળતો પ્રહાર કર્યો

મુંબઈ: મુંબઈ કૉંગ્રેસના અધ્યક્ષ વર્ષા ગાયકવાડે શુક્રવારે ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા, અને ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓના મુદ્દા માટે કેન્દ્ર અને મહારાષ્ટ્રની ભાજપ શાસિત સરકારોને જવાબદાર ગણાવી હતી. તેમણે મુંબઈના મેયર અને ભાજપના કોર્પોરેટર રીતુ તાવડેને આ મુદ્દે તેમની પાર્ટીના ઉચ્ચ નેતૃત્વ પાસેથી જવાબ માગવા માટે પડકાર ફેંક્યો હતો.

તાવડે દ્વારા ભાવનાત્મક મુદ્દા પર કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓ પર પ્રતિક્રિયા આપતા ગાયકવાડે કહ્યું કે જો કેન્દ્ર અને રાજ્યમાં ભાજપના શાસનના ૧૨ વર્ષ પછી ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ મુંબઈમાં રહે છે, તો તેની જવાબદારી કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની છે.

વર્ષા ગાયકવાડે આક્ષેપ કર્યો હતો કે બંને નેતાઓ પોતાની ફરજોમાં નિષ્ફળ ગયા છે અને બાંગ્લાદેશથી થતા ગેરકાયદેસર ઇમિગ્રેશન માટે કૉંગ્રેસને જવાબદાર ઠેરવવાને બદલે મેયરને તેમનું રાજીનામું માગવા માટે પડકાર ફેંક્યો હતો. ''મેયરની જવાબદારી વીજળી, રસ્તા અને પાણી જેવી નાગરિક સુવિધાઓ સુનિશ્ચિત કરવાની છે, પરંતુ તેઓ વારંવાર બાંગ્લાદેશીઓ વિશે બોલી રહ્યા છે. જો ભાજપ એવો દાવો કરતું હોય કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ સુરક્ષિત હાથોમાં છે, તો ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સનો મુદ્દો કેવી રીતે ઊભો થાય છે? બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓ ભારતમાં કેવી રીતે પ્રવેશ્યા?'' ગાયકવાડે પ્રશ્ન કર્યો હતો.


કૉંગ્રેસના સાંસદે વધુમાં કહ્યું કે, ''કેન્દ્ર સરકારને જવાબદાર ઠેરવવાને બદલે, મેયર કોંગ્રેસ પર દોષારોપણ કરી રહ્યા છે. ભાજપે પોતાની નિષ્ફળતાઓ માટે દોષ ઢોળવાનું બંધ કરવું જોઈએ અને બાંગ્લાદેશથી ગેરકાયદેસર ઇમિગ્રેશનના મુદ્દા પર કડક પગલાં લેવા જોઈએ.''

# મુંબઈ માટે પ્રોપર્ટી મ્યુટેશન પોર્ટલ શરૂ

મુંબઈ: મુંબઈ શહેરમાં સંપૂર્ણ ઓનલાઈન પ્રોપર્ટી મ્યુટેશન સુવિધા પૂરી પાડતું એક પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે, અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે તે સરકારી કચેરીઓની મુલાકાત લેવાની જરૂરિયાતને દૂર કરશે.મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં epsitmumc.mahabhumi.gov.in પોર્ટલનું ઉદ્ઘાટન કર્યું.

ટેસ્ટ કૅપ્ટન પૅટ કમિન્સ પીઠના દુખાવાને કારણે સીઝનમાં ફક્ત એક ટેસ્ટ રમ્યો છે, જ્યારે હૅઝલવૂડ પગની ઈજાને કારણે આખી સીઝન નથી રમી શક્યો. તેઓ તાજેતરનો ટી-૨૦ વર્લ્ડ કપ પણ નહોતા રમ્યા. સ્ટાર્ક ટેસ્ટ મૅચો તેમ જ બિગ બૅશ લીગમાં રમ્યો હતો, પરંતુ ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી તે નિવૃત્ત થઈ ચૂક્યો છે.

ઑસ્ટ્રેલિયાનો ઑલરાઉન્ડર જૅક એડવર્ડ્સ સનરાઇઝર્સ હૈદરાબાદમાં છે અને તેને ત્રણ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. જોકે પગની ઈજાને લીધે તે આ વખતની આઇપીએલમાં નથી રમવાનો. ■

# ફિફાએ ઈઝરાયલને કરી પેનલ્ટી અને ઈરાનને આપી ચીમકી

જીનિવાઃ મધ્ય-પૂર્વ અને પશ્ચિમ એશિયાના યુદ્ધમાં સામેલ ત્રણમાંથી બે દેશ વિશે ફૂટબૉલની સર્વોચ્ચ સંસ્થા ફિફાએ મહત્ત્વના નિર્ણયો લીધા છે જેમાં એણે ઇઝરાયલને એક કિસ્સા સંબંધમાં પેનલ્ટી કરી છે અને ઇરાનને સાફ શબ્દોમાં કહી દીધું છે કે આગામી જૂનમાં રમાનારા ફૂટબૉલના વર્લ્ડ કપને લગતા શેડ્યૂલમાં હવે કોઈ જ ફેરફાર નહીં થાય એટલે એણે મૂળ સમયપત્રક મુજબ જ રમવું પડશે.

ઇઝરાયલે પોતાના પ્રદેશમાં ફૂટબૉલને લગતી માળખાકીય સગવડો ઊભી કરવાની બાબતમાં પૅલેસ્ટિનિયનોને બાકાત રાખીને ભેદભાવ રાખ્યો, ઇઝરાયલના ફૂટબૉલ ચાહકોએ વંશીય અનાદર કર્યો તેમ જ વ્યવહારું ખેલભાવનાના સિદ્ધાંતોનો ભંગ કર્યો એવું જણાવીને ફિફાએ ઇઝરાયલ ફૂટબૉલ અસોસિયેશનને ૧,૯૦,૦૦૦ ડૉલર (અંદાજે ૧.૭૮ કરોડ રૂપિયા)નો દંડ કર્યો છે.

આગામી જૂનમાં ફિફા વર્લ્ડ કપ અમેરિકા ઉપરાંત મેક્સિકો અને કૅનેડામાં સંયુક્ત રીતે યોજાવાનો છે. એમાં ઇરાનની ત્રણ લીગ મૅચ અમેરિકામાં રમાવાની છે. આ ત્રણ મૅચ અમેરિકાને બદલે મેક્સિકોમાં ગોઠવી આપવાની ઇરાને ફિફાને વિનંતી કરી હતી, પરંતુ ફિફાએ ઇરાનને સાફ શબ્દોમાં કહી દીધું છે કે એ મૅચો અમેરિકામાં જ રમાશે. ત્રણમાંથી બે મૅચ લૉસ ઍન્જલસમાં અને એક મૅચ સીએટલમાં રમાવાની છે.

જૂન-જુલાઈમાં ફિફા વર્લ્ડ કપમાં કુલ ૪૮ દેશની ટીમ ભાગ લેશે. ફિફાના પ્રમુખ જિયાની ઇન્ફેન્ટિનોએ ઇરાનના ફૂટબૉલ ફેડરેશનને જણાવ્યું છે કે 'અમે ત્રણ મહિના પહેલાં જે સમયપત્રક તૈયાર કર્યું હતું એ ઘણી બાબતોને લક્ષમાં રાખીને તૈયાર કરાયું હતું. અમે ઇચ્છીએ છીએ કે તમારી ટીમે એ મુજબ જ લીગ મૅચો રમે.' ■

# ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટે અત્યારથી ૨૦ ખેલાડીના નામ નક્કી થઈ ગયા!

## હવે ચીફ સિલેક્ટર આગરકર સહિત પાંચ સિલેક્ટરને આઈપીએલમાં મળી નવી જવાબદારી

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમે તાજેતરમાં જ વિક્રમજનક ત્રીજી વખત ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી પર કબજો કર્યો અને હવે ભારતીય ખેલાડીઓની નજર ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપની ટ્રોફી પર છે અને એ માહોલમાં ભારતની સંભવિત વન-ડે વિશ્વ કપ ટીમને લગતી આશ્ચર્યજનક વાત બહાર આવી છે જેમાં જાણ થઈ છે કે ટીમ ઇન્ડિયાના સિલેક્ટર્સે ૨૦૨૭માં વન-ડેનો વર્લ્ડ કપ રમનારા ૨૦ ખેલાડીની પસંદગી અત્યારથી જ કરી રાખી છે.

૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપને હજી દોઢ વર્ષનો સમય છે. ઑક્ટોબર-નવેમ્બર, ૨૦૨૭માં એ વિશ્વ કપ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે, નામિબિયામાં રમાશે અને એમાં ૧૪ દેશની ટીમ ભાગ લેશે. પાછલો વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારતમાં રમાયો હતો જેની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે ભારતનો પરાજય થયો હતો.

એક અહેવાલમાં જણાવાયું છે કે ભારતીય સિલેક્ટરોએ ૨૦ ખેલાડીની પસંદગી કરી લીધી છે અને ૨૮મી માર્ચે શરૂ થનારી આઇપીએલમાં આ તમામ ખેલાડીઓના પર્ફોર્મન્સ અને ફિટનેસ પર નજર રાખવામાં આવશે. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ હજી વન-ડે ફૉર્મેટ નથી છોડ્યું. જોકે તેઓ દોઢ વર્ષ પછીના (૨૦૨૭ના) વન-ડે વર્લ્ડ કપમાં જોવા મળશે કે કેમ એ સૌથી મોટો સવાલ છે. જોકે ૨૦૨૭ની આઇપીએલના પર્ફોર્મન્સ પણ ગણતરીમાં લેવાશે.

આઇપીએલમાં એક તરફ ભારતીય ખેલાડીઓ પોતપોતાની ટીમને જિતાડવા પર ધ્યાન કેન્દ્રીત કરશે ત્યારે બીજી બાજુ અજિત આગરકરના અધ્યક્ષસ્થાનમાં સિલેક્ટરો (એસ. એસ. દાસ, આર. પી. સિંહ, અજય રાત્રા અને પ્રજ્ઞાન ઓઝા) ખેલાડીઓ પર નજર રાખશે. પસંદગીકારો આઇપીએલની વિવિધ મૅચો દરમ્યાન સમય મળશે ત્યારે સ્ટેડિયમોમાં હાજર રહેશે અથવા ટીવી પર પણ તેમના પર્ફોર્મન્સ નિહાળશે.

અજિત આગરકર મુંબઈમાં રહે છે, જ્યારે શિવસુંદર દાસ કોલકાતામાં રહે છે. આર. પી. સિંહ તથા અજય રાત્રા દિલ્હી-એનસીઆરમાં રહે છે. એવું



મનાય છે કે તેઓ પોતપોતાના શહેરમાં રમાનારી આઇપીએલની મૅચ જોવા સ્ટેડિયમમાં જશે તેમ જ અન્ય કોઈ શહેરના સ્ટેડિયમની પણ મુલાકાત લેશે. પ્રજ્ઞાન ઓઝા બેંગ્લૂરુ તથા હૈદરાબાદમાં આઇપીએલની મૅચો જોશે. અહેવાલ અનુસાર બીસીસીઆઇ ઇચ્છે છે કે દરેક પસંદગીકાર અઠવાડિયામાં ઓછામાં ઓછી એક મૅચ સ્ટેડિયમમાં જઈને જુએ. એ રીતે દર સપ્તાહે મેદાન પરની પાંચ મૅચ કવર થઈ શકશે. સિલેક્ટરોએ ૨૦૨૭ના વિશ્વ કપ અને એ અગાઉ યોજાનારી ઑલિમ્પિક ગેમ્સને ધ્યાનમાં રાખીને ૨૦ ખેલાડીઓનું સિલેક્શન અત્યારથી કરી રાખવામાં આવ્યું છે. આનો એવો પણ અર્થ કરી શકાય કે આ વખતની આઇપીએલમાંથી ૨૦૨૭ના વર્લ્ડ કપ માટે કોઈ નવા સ્ટારને સિલેક્ટ નહીં કરવામાં આવે. ■

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
સાશા
feedback@bombaysamachar.com

## આઈપીએલ ૨૦૨૬: ક્રિકેટ - વેપાર - ટેક્નિકનો નવો સંગમ

### ‘ખેલ સાથે મનોરંજન’ની ઓળખ ધરાવતી ક્રિકેટ જગતની આ સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટમાં આ વખતે ખેલાડીઓના રેકૉર્ડ્સ ઉપરાંત બીજું ઘણું નવું જોવા મળશે



૨૦૦૮માં શેન વૉર્નના સુકાનમાં રાજસ્થાન રૉયલ્સની ટીમ આઈપીએલનું સૌપ્રથમ ટાઇટલ જીતી હતી. ત્યાર બાદ રાજસ્થાન ફરી ક્યારેય ચૅમ્પિયન નથી થયું.


૨૦૨૫માં આઈપીએલની ટ્રોફી મેળવીને વિરાટ કોહલીએ લગભગ બે દાયકાનું સપનું સાકાર કર્યું હતું. આરસીબીએ એ ટ્રોફી રજત પાટીદારની કૅપ્ટન્સીમાં જીતી લીધી હતી.

**શનિવાર,** ૨૮મી માર્ચે શરૂ થઈ રહેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટ છે અને ૧૯મી વખત (આ ૧૯મી સીઝન છે) ભારતીય ક્રિકેટનો એક મોટો અને રોમાંચક ક્રિકેટોત્સવ યોજાશે. ૨૦૦૮ની સાલમાં શરૂ થયેલી આ પ્રીમિયમ લીગ ટૂર્નામેન્ટ માત્ર ક્રિકેટનો જલસો જ નહીં, પરંતુ ખેલ ઉપરાંત મનોરંજન, ટેક્નિક, વેપાર અને યુવા સંસ્કૃતિનો વિશાળ મંચ બની ચૂકી છે. દર વર્ષની જેમ આ વખતે પણ ક્રિકેટપ્રેમીઓ આ ફટાફટ ક્રિકેટના આરંભની રાહ જોઈ રહ્યા છે. થોડા જ દિવસ પહેલાં ભારતમાં ટી-૨૦ વર્લ્ડ કપ રમાઈ ગયો જેની ટ્રોફી તો ભારતે જીતી જ લીધી, એમાં ટી-૨૦ ફૉર્મેટના ઘણા વિક્રમો પણ બન્યા હતા એટલે ક્રિકેટરસિકો હવે આઇપીએલમાં પણ નવા રેકૉર્ડ જોવા આતુર છે.

### ટેક્નિકોના પ્રયોગમાં અવ્વલ

આ વખતની આઇપીએલ કેટલાક નવા પ્રયોગો માટે યાદ રખાશે અને એમાંની એક બાબત ટેક્નિકને લગતી છે. મૅચના પ્રસારણમાં, મૅચના વિશ્લેષણમાં આ વખતે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) આધારિત ડૅટા ઍનાલિટિક્સને સામેલ કરવામાં આવી રહ્યા છે તેમ જ રિયલ ટાઇમ રણનીતિને લગતું વિશ્લેષણ પણ આ વખતે જોવા મળશે. એમાં પ્રેક્ષક અને દર્શકને એ સમજાશે કે કયા બોલરે કેવી રણનીતિથી બૅટ્સમૅનને છેવટે પોતાની જાળમાં ફસાવીને આઉટ કર્યો. અથવા તો, કૅપ્ટને છેવટે શું વિચારીને ફીલ્ડિંગ બદલી હતી. આ વખતની આઇપીએલમાં અલ્ટ્રામૉશન કૅમેરા, સ્ટમ્પ માઇક્રોફોન અને ગ્રાફિક અગાઉ કરતાં વધુ સારા રૂપમાં જોવા મળશે.

### યુવા ખેલાડીઓ માટે વિશાળ મંચ

હવે એક વાતની તો કોઈ જ શંકા નથી કે આઇપીએલ જ રાષ્ટ્રીય ટીમમાં પહોંચવા માટેનો સીધો રસ્તો છે. ૨૦૦૮ની સાલ કે જ્યારે આઇપીએલની શરૂઆત થઈ હતી ત્યારથી જ આ ટૂર્નામેન્ટ નવા ખેલાડીઓ માટે તક ખોલી આપતો સૌથી મોટો મંચ બની ગઈ છે. જોકે ૨૦૨૬ની સીઝન કંઈક ખાસ તો છે જ. આ વખતની આઇપીએલમાં ભારતના ઘણા યુવા ખેલાડીઓ પહેલી વખત રમતા જોવા મળશે. અગાઉ આઇપીએલ ટૂર્નામેન્ટે જેમ જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા, ઋતુરાજ ગાયકવાડ અને યશસ્વી જયસ્વાલ જેવા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી એવી જ રીતે આવનારા દિવસોમાં કેટલાક નવા ખેલાડીઓ લોકપ્રિયતાની સીડી ચડતા જોવા મળશે. બીજી રીતે કહીએ તો તેઓ આ વખતની આઇપીએલથી પોતાની કરીઅરની ખરી શરૂઆત કરશે.

### ખેલ અને મનોરંજનની જુગલબંધી

૨૦૨૬ની આઇપીએલ ખેલાડીઓના નવા-નવા વિક્રમો ઉપરાંત લીગ સ્પોર્ટ્સ એન્ટરટેઇનમેન્ટના નવા વૈશ્વિક મૉડેલના રૂપમાં પણ ઊભરશે. હવે મૅચની પહેલાં અને મૅચની મધ્યમાં સંગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝલક જોવા મળશે. ડિજિટલ ઇન્ટ્રેક્શન હવે નવા બિઝનેસ શૉના રૂપમાં ઊભરે છે અને એટલે જ ૨૦૨૬ની સીઝનમાં ઉદ્ઘાટન સમારોહથી માંડીને મોટી મોટી મૅચોમાં યોગ્ય સમયે ફિલ્મ તથા સંગીત જગતની જાણીતી હસ્તીઓ સંગીતના તાલે ઝૂમતી જોવા મળશે. આ નવા સિનારિયોમાં ક્રિકેટપ્રેમીઓ મૂળ રમતની મોજ તો માણી જ શકશે, આ ટૂર્નામેન્ટનો મનોરંજનની દુનિયામાં ફેલાવો થતો પણ જોવા મળશે.

### ડિજિટલ દર્શકો બનાવશે રેકૉર્ડ

ભારતમાં ઇન્ટરનેટ અને સ્માર્ટફોનની પહોંચ ખૂબ વેગથી વધી રહી છે. જોકે છેલ્લાં થોડાં વર્ષોમાં આઇપીએલના ઑનલાઇન દર્શકોની સંખ્યા ટીવી-દર્શકોની બરાબરીમાં આવવાની સાથે ક્યારેક આંકડો એને પાર થતો પણ જોવા મળ્યો છે. ડિજિટલ પ્લૅટફોર્મ્સની બોલબાલા દર વર્ષે વધતી જાય છે. તમે જાણતા જ હશો કે હવે ઘણા ટીવી પ્રોગ્રામ પણ ટીવીને બદલે સ્માર્ટફોનમાં વધુ જોવાતા હોય છે એટલે નાની સ્ક્રીન હવે ક્રિકેટનો મોટો વેપાર બની ગઈ છે એમ કહીએ તો પણ ખોટું નથી. ૨૦૨૬ની આઇપીએલ વિશે કહેવાય છે કે ડિજિટલ સ્ટ્રીમિંગ પ્લૅટફૉર્મ પર દરેક સમયે કરોડો દર્શકો મોજૂદ રહેતા જોવા મળશે. ડિજિટલ ઍડવર્ટાઇઝમેન્ટનો વેપાર કમાણીના નવા શિખર સર કરશે અને મોબાઇલ ઇન્ટરનેટના રૂપમાં ક્રિકેટને નવી સંજીવની આપશે. આઇપીએલ ક્રિકેટ જગતની સૌથી શ્રીમંત લીગ ટૂર્નામેન્ટ તો છે જ, સાથે-સાથે વિભિન્ન કંપનીઓની બ્રૅન્ડ વૅલ્યૂ નક્કી કરી આપતું શ્રેષ્ઠ માધ્યમ પણ બની ગઈ છે. મીડિયા રાઇટ્સ અને સ્પૉન્સરશિપ હવે આઇપીએલ માટે અબજો રૂપિયાના ખેલ-વ્યાપાર જેવી બની ગઈ છે. આ ટૂર્નામેન્ટ વર્ષોથી ભારતની નવી શહેરલક્ષી ખેલ સંસ્કૃતિ બની ગઈ છે. મુંબઈ, અમદાવાદ, ચેન્નઈ, બેંગ્લૂરુ, કોલકાતા અને દિલ્હી સહિતનાં શહેરોની ખેલક્ષેત્રે અલગ ઓળખ બની છે અને આઇપીએલ આ શહેરોના લોકો માટે રોમાંચ તથા પોતાનાપણું વ્યક્ત કરવાનું નવું માધ્યમ પણ બની ગઈ છે. ■

---

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## સ્ટાવાન્ગરની સૌથી રંગીન ગલીમાં...






**નોર્વેમાં** સ્ટાવાન્ગરનો તે દિવસ વરસાદમાં મોલથી ચાલુ થયો હતો, પણ ઓઇલ મ્યુઝિયમ જોઇ લીધું ત્યાં અમારો મિત્ર ઘરે પોતાની વાઇફને શોપિંગ પછી સેટ કરીને અમને સિટીમાં ગાઇડ કરવા આવી પહોંચ્યો હતો. અમે બધાં આમ અચાનક જ એકબીજાને એવી રીતે ભટકાઈ ગયાં હતાં કે હવે તે સાથે વિતાવવા મળેલા સમયનો પૂરતો ઉપયોગ કરવા માટે બધાં તત્પર હતાં. તેની પાસેથી અમને જાણવા મળ્યું કે નોર્વેમાં માત્ર આઇટી જ નહીં પેટ્રોકેમિકલ ઇન્ડસ્ટ્રીમાં અને જનરલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જોબ માર્કેટમાં ભારતથી ઘણાં એન્જિનિયરો આવીને વસ્યાં છે. તેની સાથે એ બધું કેચ-અપ કરવા માટે આખો દિવસ હતો. અમે મ્યુઝિયમમાં હતાં ત્યારે જ તેનો ફોન આવી ગયેલો કે અમે બહાર નીકળીએ પછી તે અમારી રાહ જોઈ રહ્યો છે અને અમને તે પછી હવે એ સ્ટાવાન્ગરની વોકિંગ ટૂર કરાવશે.

એક રીતે જોવા જાઓ તો નોર્વેમાં આ ટ્રિપ દરમ્યાન અમારો ટૂરિઝમનો પહેલો આખો દિવસ હતો. તે પણ અમે થાકીએ નહીં ત્યાં સુધી જલસા કરવાના હતા. અહીં અંધારું થાય એટલે નાઇટ લાઇફ માટે બહાર નીકળવાનો સમય જુલાઈમાં તો આવવાનો હતો જ નહીં.

એવામાં સ્ટાવાન્ગરની સૌથી લોકપ્રિય ગલી ઉવરે હોલમ્ગાટેથી શરૂઆત થઈ. ત્યાં ઝરમર વરસાદમાં પણ અમે ત્યાંનાં રંગોને, સ્ટ્રીટ આર્ટને, માહોલને જોવા માટે ઊભાં રહીને ધાર્યા કરતાં વધુ સમય તો ફોટા પાડવામાં જ વિતાવ્યો. ત્યાં વરસાદમાં પણ લોકો બહાર કાફેમાં બેઠાં હતાં. સમરમાં એકદમ ભારે વરસાદ પડે તો જ લોકો અંદર જાય, બાકી થોડા વરસાદમાં લોકો પોતાનાં લેઝર ટાઇમને ભરપૂર માણવા માટે ત્યાં અડ્ડો જમાવીને જ બેસી ગયેલાં. દેબાયનની નોર્વેની લાઇફ, તેના દીકરાની સ્કૂલ, તેનાં ફેવરેટ કાફે અને બાર, શહેરની તેની મનપસંદ જગ્યાઓ પર લાઇવ કોમેન્ટ્રી મળી રહી હતી. અમે પણ ઝરમર વરસાદમાં કાફેમાં ગોઠવાયાં. ત્યાંનો ઓનર એટલો ફ્રેન્ડલી અને મળતાવડો હતો કે તેણે અમને ડ્રિંક માટે પણ ઓર્ડર આપવાને બદલે હું તમને જે બનાવી આપું તે ટ્રાય કરો, એમ કહીને જલસા કરાવ્યા. મને તેણે દાડમ અને જીનવાળું કોઈ ટોલ ડ્રિંક બનાવી આપ્યું, જેની રેસિપી ભાગ્યે જ કોઈ રેસિપી બુકમાં જોવા મળે. આ રંગીન ગલી તે દિવસે તો ધમધમી રહી હતી. અને સ્થાનિકો અહીં શિયાળામાં પણ એટલા જ ઉત્સાહથી આઉટડોર એક્ટિવિટી માટે નીકળી પડેલાં હતાં.





ખાસ આ ગલી અહીં ‘ફાર્ગેગાટાન’ એટલે કે ‘રંગીન ગલી’ તરીકે પણ ઓળખાય છે, કારણ કે અહીંનાં ઘરોમાં ઇન્દ્રધનુષમાં બધા રંગો દેખાઈ જાય છે. આ કદાચ નોર્વેની સૌથી દેખાવડી ગલી હોય તો પણ નવાઈ નહીં. તેમાંય અહીંનાં રંગો વધુ પોપ એટલે થતા હતા કે બાકીનું આખું ગામ સફેદ ઘરોથી ભરેલું હતું. ગામલે એટલે કે અહીંનું આખું ઓલ્ડ સિટી તે સમયે વ્યસ્ત લાગતું હતું. વળી યુરોપ કે બાકીના સ્કેન્ડિનેવિયાની માફક આ ગલીની ઐતિહાસિક ખાસિયતોની વાર્તા માટે તૈયાર થયા પછી જાણવા મળ્યું કે આ ગલીને તો છેક ૨૦૦૫માં હાલમાં જ આ સ્વરૂપ આપવામાં આવેલું. થોડાંક સ્થાનિક દુકાનદારોએ એક સ્કોટિશ ડિઝાઇનર સાથે મળીને આ રંગીન ગલીને એક અનોખું ડેસ્ટિનેશન બનાવી દીધું હતું. આ સ્વરૂપ મળતા પહેલાં પણ અહીં શોપિંગ અને કાફેઝ તો પહેલેથી હતાં જ, હવે તો અહીં ગ્રાફિટી પણ કલરફુલ હતી.

ખાસ નુઆર્ટ ફેસ્ટિવલ દરમ્યાન અહીં આર્ટ સ્ટુડન્ટને શહેરમાં જ્યાં મન પડે ત્યાં પોતાની કારીગરી બતાવવાનો મોકો મળતો રહે છે. જ્યાં પણ જુઓ ત્યાં ચિત્ર-વિચિત્ર મોટિફવાળી દીવાલો જોવા મળી રહી હતી. ક્યાંક બિલાડીઓનાં પોપ આર્ટથી માંડીને ક્યાંક ભૂતિયા સ્ત્રી... રોકાઈને ફોટા પાડવાની ઇચ્છા થઈ જાય તેવું દરેક ઠેકાણે લાગતું હતું. હાર્બરથી જરા આગળ તો સ્કલ્પચર પણ નજરે પડવા લાગ્યાં હતાં. કોને ખબર હતી કે નાનકડું સ્ટાવાન્ગર પોતાની ભીતર આર્ટ માટે આટલો ઉત્સાહ છુપાવીને બેઠું હશે. સ્ટાવાન્ગરનો કલા પ્રત્યેનો પ્રેમ જોઈને ત્યાંની યુનિવર્સિટીમાં આર્ટ ભણવાની ઇચ્છા થઈ આવે તેવું હતું.

આખું સ્ટાવાન્ગર એટલું કોમ્પેક્ટ અને ટચૂકડું છે કે ત્યાં જો ઊભા રહ્યા વિના પગે ચાલીને જાઓ તો કલાકમાં તો આખું સિટી સેન્ટર ચાલીને જોઈ શકાય. જોકે ત્યાંના રહેણાંક વિસ્તારો પછી સબર્બમાં દૂરદૂર સુધી ફેલાયેલા છે. અમે તે સમયે રંગીન ગલીથી આગળ હાર્બર સુધી આવી ગયાં. અહીં એક સેવન-ઇલેવનમાં ગરમાગરમ સમોસાં મળતાં હતાં. એક સમયે તો એ પણ મજાક થઈ કે અહીં આવ્યા પછી જાણે અમને ભારતનાં મિત્રો અને ખાણીપીણીમાં નોર્વેની ખાસ વાનગીઓ ચાખવાનો ખાસ મોકો મળ્યો ન હતો. હાર્બર પાસે રેસ્ટોરાંની હારમાળા હતી. ત્યાં રોજેરોજની ફિશ મળતી. ત્યાં વીકેન્ડ પર ફિશ માર્કેટ પણ ભરાતી હતી. હાર્બર આસપાસ એક સુંદર અને જુનવાણી અને ભવ્ય બોટ પાર્ક થયેલી હતી. બીજી તરફ માર્કેટનાં રેસ્ટોરાં, નજીકમાં ત્યાંનું ઓપેરા હાઉસ અને ત્યાંથી થોડું આગળ જતાં ત્યાંનો સેન્ટ્રલ લેક, આખી ‘ગામલે’ સર્કિટ ક્યાં પૂરી થઈ ગઈ ખબર પણ ન પડી.

હજી અહીંનું કથિડ્રાલ, અહીંનું આર્કિયોલોજિકલ મ્યુઝિયમ વગેરે બાકી હતાં. હજી તો નોર્વેજિયન વાઇકિંગની વાર્તાઓની વાતો પણ ચાલુ નહોતી થઈ. આગળ ઉલાન્જહાઉગ વિસ્તારમાં છેક લોહયુગના સમયની વસાહતોના અવશેષો આજે પણ અકબંધ છે. અહીંની હાલની લોકપ્રિય ગલી ભલે માંડ વીસ વર્ષ પહેલાંની હોય, સ્ટાવાન્ગર તો સદીઓથી અહીં નોર્વેના ઇતિહાસને અંદર છુપાવીને બેઠું છે. તે રાત્રે અજવાળામાં જ ફરી એપાર્ટમેન્ટ પહોંચ્યા પછી હવે અમને ઘણાં દિવસો સુધી કોઈ શહેર જોવા નહોતું મળવાનું. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો
તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખું!

### એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

## આખેઆખી કાર ટ્રેન કમ્પાર્ટમેન્ટમાં...

# યુકેથી નેધરલેન્ડ્સ જવાનો ત્રિપાંખિયો યાદગાર અનુભવ

યુરોપ ફરવાનો આનંદ અનેકવિધ છે. કેટલાંક સ્થળ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે તો ત્યાં ભવ્ય કલાત્મક વારસો ધરાવતાં સ્થળ સુધ્ધાં છે. સાથે પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતી રળિયામણી જગ્યાઓ છે તો વૈજ્ઞાનિક અજાયબીઓ પણ છે. આ બધી જગ્યાએ સહેલ કરતી વખતનો આનંદ પણ અનેરો છે. એમાંય યુરોપની ટ્રેન ને બસ સફરની મજા અલગ જ અનુભૂતિ કરાવે છે. યુકે - યુરોપના રોકાણ દરમિયાન લંડનથી નેધરલેન્ડ્સ સુધીનો પ્રવાસ જળ - થળ - વાયુમાર્ગે કરવાના વિકલ્પો હતા. જોકે, હવાઈમાર્ગની મુસાફરી કરતી વખતે જે તે સ્થળના એરપોર્ટને જોવા - માણવા સિવાય બીજો કોઈ વિશેષ રોમાંચ નથી અનુભવી શકાતો. જ્યારે જળ અને થળ માર્ગે મુસાફરી અંગે જાણકારી મળી ત્યારે વાયુમાર્ગે મુસાફરી કરવા પર તરત ચોકડી મૂકી દીધી. સડક અને પાણી માર્ગે કરેલી મુસાફરીનો આનંદ અને રોમાંચ આજે પણ માનસપટ પરથી ભૂંસાયા નથી. જરૂરી અનુકૂળતા હોય તો એકવાર આ અનુભવ લેવા જેવો છે.

### બસ - ફેરી - બસ

યુકેથી નેધરલેન્ડ્સ જવું હોય તો ઇંગ્લિશ ચેનલ પાર કરવી પડે. યુકેમાં જે સ્થળ પર હો ત્યાંથી સડક માર્ગે ડોવર જવાનું. સાઉથ-ઇસ્ટ ઈંગ્લેન્ડમાં આવેલી કેન્ટ કાઉન્ટીમાં આવેલું ડોવર ફેરી પોર્ટ છે. ઇંગ્લિશ ચેનલ મારફત નેધરલેન્ડ્સ જવા માગતા લોકો અહીંથી દોઢ કલાકની ફેરી સવારી કરીને ફ્રાન્સના કલાઇસ નામના ફેરી પોર્ટ પર પહોંચીને પછી યુરોપ પ્રવાસ શરૂ કરતા હોય છે. ખાસ કરીને ટુર ઑપરેટરો માટે આ અત્યંત જાણીતો અને અનુકૂળ પ્રવાસમાર્ગ હોવાનું કહે છે. ફેરીમાં જતા પહેલા પ્રવાસના એકમાત્ર ઇમિગ્રેશન ચેક પોઈન્ટ પર પાસસપોર્ટમાં થપ્પો મરાવવાની વિધિ પાર પાડ્યા પછી આખેઆખી બસ એક ક્રૂઝમાં ઉતારવામાં આવી. જોકે, બીજી પણ કેટલીક બસ ત્યાં જોઈને આ એક સામાન્ય બાબત હોવાનો ખ્યાલ આવી ગયો. હવે તો મુંબઈમાં પણ આ આવો પ્રવાસ થઈ શકે છે. મહાકાય ફેરીમાં આંટો મારતા એનો ભપકો ઊડીને આંખે વળગ્યો. એકાદી આલીશાન રેસ્ટોરાં જેવી સગવડો સાથે કોફીથી માંડીને હાર્ડ ડ્રિંક્સના સરસ મજાના કાઉન્ટર્સમાં શિસ્તબદ્ધ રીતે થતી ખરીદી જોવાની મજા આવતી હતી. ઇંગ્લિશ ચેનલ જોતાવેંત ૧૯૫૮માં ડોવરથી કલાઇસ સુધી ઇંગ્લિશ ચેનલ તારી જનારા પ્રથમ ભારતીય મિહિર સેનનું સ્મરણ થઇ આવ્યું. કલાઈસથી સડક માર્ગે નેધરલેન્ડ્સ પહોંચતા ચારેક કલાક લાગે.

### રોડ - ટ્રેન - રોડ

યુકેથી નેધરલેન્ડ્સ જવાનો એક આશ્ચર્યચકિત કનારો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આ મુસાફરી સડક માર્ગે શરૂ થઈ વચ્ચે ટ્રેનમાં અને પછી સડક માર્ગે આગળ વધવાનો છે. જોકે, એમાં સૌથી રોમાંચિત અને અજાયબી પમાડનારી વાત એ છે કે આ મુસાફરીમાં પ્રવાસ કરતા હો એ આખેઆખી કાર ટ્રેનના કંપાર્ટમેન્ટમાં પ્રવેશતી હોય છે.

‘ધ શટલ’ નામથી ઓળખાતી રેલવે સર્વિસ માર્ગ પર દોડતાં વાહનોને યુકેના ફોકસ્ટોનથી ફ્રાન્સના કલાઈસ સુધી લઈ જાય છે. યુકેમાં તમે જે સ્થળે રહેતા હો ત્યાંથી કારની મુસાફરી કરી કેન્ટના ફોકસ્ટોન નામના ટાઉન પહોંચવાનું.



ફેરીમાં બસ અને સમુદ્રની સફર


કાર ટ્રેનના ડબ્બામાં પાર્ક થાય અને ટ્રેન ચાલે



યુરોસ્ટારની ટ્રેનનો પ્રવાસ આહ્લાદક

આ શહેરની કેટલીક વિશેષતાઓ પૈકી એક છે ટ્રાન્સપોર્ટ હબની. ‘ધ શટલ’ સર્વિસનું આ ચેનલ ટર્મિનલ છે જે ટ્રેન માર્ગે યુકેને ફ્રાન્સ સાથે જોડે છે. અહીં પહોંચ્યા પછી કાર, વેન, મોટરસાઈકલ અને બાઈસિકલ શટલ ટ્રેનમાં પ્રવેશ કરે. આ ટ્રેનના કમ્પાર્ટમેન્ટ ચારેકોરથી બંધ હોય. કાર આ કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશે એ પછી ૩૫ - ૪૦ મિનિટની મુસાફરી દરમિયાન કારમાં જ બેસી રહેવું હોય તો એમ અને કારની બહાર નીકળી લટાર મારવાની પણ છૂટ હોય છે. દરેક કમ્પાર્ટમેન્ટમાં એક નાનકડો વોશરૂમ અને અમુક અંતરે મિની રેસ્ટોરાંની સગવડ પણ હોય છે. કલાઈસ આવે એટલે કાર ટ્રેનના કમ્પાર્ટમેન્ટમાંથી બહાર નીકળી સડક માર્ગ પર આવી જાય અને ત્યાંથી કાર ચલાવી ચારેક કલાકમાં નેધરલેન્ડ્સ પહોંચી જવાય. કાર ટ્રેન કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશે એ અનુભવ રોમાંચક રહ્યો.

### યુરોસ્ટાર ટ્રેન

આ સર્વિસ બત્રીસ વર્ષ પહેલા જ શરૂ થઈ હતી. એનું કારણ એવું છે કે ૧૯૯૪માં ‘ચેનલ ટનલ’ નામની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી. ‘ચેનલ ટનલ’ ૫૦ કિલોમીટર લાંબી અંડરવોટર રેલવે ટનલ છે, જે યુકેના ફોકસ્ટોન અને ફ્રાંસના કલાઈસને ઈંગ્લિશ ચેનલની નીચેથી જોડે છે. વિશ્વની સૌથી લાંબી અંડર સી ટનલ તરીકે ખ્યાતિ ધરાવે છે અને તીવ્ર ઝડપે દોડતી કે ધસમસતી યુરોસ્ટારની ટ્રેનને યુકેથી યુરોપ પહોંચવામાં મદદ કરે છે. યુરોપની કેટલીક નેશનલ રેલ કંપનીઓના સહયોગથી યુરોસ્ટાર સર્વિસ શરૂ કરવામાં આવી હતી. આ સર્વિસની ખાસિયત એ છે કે પ્રવાસીઓને મોડર્ન ટ્રેનોમાં આધુનિક આરામદાયક સગવડો સાથે મુસાફરી કરવાનો લહાવો મળે છે. લંડનથી એમ્સ્ટર્ડેમ સુધીનું અંતર ચાર કલાક અને નવ મિનિટમાં પૂરું થાય છે. હકીકતમાં લંડનથી એમ્સ્ટર્ડેમનું અંતર ૩૦૦ કિલોમીટર જ છે. તકલીફ એટલી જ છે કે આ બન્ને પાટનગર વચ્ચે સમુદ્ર આવેલો છે. એટલે સીધું નથી જઈ શકાતું. અહીં આપણે બે ઉદાહરણમાં જોયું. યુકેનું ફોકસ્ટોન અને ફ્રાન્સનું કલાઈસ એ બે જ જમીન માર્ગની સગવડ છે. ફેરી અને ’ધ શટલનો પ્રવાસ માટે નવેક કલાક લાગી જાય છે. એટલે સમયને મહત્ત્વ આપતા લોકો લંડનથી એમ્સ્ટર્ડેમની મુસાફરી વિમાનમાર્ગે કરતા હોય છે. જોકે, યુરોસ્ટાર ટ્રેન સર્વિસ શરૂ થયા પછી અનેક લોકો ટ્રેનનો વિકલ્પ અપનાવવા લાગ્યા છે. આ પ્રવાસમાં હવાઈ મુસાફરી કરતા ઓછી માથાકૂટ કરવી પડે છે. ૨૦ મિનિટ માટે ટ્રેન દરિયાની અંદરથી મુસાફરી કરી પચાસ કિલોમીટરનું અંતર કાપે છે. અલબત્ત, આ મુસાફરી એકવેરિયમમાંથી નહીં, પણ ચારેકોરથી બંધ ટનલમાંથી થતી હોવાથી બારીની બહાર કાળું ડિબાંગ અંધારું જ દેખાય છે. ■

### મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ઘરવાળી તો ઈચ્છે કે ગેસની તંગી થાય...




ઈઝરાયલ-અમેરિકાના યુદ્ધની ચર્ચાઓ ગમે તેટલી ગરમાગરમ હોય, પણ ગુજરાતીના રસોડામાં જ્યારે ગેસનો બાટલો ‘ફુસસસ...’ અવાજ સાથે દમ તોડે છે ત્યારે જે ‘પોલિટિકલ ગેમ’ શરૂ થાય છે, તેની સામે ચાણક્યની નીતિ પણ ટૂંકી પડે!

ગઈકાલે રાત્રે ચુનિયાના ઘરે બરાબર રસોઈ ટાણે જ ગેસ ખલાસ થયો. ચુનીલાલ માટે આ ‘ઈકોનોમિક ક્રાઈસિસ’ હતી, પણ ભાભીના ચહેરા પર એવી ચમક આવી જાણે એને ‘ઓસ્કાર’ મળી ગયો હોય! અતિ આનંદ સાથે ભાભી એ જાહેર કર્યુંઃ ‘ગેસ ગયો!’

આશ્ચર્ય વત્તા ચિંતા સાથે ચુનિયો બોલ્યોઃ

‘અરે, પણ આ ગેસ કેમ બંધ થઈ ગયો? હજી તો ગયા મહિને જ નવો લાવ્યો હતો. આમાં ચોક્કસ કંઈક લોચો છે.’

ભાભી શાંતિથી વેલણ મૂકતા બોલ્યાઃ ‘લોચો ન હોય, વપરાશ હોય! બિચારો બાટલો પણ મારી જેમ થાકી ગયો હશે ને? એને પણ આરામ જોઈએ. અને સાંભળો, ગેસના બાટલાનું અને તમારા રોમેન્ટિક મૂડનું કંઈ નક્કી ન હોય, ગમે ત્યારે ઠરી જાય! રહી વાત જલ્દી ખાલી થવાની તો એમાં બાટલાનો વાંક નથી. તમે જે રવિવારે પરાઠાની ‘સર્જિકલ સ્ટ્રાઈક’ કરો છો ને, એમાં જ અડધો ગેસ શહીદ થઈ જાય છે!’

ચુનિયો મચક ન આપતા બોલ્યોઃ ‘અરે, પણ હજી સાડા આઠ જ વાગ્યા છે. હું પેલા ગેસવાળાને ફોન કરું છું, મને ઓળખે છે. એ અત્યારે જ બીજો બાટલો મૂકી જશે. આપણે હમણાં જ રસોઈ પૂરી કરી લઈએ.’

ભાભી લગભગ તાડુક્યાંઃ ‘ખબરદાર જો ફોન કર્યો છે તો! અત્યારે રાત્રે પેલા બિચારા ડિલિવરી બોયને હેરાન કરાય? એને પણ ઘરબાર હશે ને? તમે તો પેલા ‘ક્રૂર સરમુખત્યાર’ જેવા છો, જેને બસ પોતાનું પેટ ભરવામાં જ રસ છે. માનવતા જેવું કંઈ છે કે નહીં?’

ચુનીલાલે ગળગળા સાદે વઢવાનો પ્રયત્ન કર્યોઃ

‘માનવતાની શું વાત કરે છે? અત્યારે ગેસ નહીં હોય તો સવારે ચા ક્યાં બનશે? હું પાડોશી કાંતિભાઈ પાસેથી નાનો બાટલો લઈ આવું છું.’

ભાભીએ પોતાની બંને આંખો ડબલ સાઈઝની કરી મિસાઈલ ફેંકીઃ ‘જો જો હોં! પાડોશીના ઘરે જઈને ભીખ નથી માગવી. આપણી ‘ઈમેજ’નું શું? કાંતિભાઈની પત્ની આખા બિલ્ડિંગમાં ન્યૂઝ ચેનલ જેવી છે. કાલે સવારે દૂધવાળાથી લઈને વોચમેન સુધી બધાને ખબર હશે કે ચુનિયાના ઘરે ગેસના બાટલાના ફાંફા છે. લોકો કહેશે કે ચુનિયો ઓફિસમાં ‘બોસ’ બને છે પણ ઘરે તો ‘બર્નર’ પણ નથી સળગાવી શકતો! ચીનની જેમ આબરૂ જાય એના કરતાં બેસ્ટ આઈડિયા એ છે કે અત્યારે આપણે બહાર જમી લઈએ. જુઓ, પેલી નવી પંજાબી રેસ્ટોરન્ટમાં ‘બાય વન ગેટ વન’ની ઓફર છે.’

ચુનિયાએ હથિયાર હેઠાં મૂકતા કહ્યુંઃ ‘પણ ઘરે શાક સુધારેલું પડ્યું છે, લોટ બંધાઈ ગયો છે...’

ભાભી બોલ્યાઃ ‘લોટનું તો ‘ક્રાયોજેનિક ફ્રીઝિંગ’ કરી દઈશું (ફ્રીજમાં મૂકી દઈશું). પણ અત્યારે જો તમે ગેસ લાવવાની જીદ કરી, તો સમજી લેજો કે આપણા સંબંધોમાં ‘કોલ્ડ વોર’ શરૂ થઈ જશે!’

યુદ્ધ અનિવાર્ય હોય ત્યારે મોંઘા ભાવના મિસાઈલની જગ્યાએ સસ્તા રોકેટથી ચાલી જતું હોય તો આબરૂ રહી જાય તેમ વિચારી ચુનિયાએ નવો દાવ નાખ્યોઃ

‘સારું, બહાર નથી જવું. હું નીચેથી ટિફિન મંગાવી લઉં છું. સસ્તું પડશે અને ઘર જેવું જમવાનું મળશે.’

ભાભી હવે ફુલ ફોર્મમાં મેદાનમાં આવ્યાઃ ‘ટિફિન? તમે મને ‘રિફ્યુજી’ (શરણાર્થી) સમજો છો? ટિફિનનું જમવાનું ખાઈને મારી તબિયત બગડશે તો એનો ખર્ચો કોણ આપશે? પછી તમે જ કહેશો કે દવાખાનાના બિલ વધી ગયા. એના કરતાં અત્યારે ચૂપચાપ ગાડી કાઢો. ગેસનો બાટલો કાલે સવારે આરામથી આવશે. અત્યારે ‘સીઝફાયર’ જાહેર કરો અને મને સરસ મજાનું ડિનર કરાવો!’

છેવટે ચુનિયો હાર્યો. હોટલનું બિલ ગેસના બાટલાની કિંમત કરતાં પણ ડબલ આવ્યું. બિલ ચૂકવતી વખતે ચુનિયાએ નિસાસો નાખીને કહ્યુંઃ ‘આના કરતાં તો હું ગેસના બાટલાના બ્લેકમાં ૨૦૦૦ આપી દેત તોય સસ્તું પડત!’

ભાભી મલકાતા બોલ્યાંઃ ‘સમજ્યા વગર બોલો માં! આ હોટલનું બિલ એ ‘લક્ઝરી ટેક્સ’ નથી, એ તો મારા જેવી ‘ડોમેસ્ટિક મિનિસ્ટર’ને ખુશ રાખવા માટેનું ‘પીસ ફંડ’ (શાંતિ ભંડોળ) છે. હવે ચૂપચાપ ટીપ આપો અને ચાલો, નહીંતર સવારે ચા પણ નસીબ નહીં થાય!’ ■

**વિચારવાયુઃ**

*પતિ સામાન્ય રીતે બહાર જમવાનો મેળ આવે ત્યારે મોજમાં જ હોય કારણ કે બહાર સારું ખાવાનું, સ્વાદ મળે. બિલ ચૂકવવાનું થાય તો જ એ દુઃખી થાય છે.*

### ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# સી શેન્ટીઝઃ

## ઠેઠ અઢારમી સદીનું ગીત-સંગીત ફરી વાયરલ થઇ ગયું!

*Once was a ship that put to sea*
*The name of that ship was a Billy of Tea...*

શું તમે આ ગીત સાંભળ્યું છે? શબ્દો વાંચીને તમે મોટે ભાગે ના જ પાડશો, પણ એક વખત મોબાઈલમાં સર્ચ કરી જુઓ, સાંભળ્યા પછી લાગશે કે હા યાર, આ ગીત તો મેં ક્યાંક સાંભળ્યું છે! આ કમાલ છે ‘સી શેન્ટી’ તરીકે ઓળખાતા સંગીતનો.

છેલ્લાં પાંચેક વર્ષથી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ભારે વાયરલ થયેલ સી શેન્ટી ટ્રેન્ડ વિષે વાત કરતાં પહેલા તાજેતરની એક ઘટના વિશે વાત કરીએ. ગત સપ્તાહે સમાચાર હતા કે હોર્મુઝની ખાડીમાં ફસાયેલું એક ભારતીય જહાજ કેપ્ટનની સૂઝબૂઝને કારણે ઈરાની આક્રમણથી બચીને હેમખેમ ભારત પહોંચી શક્યું. કેપ્ટને ઈરાની રડારથી બચવા માટે જહાજની નેવિગેશન સિસ્ટમ બંધ કરી દીધેલી. પરિણામે થોડા સમય માટે જહાજ ડાર્ક મોડમાં જતું રહ્યું. ડાર્ક મોડ એટલે એવી અવસ્થા જેમાં જહાજ આખા વિશ્વ સાથે સંપૂર્ણપણે સંપર્કવિહોણું થઇ જાય છે. આવું કરવાથી દુશ્મનના રડારથી તો બચી શકાય, પરંતુ એ દરમિયાન મધદરિયે જો ટેકનિકલ સમસ્યા કે અન્ય કોઈ નવાજૂની ઊભી થાય તો જહાજ અને એના ખલાસીઓના ભવિષ્ય વિષે માત્ર કલ્પના જ કરવાની રહે. સદનસીબે ભારતીય જહાજ સાથે એવું કશું ન થયું.

જહાજના કેપ્ટને કેલ્ક્યુલેટિવ રિસ્ક લીધું જે સફળ નીવડ્યું.

મૂળ વાત એ છે કે દરિયાની છાતી પર સરકતા જહાજની મુસાફરી જેટલી આહલાદક દેખાય છે એટલી હોતી નથી. અહીં પળેપળ જીવનું જોખમ હોવાનું. આ બધા વચ્ચે ખલાસીઓએ ખારી હવામાં વચ્ચે શરીર તોડી નાખે એવો શારીરિક શ્રમ કરવો પડતો હોય છે. અત્યારે તો ઘણી આધુનિક ટેકનોલોજી અને સાધનો આવી ગયા, પણ જરા વિચાર કરો કે સદીઓ પહેલાના




જહાજીઓ તમામ વિષમ સંજોગો અને સતત શારીરિક શ્રમ વચ્ચે પોતાનો જુસ્સો કઈ રીતે ટકાવી રાખતા હશે? જવાબ છે સંગીત.

જગત આખાની દરિયાખેડૂ પ્રજા પાસે પોતપોતાની પ્રાદેશિક સંસ્કૃતિને અનુરૂપ ગીત-સંગીતનો ખજાનો છે.

આપણે ત્યાં ગુજરાત અને મહારાષ્ટ્રના કોળીઓ-ખારવાઓનાં ગીતો તો જાણીતાં છે જ. એમાંનાં કેટલાંક તો ફિલ્મો જેવાં માધ્યમ દ્વારા મેન સ્ટ્રીમ મ્યુઝિકનો ય હિસ્સો બની ચૂક્યાં છે. દાખલા તરીકે ‘દિલ હૈ કી માનતા નહિ’ (૧૯૯૧) ફિલ્મનું પ્રખ્યાત કોળી ગીત ‘ગલ્યાન સાખલી સોન્યાચી, હિ પોરી કોણાચી!’ (ગળામાં સોનાની સાંકળી પહેરેલી આ કન્યા કોની છે?)

સી શેન્ટી તમારા શરીરને લયબદ્ધ કરે છે.

ખૂબીની વાત એ છે કે ભારતીય દરિયાખેડૂઓનાં ગીતોનો ભાવ વિદેશી દરિયાખેડૂ કરતા થોડો જુદો પડે છે.

આપણે ત્યાં ભાવનાપ્રધાન ગીતો વધુ છે. જ્યારે વિદેશી ખારવાઓએ એવાં ગીતો બનાવ્યાં જે જહાજ ઉપર શારીરિક શ્રમ કરતી વખતે ખલાસીઓના શરીરને એક લય પૂરો પાડે. આવાં ગીતો એટલે જ Sea Shanty - સી શેન્ટી.

કામ કરવાનો જુસ્સો ટકી રહે એ માટે જ ખાસ સી શેન્ટી બનાવવામાં આવતા. હવે માણસનું શરીર કંઈ એક જ લયમાં વિવિધ કામ ન કરી શકે. દોરડું ખેંચતી વખતે કે જહાજનું સઢ ચડાવતી વખતે શરીરનો લય જુદો જુદો હોવાનો.

ખૂબીની વાત એ છે કે આ રીતના જુદાં જુદાં કામો માટે ખાસ જુદાં જુદાં શેન્ટીની રચના થઇ છે.

જેમ કે રસ્સો ઝડપથી ખેંચવો હોય ત્યારે ‘What shall we do with a drunken sailor' જેવા શોર્ટ ડ્રેગ શેન્ટી ગાવામાં આવે છે. શરૂઆતમાં જેનો ઉલ્લેખ કર્યો એ ‘વન્સ વોઝ અ શિપ..’ અને આ ‘વ્હોટ શેલ વી ડુ...’ ગીતો આજે ય બહુ લોકપ્રિય છે. સઢ ચડાવવાના કામમાં ધીમા અને ઊંડા શ્વાસ સાથે કામ કરવું પડે છે. એમાં ઉતાવળ ન ચાલે.


એટલે એના માટે રચાયું ‘Blow the Man Down, Haul Away Joe'. આ ગીતનો લય એવો છે જે લોન્ગ ડ્રેગ (લાંબે સુધી રસ્સો ખેંચવો) જેવાં કામો માટે લય પૂરો પાડે. જહાજમાં ભરાઈ ગયેલાં પાણીને ઉલેચવા જેવા બોરિંગ કામ માટે પણ વિશેષ શેન્ટી રચાયા છે.

આવાં ગીતોની ખાસિયત એવી છે કે એક વ્યક્તિ (shant yman) ગીતની શરૂઆત કરે અને બાકીના બધા એનો જવાબ આપતા હોય એ રીતે કોરસમાં જોડાઈને ગાય. આને call-and-response સ્ટાઈલ કહેવાય. આનાથી બધા એકસાથે રસ્સો ખેંચે, સઢ ઉપર ચઢાવે કે પંપ ચલાવે એટલે ગીતના લય અને જુસ્સા સાથે તમારું શરીર આપોઆપ તાલબદ્ધ રીતે કામ કરતું રહે અને થાક ઓછો લાગે. સૈનિકોના માર્ચિંગ સોંગ જેવી જ આ ટેક્નિક છે. દાખલા તરીકે રાજ કપૂરની દાયકાઓ જૂની ફિલ્મ ‘આવારા’નું એક ગીત, જેમાં શેન્ટી મેન એટલે કે મુખ્ય નાવિક લલકારે છે ‘નૈયા તેરી મઝધાર...’ જવાબમાં બીજા તમામ ખલાસીઓ ‘હોશિયાર, હોશિયાર’ કહીને જવાબ વાળે છે. આટલું જૂનું ઉદાહરણ આપવા બદલ જો તમારું નાકનું ટીચકું ચડી ગયું હોય તો જાણી લો કે છેલ્લા પાંચ વર્ષથી ઠેઠ અઢારમી સદીમાં રચાયેલા શેન્ટી સોન્ગ્સ જગત આખાના યુવાનોને ઘેલું લગાડી રહ્યા છે.

પણ એક મિનિટ, અત્યારે તો પહેલાં જેવાં જહાજો નથી રહ્યાં. તો આ ગીતો પર જુવાનિયાઓ કરે છે શું?

જવાબ સિમ્પલ છે. આજકાલ શેન્ટી સોન્ગ્સ પર વિવિધ ડાન્સ સ્ટેપ્સ કરવાનો ટ્રેન્ડ વાયરલ થયો છે. શેન્ટીના નવા નવા મ્યુઝિક આલબમ્સ બની રહ્યા છે. કેટલાય જુવાનિયાઓ તો આ ગીતો પર વર્કઆઉટ્સ એટલે કે શારીરિક કસરતના મૂવ્સ કરવાનું શરૂ કર્યું છે. આ ટ્રેન્ડ જે રીતે ચાલી રહ્યો છે, એ જોતા આવનારાં વર્ષોમાં ય શેન્ટીઝ જીવતા રહેશે એમાં બેમત નથી. આપણાં હિન્દી ફિલ્મી ગીતોમાં કયું શેન્ટી તમને વાયરલ કરવા જેવું લાગે છે? ■

# ભેદ



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

નવા ઘરમાં રહેવા આવ્યાને અરુણ અને ઈલાને અઠવાડિયું થઈ ગયેલું. પાંચ વર્ષ ભાડાના ઘરમાં રહ્યા બાદ પોતાનું કહેવાય એવું ઘર લઈ શકેલા. સઘળી કમાણી ઘરમાં સમાણી. પણ ઘરનું ઘર થઈ ગયું. સપનાનું ઘર. ઈલાને નવું ઘર ખૂબ ગમી ગયેલું. ફર્નિચર સાથેનું બેઠા ઘાટનું ચાર કમરાનું ઘર. દીવાનખંડ, બે બેડરૂમ અને રસોડું. ઘરમાં દાખલ થઈએ એટલે નાની ઓસરી આવે. ઓસરીમાં જ બધા કમરાના બારણાં ઉઘડે. ભીતરથી પણ કમરા એકમેક સાથે જોડાયેલા. સામેનું બારણું દીવાનખંડમાં ખૂલે. જમણી બાજુનાં બે બારણાં બે શયનખંડમાં ખૂલે. ડાબી બાજુનું બારણું રસોડામાં ખૂલે. દીવાનખંડમાં જમણીડાબી બાજુના બારણાં બેડરૂમમાં અને રસોડામાં ખૂલે. બે બેડરૂમને જોડતો એક દરવાજો. બધા કમરામાં પાછલી બાજુ ખૂલતો દરવાજો પણ ખરો. પાછળના દરવાજા પાછલા આંગણામાં ખૂલતા.

ઘરની ચારેબાજુ પ્રદક્ષિણા કરી શકાય એવી ખુલ્લી જગ્યા. આગળ નાનકડું આંગણું. ફરતે ક્યારીઓમાં ફૂલછોડ રોપી શકાય. ઘરની પાછલી બાજુ પણ આંગણું. શાકભાજી ઉગાડી શકાય. માથે અગાસી. ઠંડીના દિવસોમાં આંગણામાં તાપણું કરીને શરીર શેકી શકાય. ગરમીમાં આંગણામાં તો બેસી જ શકાય, પરંતુ અગાસીનો આનંદ પણ લઈ શકાય. અગાસીમાં ગાદલાં નાખીને ખુલ્લા આસમાન નીચે તારા ગણતાં ગણતાં સૂઈ શકાય.

ઘરની દીવાલે નેમપ્લેટ લગાવેલી : અરુણ- ઈલા. એના પર સંતોષની નજર ફેરવીને ઈલાએ આંગણામાં તુલસીક્યારો રોપ્યો. દીવો કર્યો. ભીના વાળમાં આંગળાં ફેરવી લઈને સમગ્ર ઘરને બાથમાં ભરી લેવા માગતી હોય એમ ઈલાએ બંને હાથ પહોળા કર્યા. એટલામાં અરુણની બૂમ સંભળાઈ. ઈલા ઘરમાં દોડી ગઈ. રસોડાનો સરસામાન તો ગોઠવાઈ ગયેલો. પણ ઘરનું થોડુંઘણું રાચરચીલું ગોઠવવાનું બાકી હતું. ચા પીતાં પીતાં અરુણ અને ઈલાએ મળીને ઝટપટ સામાન ગોઠવી દીધો. ગેલેક્સી કોર્પોરેટ કંપનીમાં કામ કરતા અરુણની રજા પૂરી થઈ ગયેલી. એટલે તૈયાર થઈને ઓફિસે જવા નીકળી ગયો.

અરુણના ગયા પછી પણ ઈલા પગ વાળીને બેઠી નહીં. નાનુંમોટું કામ આટોપી લીધું. ઈલા એક એક કમરામાં ઘૂમી વળી. ઘરમાં લગભગ બધું જ ગોઠવાઈ ગયેલું. હવે કાંઈ બાકી રહ્યું નથી. ઈલાએ રાહતનો શ્વાસ લીધો. ચા પીવાની શોખીન ઈલાએ ફરી ગરમાગરમ કડક ચા બનાવી. ચાનો પ્યાલો લઈને ઓસરીમાં આવી. ઝૂલા પર ગોઠવાય ત્યાં તો એની નજર આંગણામાં પડેલાં પરબીડિયાં પર પડી.

ઈલાને નવાઈ લાગી. પોતે તુલસીક્યારે દીવો કર્યો ત્યારે તો આંગણામાં કાંઈ નહોતું. ક્યાંથી હોય? ગણતરીના સગાંસંબંધીઓ અને મિત્રો સિવાય કોઈને નવા ઘર વિશે જણાવ્યું જ નહોતું. વળી આજના મોબાઈલ ફોનના જમાનામાં તો લેન્ડલાઇન પણ બંધ થઇ ગયા છે. ફોનથી જ વાતચીતનો વ્યવહાર પતી જાય છે. એવા સંજોગોમાં આ પરબીડિયું કોણ નાખી ગયું હશે... કોઈ ભૂલથી તો નહીં નાખી ગયું હોય ને ?

ઈલાએ પરબીડિયું ઉઠાવ્યું. પરબીડિયાં પર ગરબડિયા અક્ષરોમાં નામ લખેલું. અરુણકુમાર. બસ, બીજું કાંઈ જ નહીં. ઈલાએ પરબીડિયું આગળપાછળ ફેરવી ફેરવીને જોયું. ન મોકલનારનું નામ, ન સરનામું. ન પોસ્ટખાતાનો સિક્કો. એનો અર્થ એ થયો કે કોઈ બીજું જ આંગણામાં પરબીડિયું નાખી ગયું છે. કોણ નાખી ગયું હશે એ વિચારતાં વિચારતાં ઈલાએ પરબીડિયું ખોલ્યું. ભીતરથી કાગળની ગડી કરેલી કાપલી સરકી પડી. ઈલાએ કાપલી ખોલી. એમાં માત્ર ત્રણ લાઈનનું લખાણ હતું : આ ઘરમાં ભૂતપ્રેતનો વાસ છે. જીવ વહાલો હોય તો બને એટલી ઝડપથી ઘર ખાલી કરી નાખો. નહીંતર ભૂતના પરચા માટે તૈયાર થઈ જજો..

લખાણ થોડું ડરામણું હતું, પણ ઈલા ડરી નહીં. એ ભણેલીગણેલી હતી. અંધશ્રદ્ધામાં માનતી નહીં. ભૂતપ્રેતમાં એને વિશ્વાસ નહોતો. કોઈએ મજાક કરવા કે પછી ડરાવવા આવું પરબીડિયું મોકલ્યું હોવું જોઈએ એવું એને લાગ્યું. દિવસ દરમિયાન તો કામકાજમાં ગૂંથાઈને એ પરબીડિયાં વિશે ભૂલી જ ગઈ, પણ સાંજે અરુણ ઘેર આવ્યો ત્યારે વળી પરબીડિયું યાદ આવ્યું. ઈલાએ અરુણને પરબીડિયાંની વાત કરી. લખાણ વાંચીને અરુણે વાત હસવામાં ઉડાડી દીધી. આવું બધું મન પર નહીં લેવાનું. ઈલાએ આમેય મન પર નહોતું લીધું. ગમતા ઘરને છોડીને એ ક્યાંય જવાની નહોતી.

ઘટનાને બેત્રણ દિવસ વીતી ગયા. ખાસ કાંઈ બન્યું નહીં. પણ ચોથી રાત્રે અરુણને ભૂતનો પરચો મળી ગયો. બન્યું એવું કે અડધી રાત્રે અરુણની આંખ ખૂલી ગઈ. બેડરૂમની બત્તી બંધ હતી, પણ બહાર રસ્તા પર થાંભલે થાંભલે વીજળીના દીવા બળતા હતા. એ દીવાનો પ્રકાશ બેડરૂમની બારી પર પડી રહેલો. બારી પર અરુણની નજર પડતાં જ એ ચમકી ગયો. બારીના કાચ પર ખોપરી અને પંજાના નિશાન સાથે ઊપસી આવેલા લખાણમાં લખેલું : અંતિમ ચેતવણી. જીવ વહાલો હોય તો ઘર છોડીને ચાલ્યા જાવ... અરુણ હેબતાઈ ગયો. એની ઊંઘ ઊડી ગઈ. રાતભર પાસાં બદલતો રહ્યો. આવી તે મજાક કરાય. કાચોપોચો માણસ તો ડરીને ઘર છોડી દે. પણ પોતે ક્યાં ડરે છે?

સવારે અરુણે ઈલાને વાત કરી. એ ગભરાઈ નહીં. એને તો ઘરનું વળગણ થઈ ગયેલું. એણે લખાણ ભૂંસીને અરુણને કહ્યું : આપણે આ ઘર છોડીને ક્યાંય જવાનું નથી. જરૂર પડશે તો પોલીસમાં ફરિયાદ કરીશું. અરુણ સંમત થયો. રાત ગઈ. વાત ગઈ. ઈલા અને અરુણ પોતપોતાના કામમાં પરોવાયાં. ચારપાંચ દિવસ વીતી ગયા. બધું યથાવત ચાલતું રહ્યું. અઠવાડિયાં પછી ફરી એક ઘટના બની.

બન્યું એવું કે બપોરના સમયે ઈલા ઘરનું કામકાજ આટોપીને મેગેઝિન વાંચવામાં પરોવાયેલી, ત્યારે સેલફોનની ઘંટડી રણકી. ઈલાએ જોયું તો મોબાઈલ સ્ક્રીન પર અજાણ્યો નંબર. ફોન લેવો ન લેવાની ગડમથલમાં ગૂંથાઈ. પણ ફોન રણકતો બંધ ન થયો. આખરે ઈલાએ ફોન ઉઠાવ્યો. સામે છેડેથી કોઈ કહી રહેલું : 'કોન્ગ્રેચ્યુલેશન્સ ઈલામેડમ...હું લોટરી એન્ટરપ્રાઈઝમાંથી બોલું છું. અમારા લકી ડ્રોમાં તમને બે વ્યક્તિ માટેની ત્રણ દિવસ અને બે રાતની ગોવા પ્રવાસ માટેની લોટરી લાગી છે. તો બોલો, ક્યારે ગોવા ટ્રીપ માટે જવાનું પસંદ કરશો ?'

'એ હું પછી જણાવીશ.' ઈલા આવા ટેલિફોનિક ફ્રોડ વિશે જાણતી હતી : 'પહેલાં તો એ કહો કે મારો નંબર તમારી પાસે ક્યાંથી આવ્યો ?'

'ઓહ મેડમ...' સામો છેડો મધુર સ્વરે ગૂંજી રહ્યો : 'આ ડિજિટલ વર્લ્ડ છે. એમાં દરેક માહિતી આંગળીને ટેરવે મળી જ રહે છે. આપ જણાવો કે આપનું બુકિંગ આજનું કરું કે કાલનું ?'

'આઈ એમ નોટ ઇન્ટરેસ્ટેડ..' ઈલાએ ફોન બંધ કરી દીધો ને પછી મેગેઝિન વાંચવામાં પરોવાઈ ગઈ.

સાંજે અરુણ સાથે વાત કરી. ગોવા ટ્રીપ વિશે સાંભળીને અરુણ વિચારમાં પડ્યો. નવા ઘરમાં રહેવા આવ્યાને મહિનો પણ પૂરો થયો નહોતો. એટલામાં તો કેટલા વિચિત્ર બનાવ બની ગયેલા. પરબીડિયું, બારીના કાચ પર લખેલી ધમકી અને હવે ગોવા ટ્રીપ... કોણ જાણે હજુ કેવા કેવા અનુભવ થશે!

ગોવાવાળા ફોનને દસેક દિવસ વીતી ગયેલા. બીજો કોઈ નોંધપાત્ર અનુભવ થયો નહોતો.પણ અગિયારમે દિવસે વળી અનોખો અનુભવ થયો. એ દિવસે રવિવાર હતો. અરુણ અને ઈલા સાંજે પાંચેક વાગ્યાના સુમારે ઘરની આગળના આંગણામાં નેતરની ખુરસીઓ ઢાળીને ચા પીતાં બેઠેલાં. સાથે સ્વાદિષ્ટ ઉપમા. ચાનાસ્તો કરી રહ્યાં એટલામાં એક માણસ મકાનના ઝાંપામાંથી ભીતર દાખલ થયો. બ્લુ ચેક્સના શર્ટ સાથે ડાર્ક બ્લુ પેન્ટ. આંખે બ્લેક ફ્રેમનાં ચશ્માં. જમણા હાથમાં ગ્રે રંગની એટેચી. ઝાંપો ખોલીને સીધો જ અરુણ પાસે આવીને સામે પડેલી નેતરની ખુરસીમાં ગોઠવાઈ ગયો. ઈલાએ કીટલીમાંથી પ્યાલામાં ચા રેડી. પ્યાલો મહેમાન સામે ધર્યો. એક પ્લેટમાં ઉપમા.

'હું સુનીલ શર્મા...' મહેમાને ચાનો પ્યાલો લઈને કહ્યું : 'આપ મને નહીં ઓળખતા હો, અરુણભાઈ. પણ હું આપને સારી પેઠે ઓળખું છું. હું આપની પ્રતિસ્પર્ધી કંપની ગ્લોબલ કોર્પોરેશનનો મેનેજર છું. છેલ્લા ઘણા વખતથી હું આપની કામગીરી નિહાળી રહ્યો છું. આપની મહેનતે ગેલેક્સીને ખરેખર ગેલેક્સીમાં પહોંચાડી દીધી છે. કંપનીનો નફો અનેકગણો વધી ગયો છે.'

'આભાર...' અરુણે પ્રશંસાનો સ્વીકાર કર્યો. દરમિયાન ઈલા અજાણ્યા મહેમાનને નિહાળી રહી. વ્યક્તિત્વ પ્રભાવી કહી શકાય એવું તો નહોતું જ. સાધારણ દેખાવ. ઘેરા બદામી વર્ણના સુનીલે ચીબા નાક પર ચડાવેલાં ચશ્માં પાછળ છુપાયેલી કાળી આંખોમાંથી ખંધાઈ ટપકી રહેલી. ચિબાવલો નહીં તો. માથા પરના પાંખા વાળમાં ડાય કરેલી અથવા તો કલર કરેલો. કલર જ કર્યો લાગે છે. મોં પર આછાં દાઢીમૂછ. નકલી તો નહીં હોય ! ઈલાને આ માણસ ન ગમ્યો. કમસે કમ મેનેજર જેવો તો નથી જ લાગતો. ઈલા મનમાં જ ગણગણી. બિલો એવરેજ! એટલામાં સુનીલ બોલ્યો : 'અરુણભાઈ, આપની કામગીરીથી પ્રભાવિત થઈને આજે હું આપની સમક્ષ એક ઓફર લઈને આવ્યો છું..'

'ઓફર...' અરુણ ચોંક્યો : 'શેની ઓફર ?'

'અમારી કંપનીમાં જોડાવાની ઓફર...' સુનીલ બોલ્યો. અચાનક ઈલાને ભાન થયું કે એનો અવાજ જરાય કર્ણપ્રિય નહોતો. એ કહી રહેલો : 'તમારી કંપનીમાં તમારી કદર થતી હોય એવું લાગતું નથી. અમે તમને જનરલ મેનેજરનો હોદ્દો આપીશું. સેલેરી પણ ડબલ. શોફર ડ્રીવન કાર અને રહેવા માટે આલીશાન બંગલો.'

'અમે આ ઘર છોડીને ક્યાંય જવાના નથી...' ઈલાના સ્પષ્ટ બોલમાં અણગમો ઉપસી આવ્યો.

'મેડમ, હું આ ઘર છોડીને જવાનું કહેતો પણ નથી....' સુનીલે વાતને વાળી લેતાં કહ્યું : 'હું તો માત્ર અમારી ઓફર વિશે કહી રહેલો. તમારે ક્યાં રહેવું એ તો તમારે જ નક્કી કરવાનું છે. મારું એટલું જ કહેવું છે કે અમારી કંપનીમાં તમારું ભવિષ્ય ઉજ્જવળ છે. ઉજ્જવળ કરતાં પણ સોનેરી શબ્દ વધુ યોગ્ય છે.'

'મને વિચારવા માટે સમય આપો..' અરુણે બલા ટાળતો હોય એમ સંયમિત સ્વરે કહ્યું.

'ઠીક છે. તમે વિચારી લ્યો. હું બે દિવસ પછી તમારો સંપર્ક કરીશ...' સુનીલે ઊભા થતાં કહ્યું : 'પણ હા, એક વાત છે. તમારે ફોર્માલિટી ખાતર ઈન્ટરવ્યુ માટે અમારા હેડક્વાટર્સ આવવું પડશે. હેડક્વાટર્સ બીજા શહેરમાં છે. એટલે તમારે બંનેએ માત્ર એક દિવસ માટે આવવું પડશે. બોસ બંનેને મળશે. એ માને છે કે બોસે એના કર્મચારીઓને પણ મળવું જોઈએ. આવવાજવા માટેની રેલવે ટિકિટનો બંદોબસ્ત હું કરી દઈશ. એક દિવસ જવાનો. બીજે દિવસે પાછા. તમે કંપનીમાં જોડાઈ જાવ એટલે આ શહેરની ઓફિસમાં તમે કામ કરી શકશો. આ જ ઘરમાં રહીને.'

'હું વિચારીને કહીશ..' અરુણે ઊભા થઈને સુનીલને વિદાય આપી.

સુનીલ ઝાંપામાંથી બહાર નીકળ્યો કે તરત જ ઈલા બોલી: 'અરુણ, મને આ માણસ જરાય ગમ્યો નથી. તું એને ના કહી દે. આપણે નથી કરવી એની નોકરી.'

'મારે પણ એની નોકરી કરવી નથી, ઈલા...' અરુણ કહી રહ્યો : 'પણ મને લાગે છે કે એની ઓફર પાછળ કોઈ મોટો ભેદ છુપાયેલો છે. એ ભેદ જાણવો જોઈએ. હું તેજસ્વી છું, એ મને ખબર છે. પણ એ કહે છે એટલો નહીં. છતાં એ આવી રીતે સીધો જ ઓફર લઈને ચાલ્યો આવે એ મારે ગળે ઊતરતું નથી. તેલ જોઈએ, તેલની ધાર જોઈએ. બાકી તો પડશે એવા દેવાશે!'

અરુણની વાત પૂરી થઈ ત્યાં તો ફરી ઝાંપો ખખડ્યો. ઈલા અને અરુણે આવનાર સામે જોયું અને ખુશીથી ઝૂમી ઊઠ્યાં. અરુણ તો મહેમાનને ભેટી જ પડ્યો : 'અરે યાર.. વ્હોટ એ સરપ્રાઈઝ. તું અચાનક ક્યાંથી ?'

એ બીજું કોઈ નહીં, ઈન્સ્પેક્ટર કરણ બક્ષી હતો. અરુણ અને ઈલાનો કોલેજકાળનો મિત્ર. ઘણા દિવસે મળ્યાં એટલે મિત્રત્રિપુટી અલકમલકની વાતો કરવામાં ગૂંથાયાં. તને સાંભરે રે મને કેમ વીસરે રે...નો દોર ચાલ્યો. કરણ કહી રહ્યો : 'તેં નવા ઘરનું સરનામું ટેક્સ્ટ કરેલું. એટલે તને સરપ્રાઈઝ આપવાનું નક્કી કર્યું. વળી આજે મારી ડ્યૂટી નહોતી. બસ, આવી પડ્યો.'

'અમારી તો સાંજ સુધરી ગઈ...' ઈલા રસોડામાં જતાં જતાં બોલી. એણે ઝટપટ કરણને ભાવતી પાઉંભાજી તૈયાર કરી દીધી. ત્રિપુટી ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ. જમતાં જમતાં વાતોનો દોર સંધાયો. વાતવાતમાં ઈલા અને અરુણે પોતાને થયેલાં અનુભવોની વાત કરી. પેલા પરબીડિયાંની, કાપલીમાં લખેલી ધમકીની, બારીના કાચ પર લખેલી અંતિમ ચેતવણીની, ગોવા ટ્રીપની લોટરીની અને ગ્લોબલ કંપનીની ઓફરની...વાત પૂરી કરીને અરુણે સહજતાથી કહ્યું : 'કરણ, મને લાગે છે કે કોઈ અમારી સાથે મજાક કરી રહ્યું છે...તું શું માને છે?'

'અરુણ, આ મજાક નથી...' કરણ બક્ષીના સ્વરમાં ગંભીરતા ભળી ગઈ : 'મને લાગે છે કે કોઈ તમને આ ઘરમાંથી બહાર કાઢવા માગે છે.'

'અમે પણ પહેલાં એમ જ માનતાં હતાં...' ઈલા બોલી : 'પરબીડિયામાંની ધમકી અને અરુણે બારી પર જોયેલી અંતિમ ચેતવણી બાદ કહી શકાય કે કોઈ આ ઘર ખાલી કરાવવા માગે છે. પણ પછીનો ત્રીજો ગોવા ટ્રીપનો અને ચોથો નોકરીની ઓફરનો અનુભવ તો તદ્દન જુદો જ છે. એમાં તો ઘર ખાલી કરાવવાની વાત જ નથી. તો કરણ, તું શેના આધારે કહે છે કે કોઈ ઘર ખાલી કરાવવા માગે છે?'

'મેં કહ્યું કે કોઈ તમને બંનેને ઘરમાંથી એક રાત પૂરતા પણ બહાર કાઢવા માગે છે...' કરણનો અવાજ ધીરગંભીર જ હતો : 'પહેલી બે વાર તમને સીધેસીધા ઘર ખાલી કરવાનું કહેવામાં આવ્યું, પણ પછી જુદી રીતે સારી ભાષામાં કહેવાયું. ત્રીજી વારની ગોવા ટ્રીપમાં બે દિવસ અને ત્રણ દિવસ માટે તમને બંનેને ઘરથી દૂર રાખવાં હતાં. નોકરીની ઓફરમાં એક દિવસ માટે તમારે કંપનીના હેડ ક્વાટર્સ જવાની શરત મુકાઈ. એક દિવસ જવાનું. બીજે દિવસે આવવાનું. એટલે કે એક રાત માટે ઘરની બહાર રહેવાનું....એનો અર્થ એ કે જે કોઈ છે એને તમે ઘર ખાલી ન કરો તો વાંધો નથી. એને માત્ર એક રાત પૂરતું ઘર ખાલી જોઈએ છે. અર્થાત આ ઘરમાં કોઈ એવી ચીજ છે જે એને જોઈએ છે.'

'એવું તે શું હોઈ શકે ?' અરુણ અને ઈલા પણ ગંભીર બની ગયાં.

'સોનું, ચાંદી, કોઈ ખજાનો કે પછી બીજું કંઈ પણ હોઈ શકે...' કરણ કહી રહ્યો : 'આ ઘર તમે જેની પાસેથી ખરીદેલું એનો નંબર આપો.' અરુણે ગોરધનદાસ બ્રોકરનો નંબર આપ્યો. કરણે નંબર જોડ્યો. સ્પીકર ઓન કર્યું. ફોનનું સંધાણ જોડાયું એટલે પોતાનો પરિચય આપીને કરણે કહ્યું : 'ગોરધનદાસ, તમે અરુણકુમારને જે ઘર વેચ્યું તેમાં પહેલાં કોણ રહેતું હતું?'

'સાહેબ, પહેલાં તો ચમનલાલ નામનો ભાડૂઆત રહેતો હતો...' બ્રોકરે કહ્યું.: 'કેમ કાંઈ થયું છે?'

'પહેલાં એ જણાવો કે ચમનલાલ કેટલો સમય ભાડે રહેલો?' કરણે પૂછ્યું.

'ભાડું તો એણે આખા વર્ષનું એકસાથે આપી દીધેલું..' બ્રોકર માહિતી આપી રહ્યો : 'પણ છ મહિના પછી એ ક્યાંક જતો રહેલો. એનું છ મહિનાનું ભાડું જમા હતું એથી મેં એના પાછા ફરવાની રાહ જોઈ. પણ એ આવ્યો જ નહીં. છના બદલે આઠ મહિના રાહ જોયા પછી પણ એ ન આવ્યો. એટલે મેં ઘર વેચી નાખ્યું.'

'હં.. હવે માત્ર એક સવાલનો જવાબ આપો...' કરણ પૂછી રહ્યો : 'ઘરમાં ભૂતપ્રેતનો વાસ હોય કે એવું બીજું કાંઈ ખરું ?'

'ના રે...' બ્રોકરના અવાજમાં આશ્ચર્ય ભળી ગયું : 'હું તો આવું પહેલી વાર જ સાંભળું છું. એવો કોઈ અનુભવ થયો કે શું ?'

'ના, ના...આ તો અમસ્તું જ પૂછ્યું...' કરણે ફોન પૂરો કર્યો. પછી મનોમન ભાડૂઆતની રાહ જોયાના આઠ મહિના, અરુણ ને ઈલાને ઘરમાં પ્રવેશ કર્યાનો એક મહિનો અને વધારાનો એક મહિનો મનોમન જોડ્યો. દસેક મહિનાની ગણતરી માંડીને કરણે જયરાજ જાડેજાને ફોન જોડીને કામ સોંપ્યું : 'જુનિયર, આજથી દસબાર મહિના પહેલાંનો ક્રાઈમ રેકોર્ડ તપાસી જા. બેંક લૂંટ, જ્વેલરીની લૂંટ કે પછી કોઈ મોટી ઘટના બની હોય તો એની માહિતી બને એટલી ઝડપથી મને જોઈએ છે.'

અરુણ અને ઈલા કરણની કામગીરી નિહાળી રહ્યાં. પૂછું પૂછું થઇ રહ્યાં પણ કરણનો હોઠ ભીડેલો ચહેરો જોઈને કશું પૂછવાનું માંડી વાળ્યું. અડધો કલાક વીત્યો, ત્યાં તો જયરાજે ફોનમાં માહિતી ઠાલવી : 'સર, દસેક મહિના પહેલાં સરકારી બેંકમાં ત્રણ કરોડ રૂપિયાની લૂંટ થયેલી. લૂંટના એક-દોઢ મહિના પછી એનો માસ્ટરમાઈન્ડ ચમનલાલ પકડાયેલો. પણ પોલીસ એની પાસે લૂંટની કબૂલાત ન કરાવી શકી. વળી એની પાસેથી લૂંટની રકમ પણ મળી નહોતી. પુરાવાના અભાવે એને એકાદ મહિના પહેલાં છોડી મુકાયો છે.'

'હં, હવે તાળો મળ્યો ખરો...' કરણે કહ્યું : 'અરુણ, આ ઘરમાં લૂંટની રકમ છુપાડવામાં આવી છે. લૂંટ કરનાર ચમનલાલ એ રકમ હાથ કરવા માગે છે. એટલે જ ભૂતપ્રેત, ગોવાની ટ્રીપ અને નોકરીની ઓફરનો ખેલ કરાઈ રહ્યો છે.'

'તો હવે..?' અરુણ ડઘાઈ ગયેલો. ઈલા સ્તબ્ધ. 'મારા ઘરમાં લૂંટની રકમ ! ક્યાં છુપાવી હશે?'

'એ તો ચોર પોતે જ કહેશે..' કરણ ઈલાના મનની વાત જાણી ગયો : 'હવે સુનીલ શર્માનો ફોન આવે એટલે ઓફર સ્વીકારી લેવાની. એક રાત માટે ઘર ખાલી કરી દેવાનું. બીજું બધું હું સંભાળી લઈશ.'

અરુણ અને ઇલાએ એમ જ કર્યું. સુનીલનો ફોન આવ્યો ત્યારે હેડક્વાટર્સ જવાનું કબૂલ કરી લીધું. રાતની ટ્રેનમાં બેસી ગયાં. રાત્રે દોઢેક વાગ્યે ઘરનું તાળું તોડીને ચમનલાલ ભીતર પેઠો. ટોર્ચના અજવાળામાં દીવાનખંડમાં પાથરેલા ગાલીચાનો છેડો ઊંચો કર્યો. ફર્શ પરથી ચાર પોલી ટાઈલ્સ ઉખેડી. ટાઈલ્સ હેઠળના લાંબાપહોળા ખાડામાં પ્લાસ્ટિકમાં કેદ રૂપિયાના ઢગલા. ચમનલાલ રૂપિયા ઉઠાવે એટલામાં તો દીવાનખંડમાં ચારેકોરપ્રકાશ પથરાયો. ચમનલાલની આંખો સામે હાથકડી ઝૂલવા લાગી. ને કરણનો સત્તાવાહી અવાજ ગૂંજી રહ્યો: 'ચમનલાલ, તારો ભેદ ખૂલી ગયો છે. યુ આર અન્ડર એરેસ્ટ!'

દરમિયાન અરુણ અને ઈલા પણ આવી ગયાં. એ બે ચમનલાલને ભ્રમમાં રાખવા દેખાવ ખાતર ટ્રેનમાં બેઠેલાં. પછી ઊતરી ગયેલાં. એમની સાક્ષીએ ચમનલાલે નિવેદન નોંધાવ્યું : 'ત્રણ કરોડની લૂંટ ચલાવ્યા પછી હું આ ઘર છોડીને જતો રહેવાનો હતો. પણ એ પહેલાં પોલીસના હાથે પકડાઈ ગયો. છતાં રૂપિયાની હૂંફને સહારે પોલીસની મારપીટ મેં સહન કરી લીધી. લૂંટની કબૂલાત ન જ કરી. વળી મેં રકમ ક્યાં સંતાડેલી એ માત્ર હું જ જાણતો હતો. મારી વિરુદ્ધ કોઈ પુરાવો નહોતો. મને પુરાવાના અભાવે પોલીસે છોડી મૂક્યો ત્યારે હું સીધો જ અહીં આવ્યો. પણ ઘરમાં અરુણકુમાર રહેવા આવી ગયેલા. એથી મેં એમને ડરાવવા ભૂતપ્રેતની વાત ઉપજાવી, બારી પર ચેતવણી લખી. પણ ઈલાએ પોલીસમાં જવાની વાત કરી એટલે મેં યોજના બદલી નાખી. મારે તો લૂંટની રકમ જોઈતી હતી. બાકી ભલેને બેય અહીં રહેતાં. એથી ગોવા ટ્રીપ અને અંતે નોકરીની ઓફર આપવા વેશપલટો કરીને સુનીલ શર્માના નામે હું જ આવેલો. બાકી કોઈ સુનીલ શર્મા છે જ નહીં. મારે તો એક રાત પૂરતું ઘર ખાલી રહે એટલું જ જોઈતું હતું. પણ મારી યોજના પર પાણી ફરી વળ્યું. લટકામાં લૂંટની રકમ પણ મેં ગુમાવી.. ન રહ્યો ઘરનો, ન રહ્યો ઘાટનો !' ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# અમદાવાદની જૂની પોળમાં નવું ઘર

આ એક રસપ્રદ રચના છે જેમાં અમદાવાદ શહેરના જૂનાં પોળ વિસ્તારમાં એક નવા અભિગમ સાથે પરંપરાગત પોળનાં આવાસની સ્થાપત્ય-શૈલીનો પ્રયોગ કરાયો છે. 'ઇનપ્રેકટિસ' સ્થાપત્ય ગ્રુપ દ્વારા વર્ષ ૨૦૨૨માં તૈયાર થયેલું માત્ર ૭૬ ચોરસ મીટર વિસ્તારનું આ આવાસ ઘણી રીતે ઉલ્લેખનીય છે. અહીં પરંપરા છે અને આધુનિકતા પણ, બંધીયારપણું છે અને મુક્તતા પણ, સ્થાન સાથેનો લગાવ છે અને આવાસનું વ્યક્તિગત વિધાન પણ, સમન્વય છે અને વિશેષતા પણ, સાદગી છે અને રસિકતા પણ, સ્થિરતા છે અને જીવંતતા પણ, વાસ્તવિકતા છે અને કલ્પના પણ. એક અભિપ્રાય પ્રમાણે આ આવાસ એક વ્યવહારુ, સરળ, ન્યૂનતમ, સાદું, આરામદાયક, સ્થાનિક આબોહવાને અનુરૂપ, સાંજોગિક, વૈભવી તેમજ સ્થાપત્યની દ્રષ્ટિએ ઉલ્લેખનીય પ્રયોગ સમાન રચના છે.





પરંપરાગત પોળના આવાસની જેમ અહીં મધ્યમાં ચોક છે. પરંપરાગત આવાસમાં ચોક દ્વારા દિવસના સમય અને ઋતુના બદલાવ પ્રમાણે પ્રકાશની જે રમત તથા નાટકીતા ઊભી થતી હતી, તે અહીં પણ છે. પરંપરાગત આવાસ મુજબ અહીં નીચે ભોંયતળિયે - ગ્રાઉન્ડ ફ્લોરમાં દીવાનખંડ સાથે રસોઈકક્ષ અને ભોજનકક્ષનો સમાવેશ થયો છે, જ્યારે ઉપરના માળે શયનકક્ષ છે. પરંપરાગત આવાસ મુજબ અહીં પણ અગાસીની પણ ઉપયોગિતા છે, સમાંતર દીવાલો પર સમગ્ર મકાનનું ભારવહન નિર્ધારિત કરાયું છે, ઉપર અને નીચેના માળ વચ્ચેનો દ્રશ્ય-સંપર્ક સ્થાપિત કરાયો છે, ઉપયોગિતાના મુખ્ય સ્થાનમાંથી આવનજાવનની છૂટ રખાઈ છે, દીવાલમાંથી બહાર ઝૂલતો નીકળતો દાદર છે અને આ બધાં સાથે પરંપરાગત શૈલીમાં જેમ થતું આવ્યું છે તેમ ચોક-કેન્દ્રિત આંતર્ભીમુખ આવાસ-નિર્ધારણ છે. આમ આવાસની મૂળભૂત કલ્પના પોળના પરંપરાગત આવાસ સાથે સરસ મેળ ખાય છે.અહીં શેરી સાથે દ્રશ્ય સંપર્ક હોવાં છતાં બારીની વિશેષ પ્રકારની ગોઠવણને કારણે ગોપનીયતા જળવાઈ રહે છે, ઉપરના માળે પરંપરાગત ઝરૂખાની ગેરહાજરી હોવાં છતાં રહેણાંકીય પ્રમાણમાપની 'ઝરૂખો' કહી શકાય તેવી બારી પ્રયોજાઈ છે, ચારે બાજુ ખુલ્લી જગ્યા હોવાં છતાં પણ એક દીવાલને ઉપયોગિતાના સંદર્ભમાં બંધ કરી દેવામાં આવી છે, આ બધી વાતોથી આવાસની 'પરંપરા' પ્રત્યેની કટિબદ્ધતા ઓછી નથી થતી.



સ્થાપત્યના અંગોની દ્રષ્ટિએ વાયવ્ય ખૂણામાં ગોઠવાયેલ વળાંકવાળો પ્રવેશ, નીચા સ્તરે ઊંડાણમાં ગોઠવાયેલ બારીઓ થકી આબોહવાના વિપરીત પરિબળો સામે મળતું રક્ષણ, તે સાથે તે ઊંડાણમાં ઉદ્‌ભવતી સ્ટોરેજની સગવડતા, બંધ દિવાલ સાથે જોડાયેલ દાદર તથા ટોયલેટ, ભોંયતળિયે કોઈપણ પ્રકારના વિભાગીકરણ વિનાનું એક બહુ ઉપયોગી કહી શકાય તેવું સ્થાન, ઉપરના માળે ઉભાં ઉભાં પુસ્તક પર નજર નાખી શકાય - વાંચી શકાય તેવી સરળ વ્યવસ્થા, કેટલીક બારીઓની ત્રાંસને કારણે દૃશ્ય અનુભૂતિમાં સ્થાપિત થતો વિશેષ પ્રકારનો 'ઇમ્પેક્ટ', જમીનના સ્તરે નાના છોડવા માટે કરવામાં આવેલી ગોઠવણ, માત્ર દેખાવ માટે સામાન્ય રીતે કરવામાં આવતી કોઈપણ પ્રકારની ચેષ્ટાનો અભાવ, સામાન્ય રીતે પોળના આવાસમાં જોવા ન મળતી, પરંતુ અહીં ગોઠવવામાં આવેલી પહેલા માળની પ્રમાણમાં મોટી કહી શકાય તેવી અગાસી, આ અને આવી બાબતો આ આવાસની ખાસિયત કહી શકાય. આ આવાસ દેખાવમાં પરંપરાગત કહી શકાય તેવું નથી અને તેની આવશ્યકતા પણ નથી. આ આવાસને જો શહેરની બીજી વિકસિત જગ્યાએ ગોઠવી દેવામાં આવે તો તેનાં દેખાવમાં કોઈપણ પ્રકારનાં ફેરફારની આવશ્યકતા ન જણાય. વાસ્તવમાં આ એક સકારાત્મક બાબત કહી શકાય. દેખાવમાં આ આવાસ કોન્ક્રીટની એકશૈલી - મોનોલિથિક રચના જણાય છે.

આવાસમાં માત્ર એક જ શયનકક્ષનો સમાવેશ કરાયો હોવાથી એમ કહી શકાય કે આ 'એકાકી' કુટુંબ માટેનું આવાસ હશે. આધુનિક સમાજમાં આ વાત સ્વાભાવિક પણ છે. બની શકે કે અહીં રહેનાર વ્યક્તિને પરંપરાગત પોળની જીવનશૈલી મુજબની 'સામાજિકતા'ની આવશ્યકતા ન હોય. તેથી જ કદાચ, અહીં આડોશ-પાડોશ સાથે સંબંધ સ્થાપિત કરે તેવો ઓટલો નથી. સ્વાભાવિક છે કે આધુનિક જીવનશૈલી અનુસાર જ્યાં ગોપનીયતાનું મહત્ત્વ વધુ હોય ત્યાં આવાં ઓટલાની આવશ્યકતા પણ ન હોય. અહીં આવાસની મધ્યમાં ચોક છે પણ તે ઉપરથી ખુલ્લો નથી, કારણકે જ્યાં આવાસની અંદરનું તાપમાન વીજળીનાં ઉપકરણો દ્વારા નિયંત્રિત કરી શકાતું હોય ત્યાં હવે તે પ્રકારની ગોઠવણી જરૂરી ન રહે. પરંપરાગત આવાસમાં સામાન્ય રીતે પ્રથમ માળે જોવા ન મળતી અગાસી અહીં છે, તે કદાચ જીવનશૈલીની જરૂરિયાત હશે. પરંપરાગત આવાસમાં પ્લિન્થ ઊંચી હોય જેનાથી શેરીમાંથી મકાનની આંતરિક સ્થિતિ સાથેનો દ્રશ્ય સંપર્ક આવાસની જરૂરી ગોપનીયતાને હાનિ ન પહોંચાડે. અહીં પ્લિન્થ નીચી છે તે છતાં પણ 'બંધીયાર' દીવાલોને કારણે ગોપનીયતા જળવાઈ રહે છે. અહીં આવાસની રચનામાં પાર્કિંગની વ્યવસ્થા નથી, પરંતુ પોળમાં તે આમ પણ તે પ્રકારની વ્યવસ્થા નથી હોતી.

આ આવાસ એકંદરે શાંત જણાય છે છતાં તેમાં કુદરતી પ્રકાશની હાજરીને કારણે એક પ્રકારની રમ્ય નાટકીયતા ઊભી થાય છે. ગીચ વસ્તીની વચ્ચે આવાસની હાજરી હોવા છતાં અહીં રહેનાર વ્યક્તિની ગોપનીયતા પૂરેપૂરી જળવાઈ રહે તેવી સંભાવના છે. બાંધકામની સામગ્રી અને તેનાં આધુનિક વિગતિકરણને કારણે આવાસ એક સમયે 'આગંતુક' જણાય તે છતાં પણ તેનાં પ્રમાણમાપને કારણે તે આગંતુકતા સ્વીકૃત બની રહે છે. એક અભિપ્રાય પ્રમાણે આ આવાસ 'કોમ્પેક્ટ' છે છતાં પણ તેનાં વિશેષ પ્રકારનાં સ્થાન આયોજનને કારણે અહીં મોકળાશની અનુભૂતિ શક્ય બને.

એક સમયે પરંપરાગત પોળનાં આવાસ અને શેરી વચ્ચે જે સંવાદ સ્થાપિત થતો હતો તે અહીં સ્વાભાવિક રીતે જોવા ન મળે, તેની અપેક્ષા પણ ન હોય. છતાં પણ અહીં આવાસ અને શેરી વચ્ચેનું સહ અસ્તિત્વ ટકી રહે છે. આ એક આધુનિક જીવનશૈલી મુજબ પરંપરાગત પોળના આવાસનું અર્થઘટન છે. આ આવાસ શેરી અને આવાસ વચ્ચેનું સમીકરણ ફરીથી 'પુનઃ નિર્ધારિત' કરે છે. ■

# અમદાવાદના નોકરિયાતોને ટૅક્સમાં મુંબઈગરા જેવા જ લાભ મળશે

## ઈન્કમ ટૅક્સ ઍક્ટ, ૨૦૨૫ને નોટિફાઈ કરાયો ▸ મકાન માલિક-ભાડૂતને લગતી જાહેરાત ફરજિયાત ▸ ‘પેન’ ટાંકવાની મર્યાદા વધારાઈ

નવી દિલ્હી: સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટૅક્સીસ (સીબીડીટી)એ શુક્રવારે ઈન્કમ ટૅક્સ ઍક્ટ, ૨૦૨૫ને નોટિફાઈ કર્યો હતો, જેમાં અમદાવાદ અને પુણેના નોકરિયાતો પણ મુંબઈગરાની જેમ પગારમાં પચાસ ટકા સુધીનું હાઉસ રૅન્ટ અલાવન્સ (એચઆરએ) એક્ઝમ્પશન્સ મેળવી શકે એવી જોગવાઇ છે.

આ ઉપરાંત, લૅન્ડલૉર્ડ - ટૅનન્ટ (મકાન માલિક -ભાડૂત)ના સંબંધ જાહેર કરવાનું ફરજિયાત બનાવતી જોગવાઈ પણ છે.

નાણાકીય વર્ષમાં વ્યક્તિના એક કે વધુ ખાતામાં રૂપિયા દસ લાખ અથવા તેનાથી વધુ રોકડ જમા કરવાની હોય તો જ પરમેનન્ટ અકાઉન્ટ નંબર (પેન) ટાંકવો ફરજિયાત બનશે. હાલમાં બૅન્કમાં એક દિવસમાં રૂપિયા પચાસ હજારથી વધુ રોકડ રકમ જમા કરવી હોય તો પરમેનન્ટ અકાઉન્ટ નંબર ટાંકવો પડે છે.

હૉટેલ કે રેસ્ટોરાંના બિલ્સ, કન્વેન્શન સેન્ટર્સ કે ઈવેન્ટ મેનેજમેન્ટ માટેની ચુકવણી રૂપિયા એક લાખથી વધુ હશે તો જ પરમેનન્ટ અકાઉન્ટ નંબર આપવો પડશે. હાલમાં આ મર્યાદા પચાસ હજાર રૂપિયા છે.

સ્થાવર મિલકતની ખરીદી કે વેચાણ અથવા ગિફ્ટ કે જોઈન્ટ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટમાં મૂલ્ય રૂ. ૨૦ લાખથી વધુ હોય તો જ પરમેનન્ટ અકાઉન્ટ નંબર ટાંકવો પડશે.

નવા ઈન્કમ ટૅક્સ કાયદામાં શેર્સ કે ડિબેન્ચર્સ જેવી સિક્યોરિટીઝના હૉલ્ડિંગ પિરિયડની ગણતરી એટલે કે શૉર્ટ ટર્મ કે લૉન્ગ ટર્મને લગતી ખાસ જોગવાઈ છે.

ઈન્કમ ટૅક્સ રુલ્સ, ૨૦૨૬નો અમલ પહેલી એપ્રિલથી થશે.

નોટિફિકેશનમાં ૧૫૦ કરતાં પણ વધુ સત્તાવાર ફૉર્મનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફૉર્મ નંબર ૩૩થી શરૂ થતા આ ફૉર્મમાં ટૅક્સ સંબંધિત પ્રવૃત્તિઓને વ્યાપક રૅન્જને આવરી લેવામાં આવી છે.

નોકરિયાત વર્ગના કરદાતાઓને લાગુ પડતી હાઉસ રૅન્ટ અલાવન્સ (એચઆરએ) એક્ઝમ્પશન્સની જોગવાઈને ઈન્કમ ટૅક્સ રુલ્સના પ્રસ્તાવિત માળખામાં જાળવી રાખવામાં આવી છે.

નવા નિયમ અંતર્ગત પગારના પચાસ ટકાની હાયર એક્ઝમ્પશન્સ લિમિટ માટે મુંબઈ, કોલકાતા, દિલ્હી, ચેન્નઈ, હૈદરાબાદ, પુણે અમદાવાદ અને બેંગલૂરુ જેવા શહેર પાત્ર ઠર્યા છે. બાકીની જગ્યાએ ૪૦ ટકાની મર્યાદા ચાલુ રહેશે.

વર્તમાનમાં મુંબઈ, દિલ્હી, કોલકાતા અને ચેન્નઈસ્થિત નોકરિયાતો જ તેમના પગારના પચાસ ટકા સુધી એચઆરએનો ક્લેઈમ કરી શકે છે જ્યારે બાકીની જગ્યાએ રહેતા નોકરિયાત વર્ગના લોકો માટે આ મર્યાદા ૪૦ ટકાની છે.

નવા નિયમ અંતર્ગત ઈન્કમ ટૅક્સમાંથી એક્ઝમ્પશન મેળવવા માટે લૅન્ડલૉર્ડ-ટૅનન્ટ (મકાન માલિક-ભાડૂત)ના સંબંધ જાહેર કરવાનું ફરજિયાત રહેશે.

ઑડિટરની વધેલી જવાબદારી અને વિદેશી આવક પર ટૅક્સ ક્રેડિટનો દાવો કરવા કંપનીઓ માટે પણ આ ફરજિયાત હશે. (એજન્સી)■

# ઇડીએ રૂ. ૨૨,૬૫૬.૯૧ કરોડની સંપત્તિ જપ્ત કરી

નવી દિલ્હી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ જણાવ્યું હતું કે તેણે ચંડીગઢ સ્થિત પીએસીએલ (પર્લ્સ ગ્રૂપ) સામે મની લૉન્ડરિંગ તપાસના ભાગ રૂપે રૂ. ૨૨, ૬૫૬.૯૧ કરોડ રૂપિયાથી વધુની નવી સંપત્તિ જપ્ત કરી છે, જેના પર ૪૮૦૦૦ કરોડ રૂપિયાની પોન્ઝી યોજનાનો આરોપ છે. આ ૧૨૬ સ્થાવર મિલકત પંજાબ અને દિલ્હીમાં આવેલી છે. આ મિલકતોને જપ્ત કરવા માટે એક કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો છે, એમ ફેડરલ એજન્સીએ શુક્રવારે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું. આ સંપત્તિઓનું મૂલ્ય ૨૨,૬૫૬.૯૧ કરોડ રૂપિયા છે. આ જપ્તી સાથે, એજન્સીએ અત્યાર સુધીમાં કુલ ૨૨,૬૫૬ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે, જેમાં ભારત અને વિદેશમાં સ્થિત સંપત્તિનો સમાવેશ થાય છે, જે પીએસીએલ અને તેની સંબંધિત સંસ્થાઓ અને વ્યક્તિઓની છે, એમ તેમણે જણાવ્યું હતું.

૨૦૧૬ની ઇડી તપાસ પીએસીએલ લિમિટેડ, તેના સ્વર્ગસ્થ પ્રમોટર નિર્મલ સિંહ ભાંગુ અને કેટલાક અન્ય લોકો સામે ૨૦૧૪માં નોંધાયેલા સીબીઆઈ કેસમાંથી ઉદ્ભવી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર સીબીઆઈની એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ભાંગુનું અવસાન ઓગસ્ટ ૨૦૨૪માં થયું હતું. ઈડીના જણાવ્યા અનુસાર, પીએસીએલના આરોપી સંસ્થાઓ અને વ્યક્તિઓએ “ગેરકાયદેસર” સામૂહિક રોકાણ યોજના ચલાવી હતી, જેમાં ખેતીની જમીનના વેચાણ અને વિકાસની આડમાં ભારતભરના લાખો રોકાણકારો પાસેથી ૬૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ કપટપૂર્વક એકત્રિત કરવામાં આવી હતી.

રોકાણકારોને રોકડ ડાઉન પેમેન્ટ અને હપ્તા ચુકવણી યોજનાઓ દ્વારા રોકાણ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા અને કરારો, પાવર ઓફ એટર્ની અને અન્ય સાધનો સહિતના “ભ્રામક” દસ્તાવેજો પર સહી કરાવવામાં આવી હતી, એમ એજન્સીએ જણાવ્યું હતું. “મોટાભાગના કિસ્સાઓમાં, ક્યારેય કોઈ જમીન આપવામાં આવી ન હતી, અને રોકાણકારોને આશરે ૪૮,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા નથી,” તેવું એજન્સીએ જણાવ્યું હતું. ૨૦૧૬માં નોંધાયેલા આ કેસમાં ઇડીએ અત્યાર સુધીમાં પાંચ ચાર્જશીટ દાખલ કરી છે. ■



**સંત-વાણી:** વૃંદાવનમાં આધ્યાત્મિક ગુરુ પ્રેમાનંદ ગોવિંદશરણ સાથેની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ અને તેમની પુત્રી ઈતિશ્રી મુર્મૂ. (એજન્સી)

# અમેરિકાએ યુદ્ધ માટે વધુ ત્રણ જહાજ મોકલ્યાં

દુબઈ: અમેરિકાએ યુદ્ધ માટે વધુ ત્રણ જહાજ અને નૌકાદળના ૨,૫૦૦ જેટલા જવાનો અખાતમાં મોકલ્યાં હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. અમેરિકાના અધિકારીએ આ અહેવાલને સમર્થન આપતાં કહ્યું હતું કે અમેરિકાએ યુએસએસ બોક્સર સહિત કુલ ત્રણ યુદ્ધ જહાજ અને નૌકાદળના ૧૧મા મરિન એક્સપેડિશનરી યુનિટના ૨,૫૦૦ જેટલા જવાનોને સાન ડિએગો બંદરેથી અખાતમાં મોકલ્યા છે.

અન્ય બે અધિકારીઓએ પણ આ અહેવાલને સમર્થન આપ્યું હતું, પરંતુ જહાજ ક્યાં જઈ રહ્યા છે તેની વિગતો આપવાનું ટાળ્યું હતું. (એજન્સી)■



**હિમવર્ષા:** કુલ્લુસ્થિત લોવાન્ગ વૅલી ખાતે શુક્રવારે બરફાચ્છાદિત વિસ્તારમાં એકઠાં થયેલા પર્યટકો. (એજન્સી)

# અમેરિકાએ યુદ્ધમાં અનેક વિમાન ગુમાવ્યાનો દાવો

ન્યૂયોર્ક: ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. બંને પક્ષો એકબીજાના સ્થળો પર હુમલો કરી રહ્યા છે. દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ વારંવાર કહી ચૂક્યા છે કે ઈરાનની નેવી ખતમ થઈ ગઈ છે અને તેનું નેતૃત્વ સમાપ્ત થઈ ગયું છે. આ દરમિયાન, એક નવા રિપોર્ટમાં અમેરિકાના સૈન્યને થયેલા નુકસાન પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. બ્લૂમબર્ગના મતે, ઈરાન સાથેના યુદ્ધમાં અમેરિકાએ અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૬ લશ્કરી વિમાન, ૧૨ ડ્રોન અને ચાર વિમાન ગુમાવ્યા છે. ૨૦૨૬માં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધમાં અમેરિકન સૈન્યને ભારે નુકસાન થયું છે. અત્યાર સુધીમાં અમેરિકાએ ઓછામાં ઓછા ૧૬ લશ્કરી વિમાન ગુમાવ્યા છે, જેમાં ૧૨ ડ્રોન અને ૪ વિમાનનો સમાવેશ થાય છે. એક એફ-૩૫ ફાઇટર જેટને પણ નુકસાન થયું છે. જે ડ્રોન ગુમાવ્યા છે એ તમામ સશસ્ત્ર “રીપર” ડ્રોન હતા, જેનો ઉપયોગ અમેરિકન સૈન્ય વારંવાર પશ્ચિમ એશિયા અને ઈરાન અને અન્ય વિરોધીઓ સામે કરે છે. ગુમ થયેલા ચાર વિમાનોમાંથી ક્ષણ એફ-૩૫ને કુવૈત દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. ઇરાક પર રિફ્યુઅલિંગ ઓપરેશન દરમિયાન ક્રેશ થયેલ કે-૧૩૫ ટેન્કરનો સમાવેશ થાય છે. ટેન્કર અકસ્માતમાં તમામ છ ક્રૂ સભ્યો માર્યા ગયા હતા.

એક રિપોર્ટ અનુસાર, એક અમેરિકન એફ-૩૫ વિમાને પશ્ચિમ એશિયામાં અમેરિકાના એરબેઝ પર ઇમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. એવું માનવામાં આવે છે કે વિમાન ઈરાની હુમલાનો ભોગ બન્યું હતું. ■

# બ્રાહ્મણોને લગતી અરજી સુપ્રીમ કોર્ટે કાઢી નાખી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે શુક્રવારે બ્રાહ્મણ સમુદાયને લક્ષ્ય બનાવતા દ્વેષપૂર્ણ ભાષણને સજાપાત્ર ગુના તરીકે માન્યતા આપવાની માગ કરતી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો, અને આ વલણને “બ્રહ્મોફોબિયા” ગણાવ્યું હતું.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જ્વલ ભુયાનની બેન્ચ, જે શરૂઆતમાં મહાલિંગમ બાલાજી દ્વારા દલીલ કરાયેલી અરજીને ફગાવી દેવા માટે તૈયાર હતી, તેમણે કહ્યું કે કોઈપણ સમુદાય વિરુદ્ધ કોઈ દ્વેષપૂર્ણ ભાષણ ન હોવું જોઈએ.

જસ્ટિસ નાગરત્નાએ કહ્યું કે, “અમે દેશમાં કોઈપણ સમુદાય વિરુદ્ધ દ્વેષપૂર્ણ ભાષણ ઇચ્છતા નથી. તે શિક્ષણ, બૌદ્ધિક વિકાસ, સહિષ્ણુતા અને ધીરજ પર આધાર રાખે છે. એકવાર દરેક વ્યક્તિ ભાઈચારાને અનુસરે, તો આપમેળે કોઈ દ્વેષપૂર્ણ ભાષણ નહીં થાય.”

અરજદારે વ્યક્તિગત રીતે અરજી પાછી ખેંચવાની પરવાનગી માગી હતી, જેને કોર્ટે મંજૂરી આપી હતી.

“રૂબરૂ હાજર રહેલા અરજદારે આ અરજી પાછી ખેંચવાની પરવાનગી માંગી છે. તેમની રજૂઆત રેકોર્ડ પર મૂકવામાં આવી છે. રિટ અરજી પાછી ખેંચી લેવામાં આવી છે,” તેવું બેન્ચે કહ્યું હતું.

સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ નાગરત્ને પ્રશ્ન કર્યો હતો કે શા માટે કોઈ ચોક્કસ સમુદાયે ફક્ત પોતાના માટે જ નફરતભર્યા ભાષણ સામે રક્ષણ મેળવવું જોઈએ અને બીજાઓ માટે નહીં.

ન્યાયાધીશે કહ્યું કે કોઈએ પણ નફરતભર્યા ભાષણમાં ભાગ લેવો જોઈએ નહીં અને અરજદાર યોગ્ય મંચો સમક્ષ ચોક્કસ કેસ ઉઠાવી શકે છે, પરંતુ ન્યાયતંત્ર સમક્ષ નહીં. ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પરિમિત | મશ્કરી |
| પરિવર્તન | મહેનત |
| પરિશ્રમ | ફેરફાર |
| પરિહાસ | સભા |
| પરિષદ | મર્યાદિત |

### જાણવા જેવું

શરૂઆતમાં ૬૦ ઓવર અને પછી ૫૦ ઓવરની વર્લ્ડ કપ સ્પર્ધા તરીકે જાણીતી બનેલી ટૂર્નામેન્ટમાં ભારતે ૧૯૮૩ ને ૨૦૧૧માં એમ બે વાર વિશ્વ વિજેતાપદ મેળવ્યું હતું. ૧૯૮૩માં કેપ્ટન હતા કપિલ દેવ અને ૨૦૧૧માં ધોની હતો. ૨૦૦૭માં ભારત ટી-૨૦માં વિશ્વ વિજેતા બન્યું ત્યારે પણ કેપ્ટન ધોની જ હતો.

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ભાષાના પ્રથમ કરુણાન્ત નાટક તરીકે જાણીતા બનેલા ‘લલિતા દુઃખદર્શક’ નામના નાટકના લેખકનું નામ કહી શકશો?

અ) દિનકર ભોજક
બ) વિઠ્ઠલદાસ પાંચોટિયા
ક) પરમાનંદ ત્રાપજકર
ડ) રણછોડભાઈ દવે

### નોંધી રાખો

પાસેની કોઈ વસ્તુ છીનવાઈ જાય ત્યારે દુઃખ થાય, પણ યાદ રાખો કે તમે અમીર હતા એટલે કોઈએ તમારી મિલકત ઝુંટવી લીધી.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | | ૩ | | | ૪ | |
| ૫ | | | | | | | ૬ | | ૭ |
| ૮ | | | ૯ | ૧૦ | | | | ૧૧ | |
| | ૧૨ | ૧૩ | | ૧૪ | | | ૧૫ | | |
| | ૧૬ | | | | | | | | |
| ૧૭ | | | | ૧૮ | | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | | ૨૩ | ૨૪ | | ૨૫ | | |
| ૨૬ | | | ૨૭ | | | ૨૮ | | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | | | ૩૨ | | | |
| | | | ૩૩ | | | | | | |

**આડી ચાવી**

૨ રાજા (૪)
૫ તિરસ્કારને પાત્ર (૪)
૬ સુગંધ (૩)
૮ શરીર (૨)
૯ નજીવું, જરાતરા (૪)
૧૧ તૈયાર થયેલું (૨)
૧૨ પ્રતિબંધ, અટકાવું (૨)
૧૪ નામ તેનો ---- છે(૨)
૧૫ પૃથ્વી (૩)
૧૬ તવંગર, પૈસાદાર (૩)
૧૯ કાળજી (૩)
૨૧ ખેંચનારું, વહેનારું (૩)
૨૩ આદત, મહાવરો (૨)
૨૫ રંગ, વાન (૨)
૨૬ ચંચળ, અસ્થિર (૨)
૨૭ પુષ્કળ, ખીચોખીચ (૪)
૨૯ કહાણી, વાર્તા (૨)
૩૧ શબને ઓઢાડવાનું લૂગડું (૩)
૩૨ વારંવાર ઠોકવું તે (૪)
૩૩ વલોણાનો દિવસ (૪)

**ઊભી ચાવી**

૧ લેણાદેણી (૫)
૨ કામદેવ (૩)
૩ પરાધિનતા (૫)
૪ એક તેલી બી (૪)
૫ ઘી (૨)
૭ ભજન ગાનાર (૪)
૧૦ મેંદી (૨)
૧૩ ધનરાશિનો સૂર્ય (૪)
૧૫ નવું (૪)
૧૭ મૂંગું, બેભાન (૪)
૧૮ પોષાક (૫)
૨૦ કાનને કટુલાગે તેવું (૫)
૨૨ ---- કરવી=વારંવાર આવવું જવું (૪)
૨૪ વાણી, બોલી (૨)
૨૮ કઠણ, નિર્દય (૩)
૩૦ શ્રમ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ થા | ૨ પ | | ૩ મા | વ | ૪ ત | ર | | ૫ અ | ૬ દા |
| ૭ ક | ર્ણ | ધા | ર | | રે | | ૮ ગં | ભિ | ર |
| | કુ | | તું | | ૯ હ | ઠ | | ૧૦ શ | ક |
| ૧૧ બે | ટી | | | ૧૨ કાં | | | ૧૩ વ્યા | પ્ત | |
| ૧૪ તા | ર | ૧૫ ક | | ડી | | ૧૬ જં | પ | | ૧૭ ગા |
| બ | | ૧૮ શો | ક | | ૧૯ ઝં | | ૨૦ ક | ૨૧ જો | ડ |
| | ૨૨ બો | ડ | | | ડો | | | ૨૩ ગા | ર |
| ૨૪ ક | લા | | ૨૫ દે | ૨૬ શ | | ૨૭ કં | | તુ | |
| ૨૮ વિ | ચા | ર | | હે | | ૨૯ ક | મ | જો | ૩૦ ર |
| ૩૧ તા | લી | | ૩૨ ભ | ર | થા | ર | | ૩૩ ગ | તિ |

### ઓળખાણ પડી?

આ વર્ષની ટી-૨૦ વર્લ્ડ કપ સ્પર્ધામાં પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો એવૉર્ડ જીતનારા માનવંતા ખેલાડીની ઓળખાણ પડી?

અ) ગ્લેન ફિલિપ્સ
બ) સંજુ સેમસન
ક) વરુણ ચક્રવર્તી
ડ) મોહમ્મદ નબી




### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

મુખ્યત્વે ઈશાન ભારતના વિસ્તારમાં જોવા મળતા સ્વાદમાં ખટમીઠાં અને વિટામિનથી ભરપૂર એવા સીઝનલ ફ્રૂટનું નામ જણાવો.

અ) Custard Apple બ) Burmese Grape
ક) Hog Plum ડ) Badami

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૪૮, ૭૨, ૧૦૮, ૧૬૨ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૬૨ પછી કઈ સંખ્યા આવે?

અ) ૨૦૪ બ) ૨૨૮ ક) ૨૪૩ ડ) ૨૬૨

### સુડોકુ-૯૨૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૯ | ૮ | | ૧ | | | ૪ |
| ૪ | | | ૯ | | | | | ૮ |
| ૩ | ૮ | | | | | ૬ | ૭ | ૯ |
| ૨ | | | | | | | ૬ | ૧ |
| ૧ | | ૩ | | | | ૮ | | ૨ |
| ૭ | ૪ | | | | | | | ૫ |
| ૬ | ૧ | ૪ | | | | | ૮ | ૭ |
| ૯ | | | | | ૮ | | | ૩ |
| ૮ | | | ૧ | | ૭ | ૫ | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૫ | ૨ | ૧ | ૮ | ૬ | ૩ | ૯ |
| ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૯ | ૫ | ૮ | ૨ |
| ૨ | ૯ | ૮ | ૩ | ૬ | ૫ | ૪ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૬ | ૪ | ૯ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૫ | ૪ | ૯ | ૧ | ૩ | ૬ | ૭ | ૨ | ૮ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૮ | ૭ | ૯ | ૪ | ૬ |
| ૧ | ૨ | ૩ | ૯ | ૫ | ૪ | ૮ | ૬ | ૭ |
| ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૭ | ૧ | ૨ | ૯ | ૩ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પરિચય | ઓળખાણ |
| પરિતાપ | સંતાપ |
| પરિત્યાગ | છોડવું |
| પરિણામ | નતીજો |
| પરિમલ | સુવાસ |

ગુજરાત મોરી મોરી રે: **અભિનય સમ્રાટ**

ઓળખાણ પડી? Rambutan

માઈન્ડ ગેમ : 144

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : **માર્કરમ**

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નૂતન વિપીન શાહ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનલ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) હર્ષા મહેતા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) કમલ માતલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૯) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૨) કિરીટ છેડા (૩૩) અંજુ ટોલિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) પ્રતિમા પમાણી (૪૬) મહેશ દોશી (૪૭) ઈનાક્ષીબેન દલાલ (૪૮) રમેશભાઈ દલાલ (૪૯) હિનાબેન દલાલ (૫૦) કમલ માતલિયા

# સેન્સેક્સ ૧૦૭૯ પોઇન્ટ ઊંચે ઊછળી, ઊંચી સપાટીથી ૯૦૦ પોઇન્ટ નીચે અથડાઇને અંતે ૩૨૫ પોઇન્ટના સુધારે સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઇરાન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધની સતત બદલાતી તસવીર વચ્ચે ક્રૂડના ભાવ અને રૂપિયાના મૂલ્યમાં ભયાનક અફડાતફડીને કારણે શેરબજારમાં ચાલતી ભયાનક ઊથલપાથલને કારણે સપ્તાહના અંતિમ સત્રમાં સેન્સેક્સ ૧૦૭૯ પોઇન્ટ ઊંચે ઉછળી, ૭૫૦ પોઇન્ટ નીચે અથડાઇને અંતે ૩૨૫ પોઇન્ટના સુધારે સ્થિર થયો હતો. એફઆઇઆઇની સતત પંદર સત્રથી ચાલી રહેલી એકધારી વેચવાલી સાથે બ્રેન્ટ ક્રૂડ ૧૦૦ ડોલરથી ઊંચી સપાટીએ જ રહેવાને કારણે બજારમાં સાવચેતીનો માહોલ છે.

સત્રને અંતે સેન્સેક્સ ૩૨૫.૭૨ પોઈન્ટ અથવા ૦.૪૪ ટકા વધીને ૭૪,૫૩૨.૯૬ પર બંધ થયો હતો, જે દિવસ દરમિયાન ૧,૦૭૯.૧૫ પોઈન્ટ અથવા ૧.૪૫ ટકા વધીને ૭૫,૨૮૬.૩૯ની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૧૧૨.૩૫ પોઈન્ટ અથવા ૦.૪૯ ટકા વધીને ૨૩,૧૧૪.૫૦ પર બંધ થયો હતો, જે દિવસ દરમિયાન ૩૪૩ પોઈન્ટ અથવા ૧.૪૯ ટકા વધીને ૨૩,૩૪૫.૧૫ની ઊંચી સપાટીને અથડાયો હતો.

આ વધારાથી બીએસઇ પર લિસ્ટેડ બધી કંપનીઓની કુલ બજાર મૂડીમાં રૂ. ત્રણ લાખ કરોડથી વધુનો ઉમેરો થયો, હોવાથી કુલ માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૪૨૯ લાખ સુધી પહોંચ્યું હતું. નોંધવું રહ્યું કે, ગુરુવારે ભારતીય બેન્ચમાર્ક ઇન્ડેક્સ ત્રણેક ટકાથી વધુ તૂટ્યા હતા, જેમાં સેન્સેક્સ લગભગ ૨,૫૦૦ પોઈન્ટનો કડાકો બોલાઇ જતાં માર્કેટ કેપિટલમાં રૂ. ૧૩ લાખ કરોડ જેવું ધોવાણ નોંધાયું હતું.

સેન્સેક્સ કંપનીઓમાંથી, ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, ટ્રેન્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાઇટન, એનટીપીસી અને સન ફાર્મા મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા. એચડીએફસી બેંક, ભારત ઇલેક્ટ્રોનિક્સ, કોટક મહિન્દ્રા બેંક અને આઇસીઆઇસીઆઇ બેંક ટોપ લુઝર્સ શેરોમાં સામેલ હતા.

દરમિયાન, શુક્રવારે (૨૦ માર્ચ, ૨૦૨૬) પ્રીમિયમ અથવા હાઇ ગ્રેડ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો અને ઔદ્યોગિક વપરાશકર્તાઓને વેચાતા જથ્થાબંધ ડીઝલના ભાવમાં લગભગ રૂ. ૨૨ પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો, જે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલા વધારાને પ્રતિબિંબિત કરે છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૧.૮૮ ટકા વધીને ૧૧૦.૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

સંઘર્ષ ઓછો કરવા અને તેલ અને ગેસ માળખા પરના હુમલાઓને ટાળવા માટેના હેતુથી કરવામાં આવેલી સકારાત્મક ટિપ્પણીઓને કારણે દિવસ દરમિયાન મધ્યમ સુધારો થયો. જોકે, રોકાણકારોનું સેન્ટિમેન્ટ નાજુક રહે છે, કારણ કે યુદ્ધ સંબંધિત અનિશ્ચિતતા વચ્ચે સપ્તાહના અંતે સહભાગીઓ પોઝિશન જાળવી રાખવામાં અનિચ્છા રાખે છે, તેમાં ઘટાડો જોવા મળ્યો છે, એમ જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

એક અન્ય એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ભારતીય શેરબજારોમાં રીલીફ રેલી જોવા મળી, જે મુખ્યત્વે પાછલા સત્રોમાં મંદીભરી સ્થિતિઓના તીવ્ર કરેકશન પછીના શોર્ટ-કવરિંગને કારણે હતી.

દરમિયાન, એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી ઊંચો રહ્યો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર થયો. જાપાનમાં બજારો રજાને કારણે બંધ રહ્યા હતા. યુરોપમાં શેરબજારો ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા. ગુરુવારે (૨૦ માર્ચ, ૨૦૨૬) યુ.એસ. બજાર નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે (૧૮ માર્ચ, ૨૦૨૬) રૂ. ૭,૫૫૮.૧૯ કરોડના શેર વેચ્યા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૩,૮૬૩.૯૬ કરોડના શેર ખરીદ્યા હતા. ગુરુવારે (૧૮ માર્ચ, ૨૦૨૬) સેન્સેક્સ ૨,૪૯૬.૮૯ પોઈન્ટ અથવા ૩.૨૬% ઘટીને ૭૪,૨૦૭.૨૪ પર બંધ થયો - જૂન ૨૦૨૪ પછીનો તેનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો - અને નિફ્ટી ૭૭૫.૬૫ પોઈન્ટ અથવા ૩.૨૬% ઘટીને ૨૩,૦૦૨.૧૫ પર બંધ થયો.

શેરબજારને ડહોળનાર મુખ્ય કારણોમાં ક્રૂડ ઓઇલનો ભાવ ઉછાળો, પરિસ્થિતિ વધુ વણસવાની સંભાવના, ફેડરલ રિઝર્વે વ્યક્ત કરેલી ફુગાવો વકરવાની ભીતિ અને સ્થાનિક કારણોમાં નિકાસમાં ઘટાડો, રૂપિયાના સતત અવમૂલ્યન સાથે ઇંધણના ઊંચા ભાવને કારણે આયાત બિલમાં વધરાનો સમાવેશ છે. યુએસ ફેડરલ રિઝર્વે મધ્ય પૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવની અસરો અને આર્થિક ગતિ ધીમી પડવાના સંકેતોનું મૂલ્યાંકન કરીને બુધવારે તેના બેન્ચમાર્ક વ્યાજ દરને ૩.૫ ટકાથી ૩.૭૫ ટકા પર સ્થિર જાહેર કર્યા છે.

મધ્યપૂર્વમાં મિસાઇલોની વરસાદ વધુ તેજ થતો જાય છે અને તેમાં ઇઝરાયલે ઇરાનના અણુ મથકો નજીક અને ગેસ ઇન્સ્ટોલેશનને ડાર્ગેટ બનાવ્યા બાદ ઇરાને અખાતી દેશોના તમામ ઓઇલ સ્ટોરેજ પર હુમલો કરવાની ચેતવણી ઉચ્ચારી હતી.

ઇરાને અમુક અખાતી દેશ સહિત ઇઝરાયલ પર પણ ભયાનક મિસાઇલ મારો ચલાવ્યો હોવાના અહેવાલ છે. ઇરાને સીઝફાયરની પણ મનાઇ કરી દીધી હોવાથી પરિસ્થિતિ વધુ વણસી છે અને તેની અસર સમગ્ર વિશ્વની ઇકોનોમી પર પડશે. ઇંધણ સાથે હવે અનાજ અને ખાતરની તેમ જ અખાતી દેસોમાં પાણીની પણ અછત સર્જાવાની દહેશત છે.

ભારત માટે પોઝિટીવ ડેવલપમેન્ટમાં હોર્મુઝ સ્ટ્રેઇટથી બે ઓઇલ ટેન્કર્સ અને એલપીજીના અન્ય બે જહાજ, શિવાલિક અને નંદાગીરી સ્ટ્રેઇટ ઓફ હોર્મુઝમાંથી હેમખેમ પસાર થઇ ગયા હોવાથી સેન્ટિમેન્ટમાં સુધારો હતો. ઇરાને ભારતના જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાં પસાર થવાની પરવાનગી આપ્યા બાદ હવે અમેરિકા અને ઇઝરાયલ સિવાયના તમામ દેશના કન્ટેન્રને પસાર થવાની પરવાનગી જાહેર કરી હોવાથી ક્રૂડ ઓઇલના ભાવના ઝડપી ઉછાળાને થોડી બ્રેક લાગી છે.

જોકે, એ પણ નોંધવું રહ્યું કે ભારતના બાવીસેક જહાજ હજુ ત્યાં અટવાયેલા છે અને ઇરાને હવે ભારતીય જહાજોના સરળ પસાર થવા સામે ભારતે ફેબ્રુઆરીમાં કબજે કરેલા તેના ત્રણ જહાજોને મુક્ત કરવાની માગણી કરી છે.

# કમોસમી વરસાદને કારણે રવી પાકને થયેલા નુકસાનની સમીક્ષા કરવા ચૌહાણનો રાજ્યોને અનુરોધ

નવી દિલ્હી: તાજેતરમાં દેશનાં અમુક રાજ્યોમાં થયેલા કમોસમી વરસાદ અને કરાં પડવાને કારણે ઘઉં સહિતનાં રવી પાક પર થયેલી અસરની આજે કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે સમીક્ષા કરી હતી અને અધિકારીઓને રાજ્ય સરકાર સાથે સંકલન કરવા નિર્દેશ આપ્યો હતો. જેથી નુકસાનનું સચોટ આંકલન થઈ શકે.

આજે કૃષિ પ્રધાન ચૌહાણની અધ્યક્ષતા હેઠળ દેશની કૃષિ સ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે જ્યારે પાક પાકી ગયો હતો અને લણણી માટે તૈયાર હતો ત્યારે ઘણાં રાજ્યોમાં પ્રતિકૂળ હવામાનની માઠી અસર પડી હતી. ઘણાં વિસ્તારોમાં માત્ર વરસાદ જ નહીં, પરંતુ કરાં પણ પડવાને કારણે પાકને નુકસાન થયું હોવાનું પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું. અધિકારીઓને રાજ્ય સરકારો સાથે તાત્કાલિક ધોરણે સંપર્ક સાધીને એવા વિસ્તારો ઓળખી કાઢવા જણાવ્યું હતું કે જ્યાં વધુ પડતાં વરસાદ અને કરાને કારણે પાકને નુકસાન થયું હોય. નોંધનીય બાબત એ છે કે સરકાર સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ મારફતે સહાય આપે છે. ચૌહાણે પાક વીમા યોજનાનું નિરીક્ષણ કરતાં અધિકારીઓને ખાસ કરીને રાજ્યો સાથે સંકલન કરવા સૂચના આપી છે જેથી પાક લણણીનું કાર્ય યોગ્ય રીતે હાથ ધરવામાં આવે અને નુકસાનની ચોક્કસ આકારણી થઈ શકે. જો કોઈ ખેડૂતને નુકસાન થયું હોય તો તે નુકસાનનું સચોટ અને વૈજ્ઞાનિક ઢબે મૂલ્યાંકન કરવું જોઈએ જેથી વીમાનાં દાવાઓની પ્રક્રિયા અસરકારક રીતે થઈ શકે. વધુમાં તેમણે એમ પણ કહ્યું હતું કે હવામાન વિભાગે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની હવામાન પર અસર થવાની ચેતવણી આપી છે અને અધિકારીઓને સતર્ક રહેવા અને ખેડૂતોને સમયસર સલાહ સૂચન આપવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.

# માર્કેટ કેપમાં ₹ ૨.૯૮ લાખ કરોડનો સુધારો

મુંબઇ: શુક્રવારે પીએસયુ બેન્ક અને આઈટી શેર્સ વધ્યા, જ્યારે પ્રાઈવેટ બેન્ક્સ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ શેર્સ ઘટ્યા, માર્કેટ કેપમાં રૂ.૨.૯૮ લાખ કરોડનો સુધારો નોંધાયો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગુરુવારના ૭૪,૨૦૭.૨૪ના બંધથી ૩૨૫.૭૨ પોઈન્ટ્સ અથવા ૦.૪૪ ટકા વધ્યો હતો. સેન્સેક્સ ૭૪,૫૫૯.૩૮ ખૂલી ઊંચામાં ૭૫,૨૮૬.૩૯ સુધી અને નીચામાં ૭૪,૩૮૫.૦૪ સુધી જઈ ૭૪,૫૩૨.૯૬ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી ૨૧ સ્ક્રિપ વધી હતી અને ૯ સ્ક્રિપ ઘટી હતી. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૨૬.૧૩ લાખ કરોડથી રૂ.૨.૯૮ લાખ કરોડ વધીને રૂ.૪૨૯.૧૧ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે બીએસઈ પીએસયુ બેન્ક ૨.૧૯ ટકા, ખોતસ્ડ આઈટી ૨.૧૮ ટકા, આઈટી ૨.૦૮ ટકા, હેલ્થકેર ૧.૪૫ ટકા, મેટલ ૧.૪૧ ટકા, એનર્જી ૧.૦૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૦૨ ટકા પાવર ૦.૯૮ ટકા. જ્યારે રિયલ્ટી ૦.૯૨ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૦.૭૬ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૦.૬૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૫૬ ટકા અને મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ક્વોલિટી ટિલ્ટ ૦.૩૬ ટકા ઘટ્યા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે
રતલામ ડિવિઝન

ટેન્ડર નોટીસ નં.
M247GLRSG7BOGIE252633
તા. ૧૯.૦૩.૨૦૨૬.

કામનું નામ: WAG7 લોકોમોટિવ બોગી ફ્રેમ્સનું રિપેર, ઓવરહોલિંગ. સ્થળ: CWM/દાહોદ પ. રેલવેની ઓફિસ. ૨. કામની અંદાજીત કિંમત: રૂા. ૧,૨૫,૭૬,૯૦૭/-. ૩. બીડ સુરક્ષા: રૂા. ૨,૫૧,૬૦૦/-. ઈ-ટેન્ડર સુપ્રતિ & ખોલવાની તારીખ અને સમય: ઈ-ટેન્ડરની સુપ્રતિ ૦૮.૦૪.૨૦૨૬ના ૧૪.૩૦ ક. સુધી અને ૧૫.૦૦ ક. ઈ-ટેન્ડર ખૂલશે તેજ દિવસે. ૫. ટેન્ડર નોટીસ અને દસ્તાવેજો ઉપલબ્ધ: www.ireps.gov.in/E-Tenders / Works / IR Electrical.

17/1/518

અમને લાઈક કરો facebook.com/WesternRly

# મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની લેવાલી ખપપૂરતી રહેતાં મથકો પર ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૬૭૫થી ૩૭૨૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૪૬થી ૩૯૨૨ આસપાસ રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨ના મથાળે ગુણવત્તાનુસાર ટકેલા રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં અને રૂ. ૩૮૫૦થી ૩૯૧૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ

એક્સ્પ્રેશન ઓફ ઇંટ્રેસ્ટ (EOI)

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), ભાવનગર વિભાગ, પશ્ચિમ રેલવે દ્વારા ઓલ્ડ રાજુલા સિટી રેલવે સ્ટેશન નજીક તથા કૃષ્ણનગર, **ઓલ્ડ સ્ટેશન યાર્ડ, સંસ્કાર મંડળ ચોક, ભાવનગર સિટી ખાતે ઉપલબ્ધ જમીન પર પ્રીમિયમ બ્રાન્ડ આઉટલેટ, કેફેટેરિયા, ગેમિંગ ઝોન, વેરહાઉસ, મિની મોલ, CNG પંપ, પાર્કિંગ, બેન્ક્વેટ હોલ (પાર્ટી પ્લોટ) વગેરે જેવી વ્યાપારી સુવિધાઓના વિકાસ અને સંચાલન માટે એક્સ્પ્રેશન ઓફ ઇંટ્રેસ્ટ (EOI) આમંત્રિત કરવામાં આવે છે. આ સ્થળોએ અનુક્રમે કુલ 50,131.48 ચો.મી. અને 78,961.00 ચો.મી. જેટલી ખુલ્લી જમીન ઉપલબ્ધ છે.** પશ્ચિમ રેલવેની વેબસાઇટ પર એક્સ્પ્રેશન ઓફ ઇંટ્રેસ્ટ માટેની સૂચના (EOI) પ્રકાશિત કરવામાં આવી છે, જેની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| EOI નં. | CA11-EA-MFC (723683), MFC સંસ્કાર મંડળ, ભાવનગર |
| EOI અપલોડ કરવાની તારીખ: | 20.03.2026 |
| પ્રસ્તાવ રજૂ કરવાની છેલ્લી તારીખ અને સમય: | 06.04.2026 ના રોજ 15:30 કલાક સુધી |
| EOI દસ્તાવેજ ઉપલબ્ધ સ્થળ: | પશ્ચિમ રેલવેની વેબસાઇટ: https://wr.indianrailways.gov.in |

BVP 310

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

બાર્ગેઈન હંટિંગને ટેકે વૈશ્વિક સોનું બે મહિનાના તળિયેથી પાછું ફર્યું

# વૈશ્વિક ચાંદીમાં ₹ ૨૪૯૧નું બાઉન્સબૅક, સોનામાં ₹ ૬૭૧ની પીછેહઠ

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે તંગ નાણાનીતિ યથાવત્ રાખતાં ગઈકાલે વિશ્વ બજારમાં સોનાના ભાવ લગભગ બે મહિનાની નીચી સપાટી સુધી ગબડી ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે નીચા મથાળેથી બાર્ગેઈન હંટિંગ નીકળતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જ્યારે ચાંદીમાં ઘટાડો આગળ ધપ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, પરંતુ વિશ્વ બજારથી વિપરીત ચાંદીના ભાવમાં ઘટચા મથાળેથી કિલોદીઠ રૂ. ૨૪૯૧નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૬૯થી ૬૭૧નો ઘટાડો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં ઘટચા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૪૯૧ના બાઉન્સબૅક સાથે રૂ. ૨,૩૨,૩૬૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી છૂટીછવાઈ રહી હતી. વધુમાં આજે હાજરમાં સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૬૬૯ ઘટીને રૂ. ૧,૪૬,૬૨૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૭૧ ઘટીને રૂ. ૧,૪૭,૨૧૮ના મથાળે રહ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર સોનામાં નીચા મથાળેથી રોકાણકારોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકોની માગ શુષ્ક રહી હોવાના અહેવાલ હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૬૭૪.૮૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સાથે જ સાપ્તાહિક ધોરણે સતત ત્રીજા સપ્તાહમાં સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે અને આ સપ્તાહમાં અત્યાર સુધીમાં અંદાજે છ ટકા ભાવ ઘટી આવ્યા છે. વધુમાં આજે એપ્રિલ ડિલિવરી વાયદામાં સોનાના ભાવ ૧.૫૦ ટકા વધીને ૪૬૭૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૭૨.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

આજે નીચા મથાળેથી રોકાણકારોની સોનામાં લેવાલી જોવા મળી છે, પરંતુ નજીકના સમયગાળામાં ખાસ કરીને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે સોનાના ભાવમાં ચંચળતાનું વલણ જોવા મળે તેવી શક્યતા યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતા ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ભાવમાં વધારાથી ફુગાવો વધતાં વૈશ્વિક મુખ્ય કેન્દ્રવર્તી બૅન્કો તંગ નાણાનીતિ લાંબા સમય સુધી જાળવી રાખે તેમ હોવાથી આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં છ ટકા જેટલો અને અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર સંયુક્તપણે હુમલો કર્યો ત્યારથી અર્થાત્ ગત ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં શોનાના ભાવમાં ૧૦ ટકા જેટલો ઘટાડો નોંધાઈ ગયો છે.

એકંદરે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં હવે બન્ને દેશો રિફાઈનરીઓને લક્ષ્યાંક બનાવી રહ્યા હોવાથી વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉકળી રહ્યા છે અને તેને કારણે ફુગાવો વધી આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ હવે સમગ્ર વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં કાપ નહીં મૂકે એવી શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો જોઈ રહ્યા છે. ક્વૉન્ટિટેટિવ કૉમોડિટી રિસર્ચનાં વિશ્લેષક પીટર ફર્ટિગે જણાવ્યું હતું કે મધ્યપૂર્વની ચિંતાને ધ્યાનમાં લેતાં હાલના તબક્કે સોનાના ભાવ ઔંસદીઠ ૪૫૦૦ ડૉલર સુધી ઘટી શકે છે, પરંતુ જો યુદ્ધ લંબાઈ જવાનો ભય સપાટી પર આવે તો ભાવ ૫૦૦૦ ડૉલર સુધી પણ પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વૃક્ષ પ્રાધિકરણ
- પબ્લિક નોટીસ -

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધારિત)ની કલમ ૮ (૩) (C) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન -Iમાં 'A' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ, ઝોન -IIમાં 'F/સાઉથ' વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ, 'G/સાઉથ' વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ, 'G/નોર્થ' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ કુલ ૦૬ પ્રસ્તાવ વૃક્ષોને હટાવવા માટે મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરિટી દ્વારા મંજુરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ - www.mcgm.gov.in. - About us ward / Department - Department Manuals - Gardens & Tree Authority - 1091 (F/South ward), 1092 (F/South ward), 1093 (G/South), 1094 (G/South), 1095 (G/North ward), 1096 (A ward) ઉપર ઉપલબ્ધ છે.

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરિટી
પેન્ગવીન બિલ્ડીંગ, ૨જો માળ,
વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન
ડૉ. આંબેડકર રોડ, ભાયખલા (પૂ),
મુંબઈ- ૪૦૦૦૨૭.
ટેલિ નં. - ૨૩૭૪૨૧૬૨
ઈ-મેલ - sg.gardens@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર

PRO/3359/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# આયાતી તેલમાં વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયન બજાર રમઝાન ઈદ નિમિત્તે બંધ રહી હતી, પરંતુ ગઈકાલે બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૪ રિંગિટ વધી આવ્યા હતા, પરંતુ ગઈકાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજાર ગૂડી પડવા નિમિત્તે બંધ રહી હોવાથી તેની બજાર પર ખાસ અસર નહોતી જોવા મળી હતી, પરંતુ આજે આયાતી તેલમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૬૦, સન રિફાઈન્ડમાં રૂ. ૩૦ અને આરબીડી પામોલિનમાં રૂ. ૧૫ વધી આવ્યા હતા. આ સિવાય મથકો પાછળ દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૪૫ અને રૂ. ૪૦ વધી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે જી-વનના સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૫૭૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦થી ૧૪૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૫, ઈમામીના આરબીડી પામોલિનના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૪૪૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૫૧૧, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૭૨૫, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦ અને માર્ચ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા.

વધુમાં આજે ગુજરાતના ગોંડલ મથકે મગફળીની ૨૫૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦તી ૧૫૦૦માં અને રાજકોટ મથકે ૨૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૮૦માં થયા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૫૦માં લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૩૫માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, સિંગતેલના રૂ. ૧૭૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સરસવના રૂ. ૧૪૮૦ના મથાળે રહ્યા હતા.

# કોપર અને ટીન સહિતની ધાતુઓમાં ગાબડાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલા ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડતેલના ભાવમાં આગઝરતી તેજી આવતાં ફુગાવો વધવાથી વૈશ્વિક અર્થતંત્રો પર માઠી અસર પડવાની ભીતિ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને ઘટતી બજારે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં વિવિધ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૪૮ સુધીનો ઘટાડો આવ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સ્થાનિક બજાર ગૂડી પડવા નિમિત્તિ બંધ રહી હતી. આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી તેમ જ ઘટતી બજારના માહોલમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૩ ઘટીને રૂ. ૪૪૩૧, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૪૮ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૨૦ અને રૂ. ૧૧૧૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૪૫ ઘટીને રૂ. ૧૧૧૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૩૭ ઘટીને રૂ. ૧૦૨૩, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૩ ઘટીને રૂ. ૧૨૧૪, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૭૯૫ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૭૧૫ના મથાળે રહ્યા હતા.

# યુરિયા એકમો માટે હાજર લિલામ મારફતે અતિરિક્ત ગૅસ પુરવઠો સલામત કર્યો, ઉત્પાદનમાં વધારો

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ઈંધણની પુરવઠા ખેંચ સર્જાવાને કારણે ક્ષમતા કરતાં ઓછું ઉત્પાદન કરી રહેલી ફર્ટિલાઈઝર એકમો માટે કુદરતી ગૅસનો અતિરિક્ત પુરવઠો અંકે કર્યો છે. સરકારે ફર્ટિલાઈઝર એકમોમાં ઉત્પાદન વધારવા કુદરતી ગૅસનો અતિરિક્ત પુરવઠો પ્રાપ્ત કર્યો છે. ફર્ટિલાઈઝર એકમોને પૂર્ણ ઉત્પાદન ક્ષમતાથી એકમો ચલાવવા માટે દૈનિક ધોરણે ૫.૨ કરોડ મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર કુદરતી ગૅસની આવશ્યકતા હોય છે, પરંતુ તેઓને તેની આવશ્યકતા પૈકી માત્ર ૬૨ ટકા એટલે કે પ્રતિદિન ૩.૨ કરોડ મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટરનો જ પુરવઠો ઉપલબ્ધ થતો હોવાથી યુરિયાના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ફર્ટિલાઈઝર એકમોની આ સમસ્યાના ઉકેલ માટે હાજર ધોરણે લિલામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એકમોએ સામૂહિક ધોરણે ૮૫.૬ લાખ મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર અતિરિક્ત કુદરતી ગૅસ મેળવ્યો હતો. તેમ જ ૭૩.૧૦ લાખ મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટરની બીડ સિક્યોર્ડ થઈ હતી જેની ડિલિવરી ૧૯થી ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી કરવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિભાગ | ડાયરેક્ટર (ઝૂ)ની ઓફિસ, V.J.B.B. ઉદ્યાન-ઝૂ, ભાયખલા (પૂર્વ) |
| બીડ નં. | ૨૦૨૬_MCGM_૧૨૮૮૭૯૭_૧ |
| વિષય | V.J.B.B. ઉદ્યાન & ઝૂ, ભાયખલા (પૂર્વ) ખાતે પ્રાણીઓ માટે ગ્રીન ગ્રાસ તથા Lucerne ગ્રાસની સપ્લાય. |
| તમામ ઈ-ટેન્ડરોની સ્ક્રુટીની ફી (ઓનલાઈન) | રૂ. ૭૨૬૦/- + ૧૩૦૬.૮૦/- (૧૮% GST) = ₹ ૮૫૬૭/- |
| ઈ-ટેન્ડરની સુપ્રતિની તા. અને સમય | ૨૧/૦૩/૨૬ના સ. ૧૧ થી ૨૭/૦૩/૨૬ના બ. ૧૨ ક. સુધી |
| પૅકેટ એ, બી, સી (ઓનલાઈન) ની સુપ્રતિ, ઈ-ટેન્ડરની છેલ્લી તારીખ અને સમય | ૨૭-૦૩-૨૦૨૬ બ. ૩.૦૦ ક. થી |
| ઈ-ટેન્ડર માટે A & Bની ફોલ્ડર ખૂલવાની તા. | ૨૮-૦૩-૨૦૨૬ના સાંજે ૪.૦૦ ક.થી |
| ઈ-ટેન્ડરો માટે બાના રકમ ડીપોઝીટ | રૂા. ૮૯૫૦૦/- (ઓનલાઈન) ૨૧/૦૩/૨૬ના સ. ૧૧ ક.થી ૨૭/૦૩/૨૬ના બ. ૧૨ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક | ડૉ. કોમલ વી. રાઉલ, ડે. સુપ્રિ.(વેટ) ઝૂ, મો. નં. ૯૮૬૭૧૧૭૪૧૧/૦૨૨-૨૩૭૭૨૪૧૪/ dysupzoo@mcgm.gov.in |
| | BMC મ્યુનિ. કમિશનરના હુકમો મુજબ |
| | ઈ-ટેન્ડરીંગ માટે ઉપરોક્ત દર્શાવેલ વેબસાઈટ પર ધ્યાનપૂર્વક ટેન્ડર નોટિસ વાંચો. |

સહી/-
ડે. ડાયરેક્ટર (ઝૂ)

PRO/3360/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

